Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૭૮
તા.૨૪-૦૪-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ વૈશાખ સુદ - ૦૯
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૫ સૂર્યાસ્ત : ૦૭:૦૩

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૦.૦ | વડોદરા | ૩૯.૪ |
| અમદાવાદ | ૩૯.૩ | સુરત | ૩૯.૦ |
| ગાંધીનગર | ૩૯.૦ | નલિયા | ૪૦.૦ |

ચાંદી : ૪૦,૫૦૦ સોનું : ૩૦,૩૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# મોદી સરકારના સોશિયલ સિક્યુરિટી પ્લાનને બહાલી

**૫૦ કરોડ વર્કરોને લાભ : ત્રણ તબક્કામાં યોજના લાગૂ થશે : કરોડો લોકોને રિટાયરમેન્ટ, હેલ્થ, ઓલ્ડ એજ, ડિસેબિલિટી, અનએમ્પ્લોયમેન્ટ અને મેટરનિટી સહિતના લાભ અપાશે**

નવી દિલ્હી

વર્ષ ૨૦૧૯માં યોજાનાર સામાન્ય ચૂંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર એક મહાકાય અને મહત્વકાંક્ષી લોકલક્ષી યોજના લાગુ કરવાની તૈયારીમાં છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સામાન્ય ચૂંટણી પહેલા યુનિવર્સલ સોશિયલ સિક્યોરિટી સ્કીમને લાગુ કરવામાં આવનાર છે. જેના કારણે ૫૦ કરોડથી વધારે લોકોને સીધી રીતે ફાયદો થશે. વડાપ્રધાનની કચેરીએ ૫૦ કરોડથી વધારે વર્કરો માટે યુનિવર્સલ સિક્યોરિટી સાથે જોડાયેલા શ્રમ મંત્રાલયના પ્રસ્તાવને મંજુરી આપી દીધી છે. તેની હદમાં કૃષિ ક્ષેત્રમાં કામ કરનાર વર્કરો પણ આવી જશે. મંત્રાલય દ્વારા આગામી ચૂંટણી પહેલા આને લાગુ કરવાની યોજનમા ધરાવે છે. આ સ્કીમ હેઠળ પેન્શન ( ડેથ અને ડિસિબિલિટી બન્ને) અને મેટરનિટી કવરેજની સાથે સાથે ઓપ્શનલ મેડિકલ, બિમારી અને બેરોજગારી કવરેજ પણ આપવામાં આવનાર છે. નાણાં અને શ્રમ મંત્રાલય આ યોજનાની વિગતો પર કામ કરનાર છે. દેશના કુલ વર્કફોર્સના નીચલા ૪૦ ટકા હિસ્સા માટે આ સ્કીમને સંપૂર્ણપણે અમલી કરવા માટે આશરે બે લાખ કરોડ રૂપિયાની જરૂર પડશે. વર્કફોર્સના અનુસંધાન પાના નં.૬

## ૨૨ કારણો આપી વિપક્ષના મહાભિયોગ પ્રસ્તાવને ફગાવાયો

નવીદિલ્હી

રાજ્યસભાના ચેરમેન વેંકૈયા નાયડુએ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (સીજેઆઈ) દિપક મિશ્રાને દૂર કરવા માટેની કોંગ્રેસના નેતૃત્વમાં વિરોધ પક્ષોની નોટિસને આજે ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, આમાં કોઇપણ પ્રકારની મેરિટ દેખાઈ રહી નથી. રાજ્ય સભાના અધ્યક્ષ વેંકૈયા નાયડુએ ૨૨ કારણો આપીને વિપક્ષની દરખાસ્તને ફગાવી દીધી હતી. વિપક્ષના મહાભિયોગ પ્રસ્તાવને ફગાવી દેતા કોંગ્રેસ પાર્ટીમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. ઉપરાષ્ટ્રપતિએ પોતાના ૧૦ પાનાના આદેશમાં વિપક્ષના તમામ આરોપોને નિરાધાર ગણાવીને ૨૨ કારણ આપીને વિપક્ષના પ્રસ્તાવને ફગાવી દેવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, તેઓ ચીફ જસ્ટિસની સામે મહાભિયોગની મંજુરી આપી શકે નહીં. વેંકૈયા નાયડુએ પોતાના આદેશમાં અનેક રજૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું કે, આ નોટિસ ઉપર ૬૪ સભ્યોના હસ્તાક્ષર છે. આના માટે જજ ઈન્કવાયરી એક્ટની કલમ ૩(૧) હેઠળ વિચારણા કરવાની જરૂર હતી. અત્રે નોંધનીય છે કે, આ એક્ટ હેઠળ જજ પર મુકવામાં આવેલા કોઇપણ પ્રકારના આરોપોની તપાસ કરવામાં આવે છે. વિપક્ષે પુરતી સંખ્યામાં સભ્યોની સાથે મહાભિયોગની નોટિસ રાજ્યસભાના અધ્યક્ષ વેંકૈયા નાયડુને આપી હતી જેથી નાયડુએ આના માટે તમામ સાથે ચર્ચા કરી હતી. આ પ્રસ્તાવ સીધીરીતે ચીફ જસ્ટિસની સામે હતો જેથી આ મામલામાં `તેમની પાસેથી કોઇપણ પ્રકારની કાયદાકીય માહિતી મેળવી શકાય તેમ ન હતી. નાયડુએ ઉમેર્યું હતું કે, તેઓએ આ સંદર્ભમાં અનુસંધાન પાના નં.૬

## પાલનપુર ખાતે સિવિલ હોસ્પિટલનું જાત નિરીક્ષણ કરતી એમ.સી.આઈ.ની ટીમ

**સિવિલ બચાવો સમિતિના ૫ સભ્યોની અટકાયત : અટકાયતીઓનું અન્ન-જળનો ત્યાગ કરવાનું એલાન**


સંજય જોશી

પાલનપુર

પાલનપુર સિવિલ હોસ્પિટલના ખાનગીકરણના વકરેલા વિવાદ વચ્ચે એમ.સી.આઈ.ની ટીમ પાલનપુર સિવિલ ખાતે ઈન્સ્પેક્શન કરવા આવી પહોંચી હતી. ત્યારે પાલનપુર સિવિલના ખાનગીકરણનો વિરોધ કરી રહેલા ૫ લોકોની પોલીસે અટકાયત કરી હતી. દરમિયાન, અટકાયતના વિરોધમાં દિયોદર પોલીસ સ્ટેશને લઈ જવાયેલા લોકોએ અન્ન-જળ નો ત્યાગ કરતા મામલો વધુ ગરમાયો છે. બનાસકાંઠાને મેડિકલ કોલેજની ભેટ આપવાની આડમાં પાલનપુર સિવિલ હોસ્પિટલનું ખાનગીકરણ કરવાનો વિવાદ વકરી રહ્યો છે. ત્યારે આજે એમ.સી. આઇ.ની ટીમ પાલનપુર સિવિલ ખાતે આવી પહોંચી હતી. જોકે, એમ.સી.આઈ. ટીમના આગમન ટાણે સિવિલ બચાવો સમિતિના સંભવિત વિરોધને પગલે સિવિલ કેમ્પસ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું.

સિવિલ બચાવો સમિતિએ ખાનગી ટ્રસ્ટની પોલ ખોલવા રજુઆત કરવાનો આગ્રહ કરતા પોલીસે તેઓને અટકાવ્યા હતા. દરમિયાન, એમ.સી.આઈ. ની ટીમ સમક્ષ રજુઆત કરવાના નિર્ધાર સાથે સિવિલમાં ધરણાં પર બેસી ગયેલા સિવિલ બચાવો સમિતિના ૫ જેટલા સભ્યોની પોલીસે અટકાયત કરતા વાતાવરણમાં ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. પાલનપુર સિવિલના ખાનગીકરણ નો વિરોધ કરવા આવી પહોંચેલા સિવિલ બચાવો સમિતિ અને આમ આદમી પાર્ટીના નેતાઓની પોલીસે અટકાયત કરી હતી. અને તેમને પાલનપુર હેડક્વાર્ટર બાદ જુદા જુદા સ્થળે ફેરવી અને દિયોદર પોલીસ મથકે લઇ જવાયા હતા. અટકાયત કરાયેલા આમ આદમી પાર્ટીના ભેમાભાઈ ચૌધરી, રમેશભાઈ નાભાણી, સતીશ વણસોલા રમીલાબેન ઠાકોર અને સર્ફરાજ સિંધીએ અન્ન-જળનો ત્યાગ કરવાનું એલાન કરતા મામલો વધુ ગરમાયો છે.

## તંત્રી સ્થાનેથી.....

**બનાસકાંઠાની પ્રજા માટે મેડીકલ કોલેજના**

### વિરોધનો નહિ...સહકારનો સમય...!

આપણે સૌ સારી રીતે જ્ઞાત જ છીએ કે કહેવાતા વિકસિત વિસ્તારોના લોકો હમણાં સુધી આપણા બનાસકાંઠા જિલ્લાની શૈક્ષણિક અને ઔદ્યોગિક પછાત જિલ્લા તરીકે મજાક ઉડાવતા હતા. જોકે નવી પેઢીની શિક્ષણ પ્રત્યેની ધગશ, સરકારના હકારાત્મક અભિગમ સાથેના સહકાર તેમજ રાજકીય નેતાગીરીની સક્રીયતાના ત્રિવેણી સંગમે બનાસકાંઠાના પછાતપણાના કલંકને ધોવામાં સફળતા મેળવી છે.જોકે હજુય આ જિલ્લામાં ઘણું બધું ખૂટે છે અને બનાસવાસીઓની વિકાસભૂખ પૂર્ણપણે સંતોષાઈ નથી જ એ પણ કડવી હકીકત છે.બનાસકાંઠાના ખૂણે ખૂણે છેલ્લા એક દસકાથી વિકાસભૂખ ઉઘડી હોવાની પ્રત્યક્ષ પ્રતીતિ થઈ રહી છે અને વિકાસલક્ષી કામો માટે જનસમુદાય દ્વારા રજૂઆતોનો વધતો દૌર પ્રજાકીય જાગૃતિનો પડઘો પાડી રહ્યો છે એમ કહેવામાં પણ કોઈ અતિશયોક્તિ નથી. જોકે અમે આજે અમારો અખબારી ધર્મ નિભાવી બનાસકાંઠા જિલ્લાના વ્યાપક હિતમાં જિલ્લાના બુદ્ધિજીવીઓ સમક્ષ એક નાનકડી વાત મુકવાનું મુનાસીબ માનીએ છીએ.

એક સમય હતો જ્યારે આપણા જિલ્લાના અંતરિયાળ ગામોના રહીશો વૈદ્યકીય સારવારની વ્યવસ્થાના અભાવે દેશી ઉપચારો થકી વ્યાધિમુક્ત થવાની મથામણ કરતા હતા અને ગંભીર બીમારીના કેસોમાં સારવાર માટે દર્દીઓને લઈ મહેસાણા કે અમદાવાદ સુધી દોડવું પડતું હતું.જોકે છેલ્લા એક દશકાથી બનાસકાંઠામાં સરકારી આરોગ્યધામોની સવલતમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થઈ રહી છે અને જિલ્લાની ખાનગી હોસ્પિટલોમાં તો મુંબઈ સ્તરની તબીબી સારવારની સેવા ઉપલબ્ધ બની છે.જોકે બનાસકાંઠામાં ગરીબીનો રેસીઓ હજુય યથાવત હોઈ ઘણા પરિવારો આજે પણ ખાનગી તબીબી સારવાર મેળવવા સક્ષમ નથી.આવી સ્થિતિમાં જરૂરીયાતમંદ પરિવારો માટે સરકારી આરોગ્યધામો જ 'સંજીવની' પુરવાર થાય તે સ્વાભાવિક છે.

આ તબક્કે કોઈની તરફદારી કે વિરોધ કરવાનો અમારો કોઈ ઈરાદો નથી પરંતુ બનાસવાસીઓના વર્તમાન જીવનધોરણ તેમજ આર્થિક સંકડામણને ધ્યાને લેતા એક વાત સ્પષ્ટ રીતે ઉપસી આવે છે કે, બનાસકાંઠાની રૈયત માટે સરકારી આરોગ્ય સેવાની મજબૂતીની નિતાંત આવશ્યકતા હતી... છે.... અને રહેશે જ..! આવી સ્થિતિમાં બનાસકાંઠા જિલ્લાને ઈતિહાસમાં પ્રથમ વાર મેડિકલ કોલેજની ભેટ મળવાનો ઉજળો આશાવાદ સર્જાયો છે ત્યારે આપણા વિરોધથી જો આ સપનું રોળાઈ જાય તો એ બાબત આપણી જ નવી પેઢી માટે સૌથી મોટો અન્યાય બની રહેશે....!

સૂચિત મેડિકલ કોલેજ માટે પાલનપુરની સિવિલ હોસ્પિટલનું સંચાલન અમુક વર્ષ પૂરતું કોઈ સંસ્થાને સોંપાય અને આ હોસ્પિટલ તબીબી સારવાર ઉપરાંત મેડિકલ કોલેજ માટે પણ ઉપયોગી બની શકે તો એમાં ખોટું પણ શું છે....?

હાલ પાલનપુરની સિવિલ હોસ્પિટલના કથિત ખાનગીકરણના મામલાને ખૂબ ચગાવાઈ રહ્યો છે...લોકશાહીમાં સૌને વિરોધ કરવાનો પૂરો હકક પણ છે પરંતુ તાજેતરમાં પાલનપુર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં આ મામલે કરાયેલી સ્પષ્ટતાઓમાં સૂચિત મેડિકલ કોલેજના ઉપયોગ માટે સિવિલ હોસ્પિટલની હયાત સુવિધાઓમાં ઉમેરણ કરવા ઉપરાંત અમુક વર્ષ બાદ સિવિલનું સંચાલન ફરી રાજ્ય સરકાર હસ્તક કરવાની સ્પષ્ટતા જોતા આ સોદો કોઈ રીતે બનાસકાંઠા માટે નુકસાનકારક પુરવાર થાય તેવું હાલના તબક્કે તો લાગતું નથી.વળી, આજે પાલનપુર સિવિલ હોસ્પિટલના પ્રત્યક્ષ નિરીક્ષણ માટે આવેલી મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (M.C.I.)ની તપાસ ટિમ પણ બનાસકાંઠા જેવા સરહદી અને અલ્પવિકસીત જિલ્લાને મેડિકલ કોલેજની ભેટ આપવા માટે એકદમ હકારાત્મક અભિગમ ધરાવતી હોવાના અહેવાલો મળી રહ્યા છે.આવી સ્થિતિમાં ભવિષ્યનો વિચાર કર્યા વગર આપણો કોઈ પણ જાતનો આંધળો વિરોધ એમ.સી.આઈ.ની ટીમને પોતાનો મનસુબો બદલવા મજબુર કરે અને બનાસકાંઠાનું મેડિકલ કોલેજનું વર્ષોજુનું સપનું રોળાઈ જાય તો આપણને આપણી જ ભાવિ પેઢી ક્યારેય માફ નહિ કરે...!

છેલ્લે...બનાસકાંઠાના જ ઘણા પરિવારો મેધાવી પ્રતિભા ધરાવતા તેમના સંતાનોને તબીબ બનાવવા ઉત્સુક છે પરંતુ વાડ જ નહીં હોય તો વેલો ક્યાં ચઢશે....? બનાસકાંઠાના પરિવારો તેમના સંતાનોને મેડિકલ લાઈનમાં આગળ વધારવા માટે બહારની કોલેજોના પગથિયાં ના ઘસે તેવું ઈચ્છતા કોઈ પણ બુદ્ધિજીવીઓ મેડિકલ કોલેજના વિરોધમાં સુર પુરાવવાના બદલે આ ભગીરથ કાર્યને સાકાર રૂપ આપવામાં સહયોગી બને એ જ સમયનો તકાજો છે.બનાસકાંઠાના ઉજ્જવળ ભાવિ માટે પણ આપણે સૌએ મેડિકલ કોલેજના સપનાને મૂર્ત રૂપ આપવામાં સહયોગી બનવું જ રહ્યું....!!!

- તરૂણ શેઠ
તંત્રી, રખેવાળ દૈનિક

## ડીસા નગરપાલિકા દ્વારા જિલ્લાની પ્રથમ ટાઉન પ્લાનીંગ સ્કીમ જાહેર

**૭૫૦ વિઘા જમીનમાં લાગુ થનાર ટી.પી.સ્કીમનો નકશો જાહેર કરાયો**

**ખેડૂતોને એક મહિના સુધી વાંધા અરજીઓ રજૂ કરવાની તક**




ભરત સુંદેશા

ડીસા

ડીસા શહેર નો વિકાસ અને વિસ્તાર સતત વધતા ડીસા નગરપાલિકા દ્વારા નવા વિકસતા વિસ્તારોમાં લોકોની તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે નગર રચના ટી.પી.સ્કીમ નં. ૧ જાહેર કરાઈ છે જે અંતર્ગત રાજપુરની ૭૫૦ વિઘા જમીનમાં ટીપી સ્કીમ નંબર ૧નો નકશો સોમવારે જાહેર કરાયો હતો. જેમાં ખેડૂતો એક મહિના સુધી વાંધા અરજીઓ રજૂ કરવાની તક અપાઇ છે. ડીસાની ટી.પી.સ્કીમ ૧ બનાસકાંઠા જિલ્લાની ટી.પી.સ્કીમ છે એમ પ્રમુખે જણાવ્યું હતું.

ડીસા નગરપાલિકાનો અમૃતમ યોજના અંતર્ગત સ્માર્ટ સીટીમાં સમાવેશ થયા બાદ શહેરનો વિકાસ સતત વધતો રહ્યો છે. ત્યારે નવા વિકસિત વિસ્તારોમાં લોકોને રસ્તા, પાર્કિંગ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે ડીસા નગરપાલિકા દ્વારા ટી.પી. સ્કીમ લાગુ કરાઈ છે જે અંતર્ગત પાલનપુર હાઈવે પર ટાફે શૉ રૂમની સામેથી અજાપૂરા અને ગણેશપુરા ગામની સીમ સુધીની ૭૫૦ વિઘા જમીનમાં ટીપી સ્કીમ નંબર ૧ લાગુ કરવાનો અનુસંધાન પાના નં.૬

## ડીસા સહિત જિલ્લાના તાપમાનમાં થતી વધ - ઘટના કારણે જનજીવન પ્રભાવિત

**એક દિવસમાં ત્રણ ડિગ્રી તાપમાનમાં વધારો**

પ્રતિ. વડાવળ

ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનમાં સતત વધ - ઘટ જોવા મળી રહી છે. વાદળછાયું વાતાવરણ તો ક્યારેક સ્વચ્છ વાતાવરણ વચ્ચે રોજે રોજ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીની વધઘટ જોવા મળી રહી છે. એક જ દિવસમાં ત્રણ ડિગ્રી જેટલું તાપમાન વધતા જનજીવન પર માઠી અસર જોવા મળી રહી છે. સાથે દિવસ રાત્રીના તાપમાનમાં પણ ફેરફાર થઈ રહ્યો છે. જેથી દિવસે ગરમીનું વાતાવરણ તો રાત્રે ઠંડક પ્રસરી રહી છે. જેમાં છેલ્લા બે ત્રણ દિવસથી પવનની દિશા બદલાતા રાત્રીના સમયે ઝાકળ (ઠાર) પડતો જોવા મળી રહ્યો છે.

અનુસંધાન પાના નં.૬

**પોલીસની નાકાબંધી દરમિયાન અમીરગઢ નજીકથી આરોપીઓ ઝડપાયા**

## આગથળા ગામની અપહૃત મહિલાનો ગણત્રીના કલાકોમાં જ છુટકારો : ચાર આરોપીઓ ઝબ્બે

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના આગથળા ગામેથી અપહ્યત પાવીબેન શિવાજી ચૌહાણ (ઠાકોર)ને કેટલાક ઈસમો ફોર્ડ ફીગો ગાડીમાં અપહરણ કરીને લઈ ગયેલ છે તેવી આગથળાના પો.સ.ઈ. વી.જે. પ્રજાપતિએ પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજરને જાણ કરતા પોલીસ અધિક્ષકની સુચના અને માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. એસ.ઓ.જી. અમીરગઢ અને આગથળા પોલીસે અલગ અલગ ટીમો બનાવી નાકાબંધી કરી અને વાહન ચેકીંગ હાથ ધર્યુ હતું. એલ.સી.બી. તેમજ અમીરગઢ પોલીસની ટીમે રાજસ્થાન બોર્ડર પર વાહન ચકાસણી હાથ ધરી અપહ્યત મહિલાને મુક્ત કરાવી ચાર આરોપીઓને સવાનીયા, તા.અમીરગઢ ખાતેથી ગણતરીના કલાકોમાં પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.

આ કામગીરીમાં એલ.સી.બી.ના ઈન્ચાર્જ પો.ઈન્સ. જે.એચ.સિંધવ, પો.સ.ઈ. એન.એન.પમાર, પો.સ.ઈ. એમ.આર. મોહનીયા, એલ.સી.બી. સ્ટાફના નરેશભાઈ, દિગ્વિજયસિંહ, જયપાલસિહ, કુલદીપસિંહ, કમલેશભાઈ તથા એસ.ઓ.જી.ના પો.ઈન્સ. એસ.એ.ડાભી, તથા એસ.ઓ.જી. સ્ટાફના સાયબાભાઈ, કાંતિભાઈ, કલ્યાણસિંહ, વનરાજસિંહ, અનુસંધાન પાના નં.૬

**પકડાયેલ આરોપીઓ**

ભોળાભાઈ મશાજી સોલંકી રહે.આગથળા, તા.લાખણી, જિ.બનાસકાંઠા, મુકેશ બાબુજી ઠાકોર, રહે.ધુણસોલ, તા.લાખણી, જિ.બનાસકાંઠા, અશોક પોપટજી વાલ્મીકી રહે.ડીસા, જિ.બનાસકાંઠા, સુભાષ રમેશભાઈ ઠાકોર, રહે.રબારી ટેકરા, ડીસા, જિ.બનાસકાંઠા

## ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ.મોતીભાઈ લાલાભાઈ રબારી**
સ્વ.તા.૦૨/૦૪/૨૦૧૮
ચેરમેન, ધી રબારીવાસ (રાણપુર આથમણાવાસ) દૂધ ઉ.મંડળી લિ.

જીંદગી જીવવાનો અહેસાસ બતાવી ગયા તમે,
હજારો અરમાન દિલના તોડી ગયા તમે,
કેટલી સુંદર હતી જીંદગી તમારી સાથેની અમને અધવચ્ચે છોડી ગયા તમે,
હજુ દિલ તમારા નામથી જ ધડકે છે તમારા વિના અધુરા કેમ કરી ગયા અમને,
પ્રભુ આપના દિવ્ય પરમ આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

શોકાતુર

હિતેષભાઈ મોતીભાઈ રબારી - ચેરમેન
વીરમાભાઈ રત્નાભાઈ રબારી - વાઈસ ચેરમેન
કેવાભાઈ રગાભાઈ રબારી - કમીટી સભ્ય
ડાયાભાઈ માધાભાઈ રબારી - કમીટી સભ્ય
કશનાભાઈ રાણાભાઈ રબારી - કમીટી સભ્ય
જુંજાભાઈ ભુરાભાઈ રબારી - કમીટી સભ્ય
ચતરાજી કલાજી માળી - કમીટી સભ્ય
ફૂલાજી પ્રભુજી માળી - કમીટી સભ્ય
ભાવનાબેન રમેશભાઈ રબારી - કમીટી સભ્ય
મફીબેન બાળકાભાઈ રબારી - કમીટી સભ્ય
ઢેફીબેન ચાંપાભાઈ રબારી - કમીટી સભ્ય
બેચરભાઈ જગમાલભાઈ રબારી - મંત્રી
નારણભાઈ ભગવાનભાઈ રબારી - ટેસ્ટર
મશરૂભાઈ વાંકાભાઈ રબારી - ટેસ્ટર

તથા
ધી રબારીવાસ (રાણપુર આથમણાવાસ) દૂધ ઉત્પાદક મંડળી લિ.
તમામ સભ્યોશ્રીઓ

# રામપાવન ભૂમિના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાય એવો શાનદાર દીક્ષા મહોત્સવ



સુરત

સીવીલ એન્જિનીયર થયેલા કોટયાધિપતિ પિતા માતાના તેજસ્વી પુત્ર પાર્થકુમાર તથા મુંબઈના એમ.બી એ થયેલા નવ યુવાન તેજસ્વી મુમુક્ષ મીત કુમારનો ભવ્યત્તમ દીક્ષા મહોત્સવ જોઈને દેશ વિદેશથી આવેલા હજારો ભાવુકોના હૈયા ગદગદ થઈ ગયા હતા.

જૈન શાસનના અજોડ પ્રભાવક પુરૂષ પૂજ્ય ગુરૂદેવશ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજાના પુણ્યવંત સામ્રાજયમાં જીવન અર્પણ કરનારા તથા સુવિશુધ્ધ સંયમમૂર્તિ પૂજ્ય ગુરૂદેવશ્રી પ પ્રાયશ સૂરીશ્વરજી મહારાજા તથ પ્રભાવક વિદ્દૂર્ય પૂજ્ય ગુરૂદેવશ્રી આજિતયશ સૂરિ મહારાજાના મહામહિમ ચરણોમાં જીવન સર્વસ્વ સમર્પણ કરનારા બન્ને મુમુક્ષઓને ભેદતે આંખ અને અંતર છલકાવ ગયા હતા.

રામ પાવન ભૂમિમાં દીક્ષા સાંનિધ્યદાતા શતાધિક શ્રમણ શ્રમણી ભગવંતો હતા. બન્ને ગુરૂદેવો તો સુરતથી વિહાર કરી નૂતન દિક્ષિતો સાથે પોતાના સમુદાય સાથે વિચરણ કરી નવસારી મુકામે સ્કુલ ઓફ એકસલન્સ સ્કુલના શાનદાર ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત રહી ગુણરત્ન સંવત્સર તપના ભવ્ય પારણોત્સવમાં નિશ્રાપ્રદાન કરશે.

# મોટી ઘરનાળ ગામને જોડતા બંને બિસ્માર રોડનું સમારકામ કરવા માંગ

**ઘરનાળથી ભીલડી કાપરા રોડને જોડતા રોડનું પંદર વર્ષથી વધુ સમયથી સમારકામ બાકી**

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના મોટી ઘરનાળથી ભીલડી કાપરા રોડને જોડતા રસ્તાને બનાવ્યાને પંદર વર્ષથી વધુ સમય થયો છે. જ્યારે ઘરનાળથી હાઈવે ને જોડતા રોડને બન્યાને દશેક વર્ષ જેટલો સમય થયો છે. પરંતુ આ બંને રોડનું સમારકામ બાકી હોવાથી બિસ્માર હાલતમાં ખાડા પડતા આ રોડ પરથી પસાર થવુ રાહદારીઓ માટે જોખમરૂપ બની રહ્યુ છે.

ડીસા તાલુકાના નાની - મોટી ઘરનાળમાં લગભગ ચાર હજારથી વધુ લોકો વસવાટ કરે છે. નાની ઘરનાળ અને મોટી ઘરનાળ ને હાઈવે તથા કાપરા રોડ સાથે જોડતા અને બંને રસ્તાઓ બન્યાને વર્ષો વીતી જવાથી આ રસ્તાઓની સાઈડો તુટી ગયેલ છે તેમજ રસ્તા વચ્ચે ખાડા પડી ગયા છે. ઘરનાળને ભીલડી - કાપરા રોડ સાથે જોડતા રોડને બન્યાને લગભગ વીસેક વર્ષ જેટલો સમય થયો છે જ્યારે હાઈવે સાથે જોડતા રોડને બન્યાને દશેક વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા. છતાં આજદીન સુધી આ બંને રોડનું સંતોષ કારક સમારકામ ન થતા ખાબડ ખુબડ હાલતમાં આ રોડ જોવા મળી રહ્યો છે. જેને લઈને ગ્રામજનોને વાહનો લઈને પસાર થવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અને આ રસ્તો રાહદારીઓ તેમજ વાહન ચાલકો માટે જોખમી પુરવાર થઈ શકે તેમ છે. ઘરનાળથી નેશનલ હાઈવે ને જોડતા રોડનું ડામરકામ છમાસ પહેલા શરૂ કરવામાં આવ્યું હતું પરંતુ રેલ્વે લાઈનથી ગામ બાજુએ રસ્તા પર દબાણો દુર કરીને ટુંકા સમયમાં આ રોડનું ડામરકામ કરવામાં આવશે તેમ જણાવેલ પરંતુ તેને છ માસ જેટલો સમય વીતી ગયો હોવા છતાં સમારકામ શરૂ કરવામાં આવ્યું નથી. રેલ્વે લાઈનથી હાઈવે સુધી થયેલ ડામર રોડ ઉપર કામ સંતોષકારક ન કરાતા આ રોડ ઠેક ઠેકાણેથી તુટી જવા પામેલ અને ઠેર ઠેર ભુવા પડી ગયા છે આ અંગે તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય લઈ આ બંને રોડનું સમારકામ કરવામાં આવે તેવી જનમાંગ ઉઠવા પામી છે.

# બનાસકાંઠાનું પછાતપણું દુર કરવા બનાસ અને બાલારામ નદીને સજીવન કરવી જરૂરી

ડીસા

ગુજરાત સરકારે રાજ્યની ૩૬ નદીઓને ૩૦૦ કરોડના ખર્ચે રિચાર્જ કરવાની જે જાહેરાત કરી છે તે અભિનંદન અને પ્રશંસાને પાત્ર છે. બનાસકાંઠા જિલ્લાનું પછાતપણું દૂર કરવા બનાસ અને બાલારામ નદીને રિચાર્જ કરવાની તાતી જરૂરિયાત છે એમ બનાસકાંઠાના પર્યાવરણ પ્રેમીઓએ એક અખબારી નિવેદનમાં જણાવેલ છે. બનાસકાંઠાના પર્યાવરણ પ્રેમીઓ ડૉ.નવીનકાકા, પ્રિન્સીપાલ છગનભાઈ પટેલ, જાણીતા સાહિત્યકાર કનુભાઈ આચાર્ય, લેખક ભગવાનભાઈ બંધુ, સેવાભાવી ડૉ.સુરેન્દ્ર ગુપ્તા, ચારણી સાહિત્યના અભ્યાસુ તગજીભાાઈ બારોટ સહિત અનેક બનાસ હિતચિંતકોએ નદીઓને રિચાર્જ કરવાની બાબતને સહર્ષ વધાવી બનાસ અને બાલારામ જેવી નદીઓને રિચાર્જ કરી પુનઃ જીવીત કરવાની વાત કરી છે.

બનાસકાંઠાના સંસદ સભ્ય હરિભાઈ ચૌધરી, મંત્રી પરબતભાઈ પટેલ અને તમામ ધારાસભ્યો આ બાબતે એકી અવાજે ગુજરાત સરકારમાં રજૂઆત કરી બનાસ અને બાલારામને રિચાર્જ કરાવવાની રજૂઆત કરી તેનો સત્વરે અમલ કરાવે તેવી લાગણી વ્યક્ત કરી છે.

બનાસકાંઠાના લોકો પાસે ખુમારી, ખુદારી, કર્મઠતા જેવા સદ્ગુણો છે. પણ લોકોને પાણીદાર બનાવવા પાણીની જરૂર છે. બનાસ અને બાલારામ નદીઓ આપણી લોકમાતા છે અને તેમને રિચાર્જ કરી પુનઃ જીવીત કરાય અને થોડા થોડા અંતરે આડબંધ કે ચેકડેમ બનાવી પાણીના સંગ્રહ માટેની વ્યવસ્થા થાય તો પીવાના પાણીની સમસ્યા હલ થાય સાથે સાથે ખેતીવાડીને પણ મોટો ફાયદો થાય તેમ છે. આ નાનકડા વિચારને વિરાટ સ્વરૂપ આપવા બનાસકાંઠાના પ્રકૃતિ પ્રેમીઓએ તાત્કાલિક જાગવાની જરૂર છે અને સોશિયલ મીડીયાના માધ્યમથી પોતપોતાની રીતે બનાસ અને બાલારામ નદીઓના રિચાર્જીંગ માટે સરકાર ઉપર દબાણ લાવવાની તાતી જરૂરિયાત છે.

# કેદારનાથ મહાદેવના ધામે આદિવાસી લોકો હજારો મણ ચૂરમાનો પ્રસાદ ધરાવશે



વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢ ની પાવન ધારાના જયરાજ પર્વત પર બિરાજમાન કેદારનાથ મહાદેવના ચરણોમાં નવા પાકેલા ઘઉંનો પરમ્પરાગત ચુરમું બનાવી ધરાવશે અમીરગઢના જાસોર અભયારણ્યના જયરાજ પર્વત પર બિરાજમાન અતિ પ્રાચીન અને ચમત્કારિક કેદારનાથ મહાદેવનું ભવ્ય અને રમણીય મંદિર આવેલ છે જેમ હજારોની સંખ્યામાં ભક્તો દર્શન કરવા માટે દૂર દૂર થી આવે છે અને ધન્યતા પ્રાપ્ત કરે છે જ્યારે આ આસ્થાના કેન્દ્ર સમાન કેદારનાથના મંદિર માં આજના દિવસે ગુજરાત અને રાજસ્થાનના આદિવાસિયોં નવા પાકેલા ઘઉં પહેલાં મહાદેવના મંદિરમાં આપી તેનું ચુરમું બનાવે છે અને હજારોની સંખ્યામાં આવેલા ભક્તો આ મહાપ્રસાદ લઈ ધન્ય થાય છે. આદિવાસિયોંની પરમ્પરાગત ધરાના છે કે નવા પાકેલા ઘઉં કેદારનાથ મહાદેવને અર્પિત કરવામાં મહાદેવની કૃપા તેમના પર રહે છે અને સારો પાક મળે છે માટે આ દેવાશે આદિવાસિયોં ધ્વારા મેળાનું આયોજન થાય છે જેમો પરમ્પરાગત આદિવાસિયોનું નૃત્ય પણ થાય છે આદિવાસિઓ તથા અન્ય ભક્તો ધ્વારા આગળની રાત્રિએ આખી રાત ચુરમું બનાવવામાં આવે છે હજારો મણ ચૂરમનો પ્રસાદનો નૈવેધ ચડાવી ભોળાનાથ કેદારનાથ મહાદેવને રીજવવામાં આવે છે વડીલોના જણાવ્યા પ્રમાણે જસોરના જંગલના જયરાજ પર્વત પર બિરાજમાન કેદારનાથના ચારનોમા ચૂરમનો ભોગ ધરાવવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે.

# ભુજ આરઆર સેલ પોલીસે થરાદમાંથી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી

પ્રતિનિધિ થરાદ

થરાદ વિસ્તારમાં પેટ્રોલીગમાં રહેલી ભુજની આર આર સેલ પોલીસને રાજસ્થાનથી વિદેશી દારૂ લઈને એક કાર આવતી હોવાની ખાનગી બાતમી મળી હતી.આથી પોલીસે રવિવારના સવારના સુમારે આસોદરથી દેલનકોટ વચ્ચે નાકાબંધી કરી વૉચ ગોઠવી હતી.આ વખતે પ્ન ૧૮ છ ઢ ૫૨૪૯ નંબરની એક સ્વીફ્ટ કાર આવતાં તેને અટકાવવાની કોશીશ કરતાં તેમાં બેઠેલા બે શખસોએ કારને ભગાવી દીધી હતી.આથી પોલીસે તેનો પીછો કરતાં આગળ જઈને કાર મુકી બંન્ને નાસી છુટ્યા હતા.પોલીસે કારમાંથી ૨૬૭ બોટલ કિંમત રૂપીયા ૭૬૨૦૦ના દારૂ સાથે કાર અને મોબાઈલ મળીને રૂપીયા ૫૭૭૨૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો. આ અંગેની આરઆરસેલના કોન્સ્ટેબલ માનસેંગભાઈ રત્નાજીએ થરાદ પોલીસમથકમાં ફરીયાદ નોંધાવી હતી.પોલીસે બે સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હે.કો. લલિતભાઈએ હાથ ધરી હતી.

# થરાદ-ધાનેરા રોડ પર નાળાની કામગીરીમાં પુરાણ નહી કરાતાં હાલાકી



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ ધાનેરા હાઈવે પર વિતેલા વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૭માં આવેલાં પુરમાં માર્ગનું ભારે ધોવાણ થતાં માર્ગ થરાદ નજીક તુટી જવા પામ્યો હતો.તંત્ર દ્વારા આ માર્ગનું કામચલાઉ રિપેરીગ બાદ રોડ બનાવવામાં આવ્યો હતો.જોકે તેની અધુરી કામગીરી છોડવાના કારણે ભારે હાલાકીઓનો સામનો કરવો પડી રહ્યોછે.આ અંગે નજીકમાંજ ખેતર ધરાવતા હિતેશભાઈ મહેશભાઈ વાણિયાએ જણાવ્યું હતુંકે આ તુટેલા માર્ગની આજુબાજુમાં જ ભુતકાળમાં અનેક મોટર સાયકલ, ટ્રક, સ્વીફ્ટ કાર જેવાં વાહનો સાથે દુર્ઘટના પણ સર્જાવા પામી છે.વળી આ જગ્યાએ લોકો કચરા ઉપરાંત પખવાડીયામાં વિદેશી દારૂની ઢગલાબંધ બોટલો પણ નાંખી જતા હોવાનું તેમણે જણાવ્યું હતું.આથી પીડબલ્યુડી વિભાગ દ્વારા વાઈબ્રન્ટ ઈંગ્લિશ મિડીયમ સ્કુલની સામે આવેલા આ માર્ગની સાઈડોનું તાત્કાલિક પુરાણ કામ કરવામાં આવે તેવી માંગણી પણ ઉઠવા પામીછે.

# થરાદમાં બે મંદીરોના શિલાન્યાસ મુહર્ત કરાયાં

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરમાં શેણલનગર વિસ્તારમાં શ્રી શેણલ માતાજી અને દશા માતાજીના મંદીર આવેલાં છે.જેના ચોકમાં રાજપુત અને રાવણારાજપુત સમાજ દ્વારા ભગવાન શિવ અને શામળિયાનાં બે નવીન મંદિરનાં સોમવારે શિલાન્યાસ મુહૂર્ત કરાવામાં આવ્યાં હતાં.શિવમંદીર રાજપુત દેવચંદ ચાંદાજી ગણેશજી પરિવાર દ્વારા બનાવવામાં આવશે.આ પ્રસંગે બહોળી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા ઉપસ્થિત રહી હતી.

# ભુજ ખાતે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની પ્રાંત બેઠક યોજાઇ



ડીસા

એન્કરવાલા સ્કૂલ ભુજ ખાતે રાષ્ટ્રીય શૈક્ષણીક મહાસંઘ ગુજરાતની પ્રાંત બેઠક યોજાયેલ બેઠકમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના સંગઠન મંત્રી મહેન્દ્ર કપૂર, માધ્યમિક સચિવ મોહન પુરોહિત, ગુજરાત અધ્યક્ષ ઘનશ્યામભાઈ પટેલનું માર્ગદર્શન મળ્યું હતું.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘના સંગઠન મંત્રી મહેન્દ્રકપૂર એ શાશ્વત જીવન મૂલ્યો આધારિત શિક્ષણ આપવા અને રચનાત્મક કાર્યક્રમો વડે સમાજ ને જોડવા આહવાન કર્યું હતું.

માધ્યમિક સચિવ મોહન પુરોહિતએ સંગઠનને દીકરા દીકરીની જેમ સાચવી તેનો વિસ્તાર કરવા સૂચન કર્યું હતું.પ્રાંત અધ્યક્ષ ઘનશ્યામભાઈ પટેલે સ્ત્રી સશક્તિકરણને ધ્યાનમાં રાખી મહિલાઓને લગતા વિશેષ કાર્યક્રમો કરવા સૂચવ્યું હતું.પ્રાંત મંત્રી રતુભાઈએ ગત બેઠકનું નિવેદન કર્યું હતું.પ્રાંત પ્રચાર પ્રમુખ કિશોરભાઈ પરમાર એ પ્રચાર માધ્યમોનો સાવચેતી પૂર્વક ઉપયોગ કરવા અને સંગઠનની ગતિવિધિઓ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રચાર કરવા સૂચન કર્યું હતું.પ્રાંત સંગઠન મંત્રી ભાવિનભાઈ ભટ્ટ એ સંગઠન વિસ્તાર સંદર્ભે વાર્ષિક આયોજનનો ચિતાર રજુ કર્યો હતો.પ્રાંત ઉપાધ્યક્ષ ભીખાભાઈ પટેલ એ પ્રાથમિક શિક્ષકોના પ્રશ્નોની ઉચ્ચ કક્ષાએ થયેલી રજુઆતની માહિતી આપી હતી.આ બેઠકમાં રાજ્યના વિવિધ જિલ્લાઓના મુખ્ય જવાબદારી વાળા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

અનુસંધાન પાના નં.૬

# સુરતમાં ૪૦૦માં રજોહરણના મહામહોત્સવનો પ્રારંભ



વસંત બારોટ

સુરત

૨૩ એપ્રિલથી ૪ થી સદીનો પૂર્ણાહુતિ પ્રસંગે ૪૦૦ માં રજોહરણનો મહામહોત્સવનો પ્રારંભ થઈ ચુક્યો છે. મંગળવારે ભવ્ય વર્ષીદાન યાત્રા દીક્ષા - દાનેશ્વરી આચાર્ય દેવ શ્રીમદ વિજય ગુણરત્ન સૂરિશ્વરજી મ.સા. આદિ અનેક આચાર્ય ભગવંતોની શુભ નિશ્રામાં ''૪૦૦ માં રજોહરણ પ્રદાન'' નો મહા-મહોત્સવનું આયોજન થઈ રહ્યું છે. ત્યારે સંપૂર્ણ વિશ્વમાં જેમ દર ૪ વર્ષે વર્લ્ડ કપ માટે માણસોને ઈન્તજારી હોય છે. તેમ જૈન સમાજ તથા સમસ્ત ગચ્છોમાં તમામ સમુદાયોને ૪ થી સદીની પૂર્ણાહુતિની અને ૪૦૦ માં રજોહરણનો ઈન્તજારી થઈ રહી છે. જન- જનના મનમાં આનંદનું વાતાવરણ છવાયુ છે. જૈન સમાજ હિલોળે ચડ્યુ છે.

દીક્ષા- દાનેશ્વરી તથા અનેક આચાર્ય ભગવંતો સાથે ૬-૬ મુમુક્ષુઓનો ભવ્યાતિભવ્ય ધૂમધામથી રજવાડી પ્રવેશ થયો. પ્રવેશ બેન્ડ શરણાઈ ઢોલ તથા અનેક મંડળીઓ રાજમાર્ગ ઉપર રંગોલીઓ અને કળશ મસ્તકે ઉપાડીને બહેનો સહિત સુરત નગરે રામ પાવન ભૂમિમાં 'સૂરી ગુણરત્ન ચતુઃ સદી સંયમ વાટ-ીકા'' માં ઉલ્લાસ પૂર્વક પ્રવેશ થયો. સવારે ૭ વાગે પ્રવેશ થયા પછી પ્રવચન થયું. પ્રવચન સભામાં આચાર્ય યશોરત્નસૂરિ મ.સા. કહ્યું કે ગુરૂદેવ વિશિષ્ટ પુન્યશાળી છે. પ્રભાવશાળી છે.

અનુસંધાન પાના નં.૬

# ડીસાના વતની હાલ મુંબઈ રહેવાસી સી.એ.યુવાને દીક્ષા ધર્મ અંગીકાર કર્યો

ડીસા

બનાસકાંઠા જિલ્લાના ડીસા નજીક નેસડા ગામના વતની અને છેલ્લા ઘણા વરસોથી મુંબઈ કોલ્ટાપુર ખાતે વસવાટ કરતા ચટિર્ડ એકાઉન્ટ મુમુક્ષ શ્રી મોક્ષેશ શેઠ સંસાર ત્યાગ કરીને જૈન સાધુ બન્યા છે કરોડો રૂપિયાની સંપતિ અને સી.એ. જેવો ઉચ્ચ અભ્યાસ કર્યા બાદ પણ તેઓને આત્માનું સાચુ સુખ માત્ર અને માત્ર દીક્ષા ધર્મમાં જ દેખાયુ તેથી વૈશાખ સુદ.૫ તા.૨૦/૦૪/૨૦૧૮ ના શુભ દિવસે ગાંધીનગર નજીક પૂજ્ય પંન્યાસ પ્રવર ચંદ્રશેખર વિજયજી મ.સા.ની પ્રેરણાથી નિર્માણ થયેલ તપોવન સંસ્કાર પીઠ ખાતે પ્રેમ ભુવન ભાનુ સમુદાયના પૂ.આ.ભ.વિ. હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય રત્ન પૂ.આ.ભ.વિ. કલ્યાણબોધી સૂરીશ્વરજી મ.સા.ના. શિષ્ય રત્ન પૂ. મુનિરાજ શ્રી જિનપ્રેમ વિ.મ.સા.ના શિષ્ય તરીકે મુનિ કરૂણાપ્રેમ વિ.મ.સા બનીને સંસાર ત્યાગ કરેલ છે સમસ્ત મહાજનના સ્થાપક મેનેજીંગ ટ્રસ્ટી અને ભારત સરકાર હસ્તકના એનીમલ વેલ્ફર બોર્ડ ઓફ ઈંડીયાના ડીરેકટર ગિરીશભાઈ શાહ અને શ્રુત સંગમના વહીવટદાર સંદીપભાઈ શાહે સર્વ પૂજયશ્રીઓ અને શ્રાવક શ્રાવીકાઓને આવકારેલ હતા. નેસડા સ્થિત શેઠ પરીવારમાં પ્રથમવાર જ દીક્ષા થયેલ તેથી ઘણી મોટી સંખ્યામાં મહેમાનોનું આવા-ગમન થયેલ હતું.

# થરાદના ડોડગામ મઠમાં માતાજીના મંદિરનો શિલાન્યાસ કરાયો

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના ડોડગામ મઠમાં દેગ માતાજીનું મંદીર બનાવવામાં આવનારછે.જેમાં સોમવારે મઠના મહંતશ્રી પ્રેમભારથી સુરજપુરીના વરદ હસ્તે શિલાપુજન વિધી કરવામાં આવી હતી.આ પ્રસંગે ડોડગામના ભાવિકભક્તો તથા ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# નક્શા અને સીમાડાઓથી નહીં, હદયના ભાવથી રાષ્ટ્રનું નિર્માણ થાય છે : પ્રો.ડો.કુલદીપચંદ અગ્નિહોત્રી

**ગણપત યુનિવર્સીટીના આંગણે યોજાયેલા વિશેષ વ્યાખ્યાનમાં હિમાચલ પ્રદેશની સેન્ટ્રલ યુનિ.ના વી.સી.ના પ્રભાવક વિચારો**



ગણપત વિદ્યાનગર

ગણપત યુનિવર્સિટીના દસમાં સ્થાપના દિનની ઉજવણી પછી શરૂ થયેલી ગણપત યુનિવર્સીટી વિશેષ વ્યાખ્યાન માળાના વધુ એક મણકા રૂપે ગઈ તા.૨૧ મી અને શનિવારના રોજ ''રાષ્ટ્રનિર્માણ અને સુરક્ષામાં યુવાનોની ભૂમિકા'' વિષય ઉપર એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન થયું હતું.

સેન્ટ્રલ યુનિવર્સિટી, હિમાચલ પ્રદેશના વાઈસ ચાન્સેલર, પ્રો.ડો.કુલદીપચંદ અગ્નિહોત્રીએ આ વિશેષ વ્યાખ્યાનમાં કહ્યું હતું કે રાષ્ટ્રનિર્માણની વાત કરતા પહેલા રાષ્ટ્ર એટલે શું એ સમજી લેવું જોઈએ. રાષ્ટ્ર એટલે કોઈ એક નક્શો કે કોઈ ચોક્કસ સીમામાં બંધાયેલી જમનીનો નિર્જીવ ટુકડો જ નહી. પરંતુ રાષ્ટ્ર એટલે હદયમાં રહેલો એક ભાવ, એક વિચાર.

ભારતથી માઈગ્રેટ થઈને અમેરિકા જઈ વસેલા અને હવે અમેરિકાના જ નાગરિક થઈ ગયેલા પોતાના એક મિત્રની વાત કરતા એમણે કહ્યું હતું કે ભારતમાં આજે પણ કોઈ આતંકવાદી હુમલો થાય કે કશુક અજુગતું બને તો પેલા મિત્રનો ફોન આવે છે કે આ શું થયું ? ક્યાં થયું, કેમ થયું વગેરે

અનુસંધાન પાના નં.૬

# રોજગાર કચેરી દ્વારા લશ્કરી ભરતી પૂર્વેની તાલીમ માટે નિઃશુલ્ક તાલીમવર્ગ યોજાશે

પાલનપુર

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પાલનપુર દ્વારા આર્મી, એરફોર્સ, નેવી, અર્ધલશ્કરી દળો, પેરા મિલિટ્રી ફોર્સ તથા પોલીસ ફોર્સ વગેરેમાં જોડાવવા ઈચ્છતા બનાસકાંઠા જિલ્લાના ફક્ત પુરૂષ ઉમેદવારો માટે ભરતી પૂર્વેનો એક માસનો નિઃશુલ્ક તાલીમ વર્ગ આગામી તા. ૧ લી મે થી શરૂ કરવામાં આવનાર છે. આ નિવાસી તાલીમ વર્ગમાં જોડાવા માટે ઉંમર-૧૭ ૧/૨ વર્ષ થી ૨૩ વર્ષ, શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦/૧૨ પાસ, ઉંચાઈ-૧૬૨ સે.મી. થી ૧૬૮ સે.મી., છાતી-૭૭ સે.મી., વજન-૫૦ કિ.ગ્રા. નું શારીરિક માપદંડ ધરાવતા ઉમેદવારોને પ્રિ-સ્ક્રુટીની પ્રક્રિયા સંપન્ન કરી તાલીમ વર્ગ માટે પસંદગી કરવામાં આવશે.

અનુસંધાન પાના નં.૬

જા.નં.વીપી/વો.વ/માલસામાન

શ્રી અંબાજી ગ્રામ પંચાયત કચેરી
અંબાજી, તા.૨૦/૦૪/૨૦૧૮

## જાહેર નિવિદા

આથી લાગતા વળગતા ઈલે. સબમર્સિબલ મોટર/પંપના વિક્રેતાઓ ઓથો. ડીલરો, એજન્સીઓ વિગેરેને જણાવવામાં આવે છે કે, અંબાજી ગ્રામ પંચાયતના વોટર વર્કસના બોર માટે જરૂરી પંપીગ મશીનરીની જરૂરિયાત હોઈ તેના ભાવો આ નિવિદા પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અત્રેની કચેરીએ બંધ કવરમાં મળી રહે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | ૭.૫ H.P. ISI સબ. મોટર/પંપ સેટ | નંગ - ૧ નો ભાવ |
| ૨. | ઓટોમેટીક પેનલ બોર્ડ ૧૦ HP | નંગ - ૧ નો ભાવ |
| ૩. | ૨.૫ MM ફ્લેટ કેબલ વાયર ISI | ૧ મીટરનો ભાવ |
| ૪. | ૨''x GI તથા PVC કોલમ પાઈપ તથા બેન્ડ, કલેમ્પ, એલ્બો, ટી વિગેરે ફીટીંગ | ૧ મીટરનો ભાવ |
| ૫. | ૧૫૦, ૧૦૦, ૯૦ CI જોઈન્ટ રબર રીંગ બોલ્ટ સાથે | નંગ - ૧ નો ભાવ |
| ૬. | ૬'', ૪'', ૩'' સુશવાલ્વ | નંગ - ૧ નો ભાવ |

ઉપરોક્ત માલ સામાનના ભાવો તમામ ટેક્ષ સાથેના અંબાજી બેઠાના આપવાના રહેશે. તમામ માલ સામાન સ્ટાન્ડર્ડ ISI કંપનીનો માર્કાવાળો પુરો પાડવાનો રહેશે.

(વી.ડી.જોષી)
સેક્રેટરી
અંબાજી ગ્રામ પંચાયત

(આર.આર.અગ્રવાલ)
સરપંચ
અંબાજી ગ્રામ પંચાયત

## ઓફિસ સ્ટાફ જોઈએ છે

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન સરદાર પટેલ એજ્યુકેશન ફાઉન્ડેશન, ડીસા સંચાલિત ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા માટે નીચે મુજબ એડહોક સ્ટાફની જરૂર છે.

૧. કલાર્ક કમ એકાઉન્ટન્ટ : જગ્યા - ૧
લાયકાત : સ્નાતક તથા કોમ્પ્યુટર જાણકાર અને એકાઉન્ટ લખી શકે તેવા અનુભવી.
(અંદાજીત પગાર : ૧૫,૦૦૦/- અનુભવ અને લાયકાતને આધિન ફેરફારને પાત્ર)
૧. કલાર્ક કમ પ્રોગ્રામર : જગ્યા - ૧
લાયકાત : BCA/PGDCA/MCA/M.SC (CA & IT) કોઈપણ વિદ્યાશાખાનો સ્નાતક
(અંદાજીત પગાર : ૧૦,૦૦૦/- અનુભવ અને લાયકાતને આધિન ફેરફારને પાત્ર)
ઓપન ઈન્ટરવ્યુની તારીખે અરજી સાથે તમામ જરૂરી પ્રમાણપત્રોની ખરી નકલ સાથે રૂબરૂ ઉપસ્થિત રહેવું.

॥ ઈન્ટરવ્યુનું સ્થળ ॥
ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,
કચ્છી કોલોની પાસે, ડીસા (જિ.બનાસકાંઠા)

॥ ઈન્ટરવ્યુ તારીખ ॥
તા.૦૩/૦૫/૨૦૧૮ વાર : ગુરૂવાર સમય : ૧૦.૩૦

મેનેજીંગ ટ્રસ્ટી,
સરદાર પટેલ એજ્યુકેશન ફાઉન્ડેશન - ડીસા

## પ્રિન્ટીંગ કામ અંગેની જાહેરાત

આથી છાપકામ તેમજ પેપર પ્રોડક્ટ્સ બનાવવાનું કરતા ઈસમોને જણાવવાનું કે, બજાર સમિતિ ધાનેરાને નીચેની વિગતો ચોપડા છપાવવાના છે.

| ચોપડા નંગ | સાઈઝ | GSM | કાગળ |
|---|---|---|---|
| ૫૦,૦૦૦ | ૫૧ X ૮૧ (20CM x 25CM) ૧૧૬ પેજ | ૫૪ | બેલારપુર SS Meplitho |

૨૫૦ GSM વાઈટ લેગપ્રુફ ચોપડાની સ્પ્રીગલને પાછળના ભાગમાં ફોર કલર ટાઈટલ તથા અંદરના ભાગે સીંગલ કલર પ્રિન્ટીંગ બનાવવાના છે. તો દર - ૧ નંગના તમામ ટેક્ષ સહિત એપીએમસી ધાનેરા ખાતે ડીલીવરી સહિતના ભાવ તા.૪/૫/૨૦૧૮ સુધીમાં બજાર સમિતિ, ધાનેરાની કચેરીએ મળી રહે તે રીતે મોકલી આપવા વિનંતી છે. આવેલ ભાવ મંજુર કરવા કે નામંજુર કરવા તેના સર્વે તમામ હક બજાર સમિતિ, ધાનેરાને રહેશે. જેના કોઈ કારણ આપવામાં આવશે નહીં. બંધ કવર ઉપર 'ચોપડા છાપકામના ભાવપત્ર' અવશ્ય લખવું.

સ્થળ : ધાનેરા
તા.૨૩/૪/૨૦૧૮

એમ.યુ.શ્રાવગ — સેક્રેટરી
દેવાભાઈ સી.મોર — વાઈસ ચેરમેન
ભુરાભાઈ એન.પટેલ — ચેરમેન

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધાનેરા, જિ.બનાસકાંઠા

જા.નં.વીપી/બાંધકામ/૨૦૧૮-૧૯

શ્રી અંબાજી ગ્રામ પંચાયત કચેરી
અંબાજી, તા.૨૩/૦૪/૨૦૧૮

## બીજો પ્રયત્ન જાહેર નિવિદા

આથી લાગતા વળગતા બાંધકામની કામગીરીને લગતા મટેરીયલના વિક્રેતાઓ, એજન્સીઓ, ઓથો. ડીલરો વિગેરેને જણાવવામાં આવે છે કે, અંબાજી ગ્રામ પંચાયતના બાંધકામને લગતા કામો માટે નીચે મુજબના માલ સામાન પુરા પાડવા માટેના તથા મજુરી કામના વાર્ષિક ભાવો તા.૧/૪/૧૮ થી ૩૧/૩/૧૯ સુધીના એક વર્ષ માટે માલસામાન પુરો પાડવાના મજુરી કામના ભાવપત્રકો આ નિવિદા પ્રસિધ્ધ થયેથી દિન - ૭ માં અત્રેની કચેરીએ મળી રહે તે રીતે બંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એડીથી મોકલી આપવા જણાવવામાં આવે છે. આ કામની ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦૦/- પુરા ટેન્ડર કોપી સાથે ગ્રામ પંચાયત કચેરીએ જમા કરાવવાના રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | સિમેન્ટ (ISIમાર્કાની પોર્ટલેન્ડ ૫૩ગ્રેડ) | બેગ નંગ-૧ ના ભાવ |
| ૨. | ખેરોજની રેતી/મુરમ | ૧ બ્રાસના ભાવ |
| ૩. | કપચી (૨૦MM નોમીનલ સાઈઝ) | ૧ બ્રાસના ભાવ |
| ૪. | ગ્રીટ | ૧ બ્રાસના ભાવ |
| ૫. | મેટલ (હેન્ડ બ્રોકન) /ક્રસ મેટલ | ૧ બ્રાસના ભાવ |
| ૬. | પત્થર (રબલ) | ૧ બ્રાસના ભાવ |
| ૭. | ભઠાની પકવેલ ઈંટો | ૧૦૦૦ નંગનો ભાવ |
| ૮. | જોધપુરી પટી (૫'' લંબાઈમાં) | ૧ ચો.ફૂટનો ભાવ |
| ૯. | લોખંડ TMT | ૧ કીલોનો ભાવ |
| ૧૦. | એન.પી.૨ પાઈપો ૨૦૦, ૩૦૦ અને ૪૫૦MM | ૧ મીટરનો ભાવ |
| ૧૧. | ગ્લેઝડ, વીટ્રીફાઈડ, કોટાસ્ટોન, માર્બલ | ૧ ચોમીના ભાવ |
| ૧૨. | જે.સી.બી. મશીન, મીક્ષર મશીન, ટ્રીમિક્ષ મશીન | ૧ કલાક/૧ દિવસનું ભાડું |
| ૧૩. | પીવીસી/જી.આઈ. પાઈપ (૨, ૩, ૪, ૬, ઈંચ) | ૧ મીટરના ભાવ વીથ ફીટીંગ |
| ૧૪. | બાંધકામને લગતા લેબરકામના ભાવો ચણતર, પ્લાસ્ટર, આર.સી.સી. વર્ક સિમેન્ટ કોકીંટ કામ, માટી કામ, પત્થર પીચિંગ, ટાઈલ્સ/જોધપુરી પટી/કોટાસ્ટોન ફીટીંગ તથા કલર કામના, વોલપુટી, ડિસ્ટેમ્બર, ચુનો, ઓઈલ પેઈન્ટ વિગેરે લેબર કામના ભાવો આપવા. | |

નોંધ : રેતી, કપચી વિગેરેની ના.સરકારીના વખતો વખતના વેરાઓ ભરવાની તથા રોયલ્ટી ભરેલ હોય તેવો જ માલ - સામાન પુરો પાડવાનો રહેશે.

ઉપરોક્ત આઈટમોના ભાવો તમામ ટેક્ષ સાથેના અને અંબાજી બેઠાના સાઈટ ઉપર પુરો પાડવાના આપવાના રહેશે.

(વી.ડી.જોષી)
સેક્રેટરી
અંબાજી ગ્રામ પંચાયત

(આર.આર.અગ્રવાલ)
સરપંચ
અંબાજી ગ્રામ પંચાયત

## તંત્રી સ્થાનેથી ...

**મનુષ્યની પ્રતિષ્ઠા ઈમાનદારી પર જ નિર્ભર છે.**

# જળસંકટ નિવારવા ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે પ્લાન ઘડાશે

અત્યાર સુધી પીવાના પાણીનો પ્રશ્ન હલ કરવા માટે કરોડો રૂપિયાના પ્રોજેક્ટો હાથ ધરવામાં આવેલ. તેમ છતાં પીવાના પાણીથી વંચિત લોકોની સમસ્યા શા માટે હલ થતી નહિં હોય. રાજ્યમાં લાંબા સમય પછી નર્મદા ડેમમાં પાણી ખૂબ જ ઓછું હોવાના કારણે જે જળસંકટ સર્જાયુ તેના કારણે રાજ્ય સરકાર દ્વારા પીવાના પાણીનો સંગ્રહ થાય અને નવા જળાશયોની યોજના બનાવવાના અનેક વિકલ્પો પર વિચારણા રાજ્ય સરકાર દ્વારા શરૂ થયેલ છે. આ સંદર્ભે મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વચ્ચે પાંચથી સાત જેટલા ડેમ બનાવવાની દિશામાં તૈયારી શરૂ કરાઈ છે. જેના કારણે હમણા ગંગા નદીમાં વહી જતાં પાણીનો સંગ્રહ થઈ શકે જો કે આ બાબત અગાઉ વિચારવામાં આવી હોત તો હાલમાં જે પીવાના પાણીની સમસ્યા ઉભી થઈ છે તેને નિવારી શકાઈ હોત, અગાઉ પણ પીવાના પાણી માટેના અનેક પ્લાનો રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતા. પરંતુ માત્ર ચર્ચા જ થઈ શકી હતી.

ત્યારે હવે વલસાડ નજીકની પાર નદી પર મહારાષ્ટ્ર સરકારના સહયોગથી ૧૨૦૦ મિલિયમ ક્યુસિક ફીટની સંગ્રહ શક્તિ ધરાવતો એક ડેમ બનાવવા સરકાર દ્વારા વિચારણા ચાલી રહી છે. આનાથી ભવિષ્યમાં પાણીનો પ્રશ્ન હલ થઈ શકશે એ વાત ચોક્કસ છે.

સરકારની આ પીવાના પાણીની નવી યોજનાઓ ૧૦ હજાર કરોડની હશે તેવું બહાર આવ્યું છે. બંને રાજ્ય વચ્ચેના ઈન્ટરટેસ્ટ પ્રોજેક્ટના કારણે ગુજરાતના આદિવાસી વિસ્તાર અને મહારાષ્ટ્ર માટે મુંબઈનું જળસંકટ હલ થઈ શકશે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર દિલ્હી ખાતે રાજ્યના મુખ્ય સચિવ ડૉ.જે.એન. સિંઘ અને મહારાષ્ટ્રના મુખ્ય સચિવ સહિતના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે એક મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં પીવાના પાણીના પ્રોજેક્ટ સંદર્ભે ચર્ચા વિચારણા થઈ હતી. જેમાં પાર નદી પર ચેક ડેમ અને દમનગંગા નદી પર ડેમ બનાવવાનો પ્લાન ઘડવામાં આવેલ છે.

પાર નદી પરના ૧૨૦૦ એમ.સી.એફ.ની ક્ષમતા ધરાવતા આ ડેમમાંથી ૪૦૦ એમ.સી.એફ. પાણી મહારાષ્ટ્રને ૮૦૦ એમ.સી.એફ. પાણી ગુજરાતને પ્રાપ્ત થશે.

ગુજરાતમાં દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તાર ઉપરાંત છોટા ઉદેપુર, પંચમહાલ, ગોધરા વગેરેના ૮૦ હજારથી ૯૦ હજાર હેક્ટર વિસ્તારને સિંચાઈના પાણીનો લાભ મળી શકશે, ડેમના કારણે એક હજાર હેક્ટર જમીન ડૂબમાં જાય તેવો અંદાજ છે. જેથી કરીને પીવાના પાણીની સમસ્યાને નિવારી શકાશે.

નવી પીવાના પાણીની યોજનાનો ખર્ચ હાલમાં ૧૦ હજાર કરોડ થવાની શક્યતા છે. જેથી ભવિષ્યમાં પાણીની સમસ્યાને કાયમી માટે નિવારી શકાશે.

હાલ ઉચ્ચ અધિકારીઓ વચ્ચે ઉપરોક્ત નવા પ્રોજેક્ટની ચર્ચા ચાલી રહી છે. આગામી સમયમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ વચ્ચે બેઠક યોજાયા બાદ ‘પાર નદી પરના પ્રોજેક્ટને અંતિમ સ્વરૂપ અપાશે તેવું મનાય છે.

# લઘુકથા-માળા

સુશીલા અને લાભશંકર વાતો કરતાં બેઠાં હતાં. આ એકનો રોજનો ક્રમ બન્ને ખર્યા પાન. રાત્રે ઘરના ઓટલા પર બેસીને પરિચિત સ્નેહીઓ, સગાંસંબંધીઓ તેમજ કોઈ તાજી ઘટના વિશે, તો ક્યારેક નિજના જીવન પ્રસંગોની સ્મૃતિઓને લગતી વાતો કરીને સમય પસાર કરતાં.

સુશીલાબેને કહ્યું : ‘આજ પેલા કંચન ડોશી ગુજરી ગયાં. એ ખબર પડી ?’

‘હા, વલ્લભ અહીંથી નીકળ્યો હતો તે કહેતો હતો.’

‘બિચારા મોરારભાઈ નોંધારા થઈ ગયા !’

‘નોંધારા શાના ?’ કુટુંબનો મોટો કાફલો છે ને !

‘કાફલો શું કરવાનો ?’

‘કેમ ?’

‘તમે જોતા નહોતા ? ડોસા-ડોશી આખો દિવસ ઓટલા ઉપર બેસી રહેતાં હતાં, ગુમસૂમ ! આપણે બે તો વાતો કરીને ય વખત કાઢીએ છીએ. પણ એ બે તો એય નહોતાં કરી શકતાં. ડોશી બહેરાં થઈ ગયાં હતાં અને ડોસા સાવ અશક્ત. ઘાંટો તાણીને વાતેય શી રીતે કરે ? એક બીજાનાં મોઢાં સામે જોઈને વખત પસાર કરતાં, છતાં ડોસાને ડોશીનો એક આધાર હતો. હવે જોજો ને, ડોસાની શી ગતિ થાય છે તે ! મોટાંને એમની સાથે વાત કરવાની ફુરસદ નથી અને છોકરાં એમને ગણતાં નથી.’

‘પળોજણ ઓછી બે વખત જમવાનું તો પીરસાય છે ને ?’

‘એમ ખાવનું પીરસાયે શું વળ્યું ? સહારો તૂટ્યો એટલે જીવતર ખારૂ ઝેર કે બીજું કંઈ ?’

‘એનો તો બીજો રસ્તોય શો ? ડોસા-ડોશીનાં એક જ દિવસે, એક જ ઘડીએ મોત થોડાં લખાયાં હોય ?’

‘એની જ તો રામાયણ છે !’

આમ એ દિવસે સુશીલાબેન અને લાભશંકર વચ્ચે કંચન ડોશીના મોત પરથી નીકળેલ એકલવાયા જીવનની કઠણાઈઓ વિશે વાતો થતી રહી.

દસના ટકોરા થયા એટલે સુશીલાબેને કહ્યું : ‘ઉઠું ત્યારે બે માળા કરી લઉં’

‘ભલે, જાઓ.’

સુશીલાબેન રોજ સૂતાં પહેલાં ભગવાનની છબી આગળ બેસીને પાંચ માળા કરી લેતાં. માળા કરી રહ્યા પછી ભગવાન પાસે કશું જ માગ્યા વગર એ ઉભાં થતાં. પણ આજે એમણે માગ્યુ : ‘પ્રભુ ! હું તો બધુંય ખમી લઈશ. પણ એમને મારાં પહેલાં ઉપાડી લેજે. બસ આટલી માગણી છે.’

**મોહનલાલ પટેલ**

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# કોંગ્રેસ કયા મોઢે બંધારણ બચાવવાની વાત કરે છે?

**રાહુલ ગાંધીની ‘બંધારણ બચાવો’ ઝુંબેશ ચૂંટણી જીતવાની રમતથી વિશેષ કશું નથીઃ રાહુલનાં દાદીમા ઈન્દિરા ગાંધીએ કટોકટી લાદીને દુનિયાના સૌથી મોટા લોકશાહી રાષ્ટ્રના બંધારણને અભેરાઈએ ચડાવી દીધું હતું...**

**રાજકારણના રંગ**
**મહેશ દોશી**

સોમવારથી કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ “બંધારણ બચાવો” ચળવળનાં મંડાણ કર્યા છે. ભાજપના શાસનમાં બંધારણ અને દલિતો પર કુઠારાઘાત થઇ રહ્યાના આક્ષેપ સાથે કોંગ્રેસે આ દેશવ્યાપી ઝુંબેશનું આયોજન કર્યું છે. મોદી સરકાર બંધારણ તેમજ દલિતો વિરુદ્ધ કાર્ય કરી રહી હોવાની બાબતો આ “જન-આંદોલન” દ્વારા પ્રજા સમક્ષ ઉજાગર કરવામાં આવશે એવો કોંગ્રેસનો દાવો છે. કોંગ્રેસની આ ઝુંબેશમાં ખાસ કરીને પક્ષના દલિત વર્ગના સાંસદો, ધારાસભ્યો, જીલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતના સદસ્યોને સામેલ કરીને દેશભરના ‘દલિત સમાજ’ને જોડવા(ભડકાવવા)ની કોંગ્રેસની નેમ છે.

“લાલો લાભ વગર લોટે નહીં” એ ન્યાયે રાજકીય પક્ષોનું કોઈપણ આયોજન રાજકીય સ્વાર્થ વિનાનું હોતું નથી. ખાસ કરીને, આપણા દેશમાં – આજના કુખ્યાત રાજકારણમાં આ હકીકત દેશનો સામાન્યમાં સામાન્ય મતદાર પણ સુપેરે જાણે છે અને સમજે છે. પરંતુ, તેના નસીબમાં જાણે આ બધા રાજકીય ખેલ, નાટક અને તમાશા જોયા કરવાનું જ લખાયું છે. બંધારણ અને દલિતોના મુદ્દે કોંગ્રેસે શરૂ કરેલો “બંધારણ બચાવો” ચળવળનો ખેલ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓને નજરમાં રાખીને જ શરૂ કરાયો છે તે હકીકત કોઈપણ દેશવાસીને સમજાવવી પડે તેમ નથી.

કોંગ્રેસ દેશભરના દલિત સમાજને એવું ઠસાવવા માગે છે કે, કેન્દ્રની મોદી સરકાર દલિતોના હિત વિરુદ્ધ બંધારણ સાથે ચેડાં કરી રહી છે; તેની સામે જાગૃત થાઓ અને આ ભાજપ સરકારને તેમ કરતાં અટકાવો. કોંગ્રેસના એક નેતાએ આ મુદ્દે કહ્યું કે, “ભાજપના શાસનમાં બંધારણ જોખમમાં છે. શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે દલિતોને ‘તક-વંચિત’ કરવામાં આવી રહ્યા છે. આ બાબત અમો દેશભરમાં પ્રજા સમક્ષ લઇ જઇ રહ્યાં છીએ...” વાસ્તવિકતા એ છે કે, મોદી સરકારે દલિતોના હિત વિરુદ્ધ બંધારણમાં કોઈ ફેરફાર કરવાની કોઈ કોશિશ કે વાત પણ કરી નથી. જૂઠાણાં ચલાવીને પ્રજાને ગેરમાર્ગે દોરવાથી સત્તાધારી પક્ષને મુશ્કેલીમાં તો મૂકી જ શકાય છે પરંતુ, તેનાથી દેશહિતને કેટલું નુકસાન થાય છે તે સમજવાની તસ્દી લેવાતી નથી. લોકશાહી રાષ્ટ્રની આ સૌથી મોટી વિડંબણા છે. કોંગ્રેસ જ્યારે અન્ય પક્ષ દ્વારા બંધારણ ખતરામાં હોવાની વાત કરે ત્યારે ખરેખર તો કોંગ્રેસ પ્રમુખ સહિત પક્ષના તમામ નેતાઓએ એકવખત અરીસામાં મોઢું જોઈ લેવું જોઈએ. કેમકે, આ એ જ કોંગ્રેસ છે જેણે ૧૯૭૫ની સાલમાં જગતની આ સૌથી મોટી લોકશાહીના બંધારણને નેવે મૂકી દીધું હતું. તત્કાલીન વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીએ કટોકટી લાદી દીધી હતી. બંધારણે બક્ષેલા તમામ લોકશાહી અધિકારોથી તમામ દેશવાસીઓને ૨૧ મહિના સુધી વંચિત કરી દીધા હતાં. લોકશાહીને ગળેટૂંપો આપી દીધો હતો. હાલના કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી એ વખતે પૂરા પાંચ વર્ષના પણ નહોતા. પ્રજાની યાદશક્તિ બહુ ટૂંકી હોય છે એ હકીકત આપણા નેતાઓ અને રાજકીય પક્ષો સારી પેઠે સમજે છે. સવા ચાર દાયકા પહેલાની આ કાળી કાલીમા વિષે આજની પેઢી આમ પણ કશું જાણતી ના હોય તે હકીકત છે.

દેશમાં હાલ, દલિત અધિકારનો મુદ્દો ગરમાયો છે; આગ ભડકાવવામાં આવી છે અને તેમાં કોંગ્રેસ પોતાના રાજકીય રોટલા શેકી લેવા સજ્જ થઈ ગઈ છે. આજના રાજકીય પક્ષોને વાસ્તવમાં, બંધારણ સાથે કે પ્રજાના પ્રશ્નો સાથે કોઈ લેવા-દેવા હોતી નથી, તેઓને માત્ર મત, સત્તા અને નાણા સાથે જ સંબંધ હોય છે. “પ્રજા મરો, દેશ મરો પણ અમારું તરભાણું ભરો...” દલિતોના નામે કોંગ્રેસ વિરોધની આગ દેશભરમાં ફેલાવશે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસ આ આગ કોઈપણ હિસાબે બૂઝાવા નહીં જ દે એ નિશ્ચિત છે.

કોંગ્રેસે બંધારણ અને દલિતોનો મુદ્દો શા માટે ઉઠાવ્યો છે એ પણ સમજવા જેવું છે. દેશના મતદારોમાં ૧૭ ટકા મત દલિતોના છે. લોકસભાની ૮૪ બેઠકો અનુસૂચિત જાતી માટે અનામત રાખવામાં આવેલી છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીઓમાં ભાજપે આ ચોર્યાસીમાંથી અરધો-અરધ બેઠકો કબજે કરી હતી. બિહાર અને ઉત્તરપ્રદેશમાં ભાજપની સફળતામાં આ બેઠકોનો ફાળો નોંધપાત્ર રહ્યો હતો. જ્યારે કોંગ્રેસને ફાળે માત્ર ત્રણ-ચાર બેઠકો જ આવી હતી. આગામી ચૂંટણીઓમાં કોંગ્રેસનો ડોળો આ બેઠકો પર છે અને એટલે જ કોંગ્રેસ વ્યવસ્થિત રીતે ભાજપના વિરોધમાં દલિતોને ભડકાવી રહી છે.

સંસદમાં તાજેતરમાં ‘બંધારણ પ્રતિ કટીબધ્ધતા’ વિષય પરની ચર્ચામાં ભાજપના નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, “આ દેશમાં ‘સમાજવાદી’ અને ‘બિન-સાંપ્રદાયિક’ એ બે શબ્દોનો સૌથી વધુ રાજકીય દૂરુપયોગ કરવામાં આવ્યો છે અને તેને કારણે જ આજે આપણે સામાજિક સંવાદિતા સુનિશ્ચિત કરવામાં સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ.” બીજીતરફ, કોંગ્રેસના નેતા સોનિયા ગાંધીએ એવું કહ્યું કે, “જે લોકોને ક્યારેય બંધારણમાં વિશ્વાસ નહોતો તેઓ આજે બંધારણ પ્રત્યે પ્રતિબદ્ધતાની ચર્ચા કરી રહ્યા છે.” આનાથી મોટી મજાક બીજી કઈ હોઈ શકે એવો સવાલ તેમણે ઉઠાવ્યો હતો. પરંતુ, ત્યારે સોનિયાજી એ હકીકત સિફતપૂર્વક ભૂલી ગયાં હતાં કે તેમના જ સાસુમા ઈન્દિરા ગાંધીએ કટોકટી લાદીને બંધારણની કેવી ઐસી-તૈસી કરી હતી. ભાજપના બીજા વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ આ મુદ્દે જર્મનીના નાઝીઓ સાથે કોંગ્રેસના કટોકટી શાસનની સરખામણી કરી હતી. વ્યવસાયે ધારાશાસ્ત્રી જેટલીએ કહ્યું હતું કે, “કટોકટીકાળમાં દેશમાં સરમુખત્યારશાહી ચરમસીમાએ પહોંચી ગઈ હતી.”

અરુણ જેટલીની આ વાતમાં તથ્ય છે. કટોકટી લાદીને ઈન્દિરા ગાંધીએ જે દુષ્કૃત્યો આચર્યા હતા તેની પર એક નજર નાખવા જેવી છેઃ ઈન્દિરાજીના એ સમયે બેકાબુ બનેલા પુત્ર સંજય ગાંધીએ મનમાની આચરી હતી. ઈન્દિરા સરકારના કુટુંબ નિયોજન કાર્યક્રમની આડમાં સંજયે દંડારાજ ચલાવ્યું હતું. સરકારી અધિકારીઓને ફરજીયાત લક્ષ્યાંકો આપીને ૧ કરોડ ૧૦ લાખથી વધુ સ્ત્રી-પુરુષોના નસબંધી ઓપરેશન કરાવી નાખવામાં આવ્યા હતાં. જેના લક્ષ્યાંક પૂરાં ના થાય એવા અધિકારીઓના પગાર અટકાવી દેવાયા હતાં. આવી બીજી ઘણી મનમાની કરવામાં આવી હતી.

કટોકટી પૂર્વે અલ્લાહાબાદ હાઈકોર્ટે ઈન્દિરા ગાંધીને સાંસદ તરીકે ગેરલાયક ઠરાવતો ચુકાદો આપ્યો હતો. આ ચુકાદાને રદબાતલ ઠરાવવા માટે કટોકટી દરમિયાન, ઈન્દિરાએ લોક પ્રતિનિધિત્વ ધારામાં સુધારો કર્યો હતો. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને લોકસભાના સ્પીકર સામે કોઈ અદાલત આંગળી ચીંધી શકે નહીં તેવો બંધારણીય સુધારો કરાવ્યો હતો. ભારતીય નાગરિકોને વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો મૂળભૂત અધિકાર આપતી બંધારણની ૧૯મી કલમ રદ કરી દેવામાં આવી હતી. ચૂંટણી વિના લોકસભાની મુદત વધારી દેવામાં આવી હતી જેથી ઈન્દિરા ગાંધી બેરોકટોક શાસન કરી શકે. ચૂંટણી સંબંધી તકરારોને પણ અદાલતોના કાર્યક્ષેત્રમાંથી બાકાત કરી દેવામાં આવી હતી. જેથી કોંગ્રેસની મનમાની સામે કોઈ અવાજ ઉઠે નહીં. રાજ્યો પાસેથી ખૂંચવીને કેન્દ્રને બેમર્યાદ સત્તાઓ આપી દેવામાં આવી હતી. જેથી કોઈ રાજ્ય સરકાર કેન્દ્રના ગમે તેવા નિર્ણયો સામે ઊંચી આંખ કરી શકે નહીં. સંસદમાં કોંગ્રેસની મોટી બહુમતી હતી તેનો ગેરલાભ ઉઠાવીને ઈન્દિરા ગાંધીએ સંસદના કોઈપણ નિર્ણયની સુપિમ કોર્ટ દ્વારા પણ સમીક્ષા થઈ શકે નહિ એવી જોગવાઈ કરી હતી.

ટૂંકમાં કહીએ

તો, ઈન્દિરા ગાંધીના નેતૃત્વ હેઠળની કોંગ્રેસ સરકારે સર્વોપરી બંધારણને પણ સંપૂર્ણપણે અભેરાઈએ ચડાવી દીધું હતું અને ૨૧-૨૧ મહિના સુધી દેશમાં સરમુખત્યારી શાસન ચલાવ્યું હતું. કોઈપણ છાપું સરકાર વિરુદ્ધ કોઈ અહેવાલ છાપી શકતું નહોતું. તંત્રીઓએ છાપું છાપતાં પહેલાં સરકારી અધિકારીઓ પાસે કોપી મંજુર કરાવવી પડતી હતી. આજે આની કોઈ કલ્પના પણ કરી શકે તેમ છે? પરંતુ, આ બધું વાસ્તવમાં બન્યું હતું તે હકીકત છે. આજે આ કોંગ્રેસ બંધારણ બચાવવા નીકળી પડી છે!! –અસ્તુ. **મહેશ દોશી, (પૂર્વતંત્રી ‘ફૂલછાબ’)**

**m-doshi @ hotmail.com**

## ફરનાઝ શેટ્ટીની સ્ટોકર સાથે લખલખું પ્રસરાવી દેનારી મુઠભેડ



ભારતનાં મુખ્ય શહેરો મહિલા સુરક્ષાની ચિંતાઓથી ઘેરાયેલાં છે અને આપણી ટેલિવિઝન અભિનેત્રીઓ પણ તેમાં અપવાદ નથી. હાલમાં શ્ફ પરની ફરનાઝ શેટ્ટી ઉર્ફે રિદ્ધિ શૂટ પર જતી હતી ત્યારે તેની મુઠભેડ એક સ્ટોકર સાથે થઈ હતી. જોકે તેનાથી ડરી જવાને બદલે ફરનાઝે હિંમત ભેગી કરીને સામનો કરતાં સ્ટોકરે ઊભી પૂંછડીએ ભાગી જવું પડ્યું હતું.ફરનાઝ મોડી રાત્રે શૂટ પરથી ઘેર પાછી આવતી હતી ત્યારે થોડા દિવસ પૂર્વે આ ઘટના નોંધાઈ હતી. તે પોતાની કારમાં સેટ્સ પરથી નીકળી હતી, જ્યારે એક બાઈક સવાર સતત તેની કારનો પીછો કરી રહ્યો છે એવું ધ્યાનમાં આવ્યું હતું. આરંભમાં તેણે અવગણના કરી, પરંતુ પછીથી ખ્યાલ આવ્યો કે મામલો ગંભીર છે ત્યારે તેણે પોતાની કાર જોરમાં ભગાડી મૂકી હતી. આમ છતાં બાઈકસવારે પીછો કરવાનું ચાલુ રાખ્યું હતું. આવા સંજોગોમાં પણ ફરનાઝે ઝટપટ નિર્ણય લીધો અને કાર રેસ્ટોરાં નજીક ઊભી રાખી અને સ્ટોકર સમજીને ત્યાંથી નીકળી જાય એવું લાગ્યું, પરંતુ સ્ટોકર ટસનો મસ થતો નહોતો. આખરે તેનાથી છુટકારો મેળવવા માટે ફરનાઝે કાર ધીમી કરી અને બાઈકની પાછળ જઈને બાઈકસવારનો પીછો કરવાનું શરૂ કર્યું. તેની આવી હિંમત જોઈને સ્ટોકરે ગભરાઈને આખરે બાઈક ભગાડી મૂકી હતી.જોતા રહો સિદ્ધિવિનાયક, દર સોમવારથી શુક્રવાર, રાત્રે ૯, ફ્કત &TV પર

## મહિન્દ્રા પાવરોલે હાઈ પાવર ડિઝલ જનરેટર્સની નવી રેન્જ લોંચ કરી



મુંબઈ

૧૯ અબજ ડોલરનાં મહિન્દ્રા ગ્રૂપની કંપની મહિન્દ્રા પાવરોલે આજે પર્કિન્સિ ૨૦૦૦ સીરિઝ એન્જિન દ્વારા પાવર્ડ ૪૦૦/૫૦૦/૬૨૫ kVA DG લોંચ કરીને પોતાની વધારે ક્ષમતા ધરાવતી ાફછ ડિઝલ જનરેટર્સ (ડીજી)નું એક્ષ્ટેન્શન કરવાની જાહેરાત કરી હતી. ચેન્નાઈમાં મહિન્દ્રા રિસર્ચ વેલીમાં આરએન્ડડી કેન્દ્રમાં ડિઝાઈન થયેલ અને પૂણે નજીક પોતાનાં ચાકણ પ્લાન્ટમાં બનેલ ૧૨.૫ લિટરથી ૧૮ લિટરનાં પર્કિન્સ એન્જિન સાથે જનરેટરનાં સેટની આ નવી રેન્જ મહિન્દ્રા પાવરોલની વધારે ક્ષમતા ધરાવતી kVA સીરિઝમાં નવો વધારો છે. “પાવરોલમાં અમારી વ્યૂહરચના વધારે ક્ષમતા ધરાવતી ાફછ રેન્જમાં અમારી પ્રોડક્ટ ઓફરને મજબૂત કરવાની છે. ડીજી સેટની નવી રેન્જ મહિન્દ્રાની વિશિષ્ટ ડિજિ-સેન્સ ટેકનોલોજી સાથે સજ્જ છે, જે તેને સ્માર્ટ ડીજી બનાવે છે. સ્માર્ટ ડીજી સેટનું પર્ફોર્મન્સ કોઈ પણ જગ્યાએથી રિયલ-ટાઈમમાં નિરીક્ષણ કરી શકશે, જેથી ડીજી સેટનો અપટાઈમ વધે છે.

## મહિન્દ્રા ઈલેક્ટ્રિક અને મેરુએ ઈલેક્ટ્રિક વાહનોને કાફલામાં સામેલ કરવા જોડાણ કર્યું



હૈદરાબાદ

અર્થ ડે (પૃથ્વી દિવસ)નાં પ્રસંગે ૧૯ અબજ ડોલરનાં ડાઈવર્સિફાઈડ મહિન્દ્રા ગ્રૂપની કંપની મહિન્દ્રા ઈલેક્ટ્રિક અને ટેકનોલોજી સંચાલિત કેબ સર્વિસ મેરુએ આજે હૈદરાબાદમાં પ્રાયોગિક ધોરણે ઈવી પ્રોજેક્ટ માટે જોડાણ કરવાની જાહેરાત કરી હતી. આ જોડાણનો ઉદ્દેશ અન્ય શહેરોમાં ટૂંક સમયમાં આ જ મોડલનું પુનરાવર્તન કરવાનો છે. આ પ્રાયોગિક પ્રોજેક્ટમાં મહિન્દ્રા દ્વારા સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક સેદાન કાર ઈ-વેરિટોઝનો કાફલો ઉતારવામાં આવશે. “ઈલેક્ટ્રિક મોબિલિટીનાં પથપ્રદર્શક તરીકે અમે મહિન્દ્રા ઈલેક્ટ્રિકમાં ભારતમાં ઈલેક્ટ્રિક કારનાં કાફલાનું નેતૃત્વ લેવાની ખુશી છે અને હૈદરાબાદમાં ઈ-વેરિટોઝનાં કાફલા માટે મેરુ સાથે જોડાણ કરવાનો આનંદ છે.“ઈલેક્ટ્રિક વ્હિકલ ઈકોસિસ્ટમ ઝડપથી વૃદ્ધિનાં માર્ગ અગ્રેસર છે, જે ટૂંક સમયમાં વાયાબિલિટી ગેપને ભરશે. હવાનું પ્રદૂષણ ઘટાડવા અને દેશનાં ઊર્જાનો ખર્ચ બચાવવા ઈવીની સંભવિતતા વિશિષ્ટ છે. સરકાર નેશનલ ઈલેક્ટ્રિક મોબિલિટી મિશન અને વિવિધ મંત્રાલયો મારફતે અન્ય પહેલો મારફતે ઈવીની સ્વીકાર્યતાને પ્રોત્સાહન આપવામાં સક્રિય છે.

## સ્વરોત્સવ ૨૦૧૮ ની શરૂઆત મોરારીબાપુ ના હસ્તે શરૂઆત કરાઈ

**સ્વરોત્સવ ખાતે રૂપકુમારરાઠોરએ લોકો ને નાચવા પર મજબુર કર્યા**



અમદાવાદ

રજવાડું ખાતે સાંસ્કૃતિક ઉત્સવ સ્વરોત્સવ નુંઆયોજન કરવામા આવ્યું છે. જેમાં પ્રથમ દિવસે ’જીવન મને ગમે છે’ અંતર્ગત મોરારીબાપુ એજીવ મને ગમે છે તેના પાયા માંશું છે જે મને ગમે છે તેના પર વાતચીત કરીહતી. આ ઉપરાંત શેખર સેન, ભીખુદાન ગઢવી, માયાભાઇ આહીર ની ઉપસ્થિતિ માં ગુજરાતી સુગમ સંગીત ની પ્રસ્તૃતિ થઇ હતી.રજવાડું ખાતે આયોજિત ’ સ્વરોત્સવ’ માં ઉર્દુશાયરો ની તરન્નુમ ની પરંપરા રજુ થઇ હતી. તરન્નુમ મુશાયરા માં રાજેન્દ્રશુક્લ, વિનોદ જોશી, માધવ રામાનુજ અને મકરંદ મુંશળેજોડાયાહતા. જ્યારેબીજાશેસન માં રૂપકુમાર રાઠોરે યાદકરુંછું ગોકુલ ને, તમે ફૂંકો, સંદેશેઆતેહૈ, રબ ને બનાદી જોડી અને સુરેશદલાલ ની પૂછતી નહિકેટલો પાગલ,જેવા ગીતો ની પ્રસ્તૃતિ કરીહતી. આસમગ્ર કાર્યક્રમનું સંચાલન અંકિતા ત્રવેદી દ્વારા કરવામાંઆવ્યુંહતું.

## બર્ડ ઓટોમોટિવ દ્વારા ગુરગાવમાં નવું એકમ શરૂ કરવામાં આવ્યું



ફોટો : શાંતી શાહ

BMW ઈન્ડિયાએ ગુરગાવમાં બર્ડ ઓટોમોટિવની નવી ફેસિલિટી શરૂ કરી હોવાની જાહેરાત કરી છે. ગુરગાવમાં એડ્રેસવન (BAANI), ૧ ગોલ્ફ કોર્સ રોડ, સેક્ટર ૫૬ખાતે સ્થિત ડીલરશિપનું નેતૃત્વ શ્રી ગૌરવ ભાટિયા કરે છે.આ નવા ઉમેરા સાથે બર્ડ ઓટોમોટિવ હવે ગુરગાવમાં કુલ ત્રણ ડીલરશિપ ફેસિલિટીઝ અને દિલ્હીમાં એક MINI ફેસિલિટી સાથે BMW ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ કરે છે. BMWતેની આકાંક્ષાત્મક પ્રોડક્ટો,આકર્ષક બ્રાન્ડ અનુભવ અને બેજોડ આફ્ટરસેલ્સ સર્વિસ સાથે ‘શિયર ડ્રાઈવિંગ પ્લેઝર’પૂરું પાડવા માટે વચનબદ્ધ છે. બર્ડ ઓટોમોટિવ દ્વારા નવી ફેસિલિટીની રજૂઆત ભારતમાં અત્યંત આશાસ્પદ બજારમાંથી એકમાં અમારા ઈચ્છનીય ગ્રાહકો પ્રત્યે અમારી કટિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. તે મ્સઉના વૃદ્ધિ પામતા માર્કેટ ઓફેન્સિવમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. અમે લગની અને ઉત્કૃષ્ટતા સાથે અમારા ગ્રાહકોને સેવા આપવાની અમારી સંપૂર્ણ કટિબદ્ધતા થકી નવાં ધોરણો સ્થાપિત કરવાનું ચાલુ રાખીશું.”

## ક્રાંતિપુરુષ મનસુખભાઈ સુવાગીયા

મારો પરિચય :-

શ્રી સરદાર પટેલ મહિલા કોલેજ જૂનાગઢનો હું નિવૃત્ત પ્રિન્સિપાલ છું. તેમજ મારા ૫૦ પુસ્તકો પ્રકાશિત થયા છે અને સંત કવિ ભોજા ભગતનો છઠ્ઠી પેઢીનો વંશ જ છું.

‘નીતિશતક’ માં મનુષ્યના ચાર પ્રકાર ગણાવ્યા છે. ‘ જે માણસ પોતાનો સ્વાર્થ તજીને પરોપકાર કરવામાં પ્રવૃત્ત રહે તે સત્પુરુષ કહેવાય, જે પોતાનો સ્વાર્થ સાધીને બીજાનું ભલું કરે તે સામાન્ય ગણાય. જે વ્યક્તિ પોતાના સ્વાર્થ માટે બીજાને નુકશાન કરે તે માનવ રાક્ષસ ગણાય. પરંતુ જે માણસ વગર કારણે બીજાને હેરાન કરે તેને કઈ કક્ષામાં મૂકવા તે અમને સમજાતું નથી

પોતાના સ્વાર્થની પરવા કર્યા વિના તન - મન અને ધનથી લોક કલ્યાણકના ક્રાંતિકારી કાર્યો કરનાર મનસુખભાઈ સુવાગીયા નીતિશતકના વિચાર પ્રમાણે પરિશ્રમી ‘સત્પુરુષ’ છે. તેણે લોકસેવાના મહત્વના પાંચ ક્ષેત્રોમાં ક્રાંતિ કરી છે. એ ક્રાંતિની જયોતિના અજવાળાથી સૌરાષ્ટ્ર - કચ્છ અને અન્ય પ્રદેશોના ગ્રામ્ય વિસ્તારોના લોક જીવનમાં સુખનો અજવાસ પથરાયો છે. એટલે યોગ્ય રીતે જ હું એને ‘ક્રાંતિપુરુષ’ કહું છું.

જીવમાત્રના પ્રાણ રૂપ જળની રક્ષા કાજે મનસુખભાઈએ ‘જળક્રાંતિ’ ટ્રસ્ટની સ્થાપના કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ૩૦૦ ગામોમાં ૩૦૦૦ ચેકડેમો બંધાવ્યા છે અને ચાર હજાર પડતર ખાણોમાં જળસંગ્રહ કરાવ્યો છે જેના કારણે ભૂતળમાં પાણીના તળ ઉંચા આવ્યા છે. અને કુવા / બોર સજલ બન્યાં છે. પરિણામે પીવાના પાણીની અને કૃષિસિંચાઈની સમસ્યા દૂર થઈ છે. આ બધા જ ચેકડેમોના બાંધકામ સાવ ઓછા ખર્ચે ખૂબ મજબૂત બન્યા છે, કારણ કે એમાં સ્વયમ મનસુખભાઈ ગામલોકો સાથે સમુહ શ્રમમાં અને આર્થિક સહાયમાં સહભાગી થયા છે. બાંધકામ એવું મજબૂત છે કે હજુ સુધી એક પણ ચેકડેમ તુટયો નથી. આ સત્કાર્યથી મનસુખભાઈએ સાચે જ ‘ જળક્રાંતિ’ કરી છે. આ રીતે સૌરાષ્ટ્રની સૂકી ધરામાં જળ વહાવવાનું તેનું ભગીરથકાર્ય ગણાય.

તેણે બીજી મહત્વની ક્રાંતિ કરી તે ગીર ગાય ક્રાંતિ છે. ઉંચી ઓલાદની પુષ્કળ દૂધ આપનાર ગીર ગાયના ઉછેર, સંવર્ધન, પાલન અને સંરક્ષણ કરવાનું યુગપ્રવર્તક કાર્ય તેણે કર્યું છે, તેણે લુપ્ત થતી ગીર ગાયથી સૌરાષ્ટ્રને સંપન્ન કરવા ગીરનાર પરિક્રમા કરીને ૫૦૦ ગામોના ભાઈ - બહેનોને ૧૦ લાખ ‘ગીર ગાય નિમાર્ણનો’ મહાસંકલ્પ લેવડાવ્યો. આ એક માણસના ભગીરથ પ્રયાસથી ગીર ગાય વિશ્વ પ્રસિધ્ધ થઈ છે.મનસુખભાઈની ત્રીજી ક્રાંતિ છે ‘ગાય આધારિત કૃષિ ક્રાંતિ’આ ક્રાંતિમાં તેણે ખેતીની જમીનને બગાડતા રાસાયણિક ખાતરો અને કૃષિપેદાશને ઝેરયુકત કરતાં જંતુનાશકોના સ્થાને ગોબર - ગોમૂત્ર - ગાયની છાશના પ્રયોગો હજારો ગામોમાં સફળ કરીને ઝેર - રસાયણોથી માનવ અને જીવસૃષ્ટિના વિનાશની ગતિને નવજીવનની નવી દિશા આપી છે. કચ્છ - ઉત્તર ગુજરાતની કાંકરેજ ગાયને લુપ્ત થતી બરચાવવા કાંકરેજ ગાય આપણા આંગણે યાત્રા કાઢી ૪૦ સંમેલનોમાં હજારો ગામોના લોકોને ૧૧ લાખ કાંકરેરજ ગાય નિર્માણનો મહાસંકલ્પ લેવડાવ્યો. જેનાથી કાંકરેજ ગાય પણ સવા લાખની થઈ છે ! જે ચોથી ક્રાંતિ છે. મનસુખભાઈ સુવાગીયાની જળક્રાંતિ - ગીર - કાંકરેજ ગોક્રાંતિ અને ગાય આધારિત કૃષિ દેશની સમગ્ર પ્રજા, વૈજ્ઞાનિકો, ઈજનેરો અને સરકારને પણ પ્રેરક બની છે. અને પાંમચી ક્રાંતિ, વ્યસનમુક્તિની ક્રાંતિ છે તેણે હજારો યુવાનોને તમાકુ - દારૂના વ્યસનોથી મુક્ત કર્યા છે. કેટલાક તો આખે આખા ગામ વ્યસનમુક્ત બન્યા છે. વ્યસનમુક્તિની ઝંબેશ સાથે વૈદિક આહાર - વૈદિકલગ્ન જેવી આરોગ્ય અને માનવ સભ્યતાની નવી કલ્યાણકારી કેડીઓ પણ કંડારી છે. તેણે કરેલ આ પંચામૃત ક્રાંતિના અજવાળા ગુજરારતના સિમાડા વટાવી રાજસ્થાન, ઉત્તરપ્રદેશ,મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ભારતમાં પથરાયા છે. મનસુખભાઈ સુવાગીયા કુદરતી રીતે જ પ્રભાવક વક્તા છે. હિન્દી અને ગુજરાતી ભાષામાં તેઓ જળક્રાંતિ, ગૌક્રાંતિ, ભારતીય સંસ્કૃતિ શુધ્ધ અને સાત્વીક આહાર તથા પ્રકૃતિ અને પર્યાવરણ વિષયો ઉપર પ્રભાવક અને પ્રસન્નકર પ્રવચનો આપે છે. લોકો એને મંત્રમુગ્ધ થઈને સાંભળે છે અને એના વિચારોને ઝિલીને આચરણમાં મુકે છે. ઉપરાંત તેઓશ્રી માનવ ચેતના જગાડતા લેખક પણ છે. તેણે લખેલ ગોવેવ ગ્રંથની ૫૮ હજાર પ્રતોનું વિતરણ થયું છે. ગુજરાતી તથા હિન્દીમાં પ્રકાશિત થયેલ તેનો ગ્રંથ ‘ગોસત્વ’ની અઢાર આવૃત્તિઓ થઈ છે અને કુલ સાડા છ લાખ પ્રતો વહેચાણી અને વંચાણી છે. ગાય આધારિત કૃષિ પુસ્તકની ૭૫ હજાર પ્રતો ‘વીર ભદ્રા કાંકરેજ ગાય’ ગ્રંથની ૩૦ હજાર પ્રતો. તેમજ વસુંધરાના વૈભવની બે હજાર પ્રતો અને સ્ત્રી ઉપનિષદની પાંચ હજાર પ્રતો છપાણી છે અને વાચકોએ વખાણી છે.ગોસ્વામી સંત તુલસીદાસે એની રામાયણમાં ધર્મની સાવ સાચી અને આખી દુનિયામાં અનુસરવા જેવી વ્યાખ્યા આપી છે.પરહિત સરિસ ધર્મ નહી દુજા (બીજાનું ભલું કરવું એના જેવો બીજો કોઈ ધર્મ નથી) આ ચિંતન પ્રમાણે જેણે જીવનવ્રત લીધું છે. જીવમાત્રનું કલ્યાણ એ જેનો આત્મ ગુણ છે. એવા પ્રમાણિક સંનિષ્ઠ અને કર્મયોગી સત્પુરૂષને મેં ક્રાંતિપુરૂષ કહ્યા છે એ સંપૂર્ણ ઉચિત છે. - **મનસુખલાલ સાવલીયા,મુ.રાજકોટ**

## સુવાક્યો

મનુષ્ય નિત્ય જેવા પ્રયત્નો કરે, જેવા વિચાર કરે, જેવું આચરણ કરે, તેવો તે થઈ જાય છે.
કાર્ય માટેની સફળતાનું રહસ્ય કાર્ય કરનારની નિષ્ઠામાં છુપાયેલું હોય છે.
રાજપુરોહિતોને રાજાના કરેલા પાપના ફળ ભોગવવા પડે છે.
કીર્તિ એ કરેલા સદ્કાર્યોની સુગંધ છે.
કોયલ જ વસંતના ગુણોને જાણે છે, કાગડો નહીં.
લોભને ધન વડે વશમાં કરી શકાય છે.
જે જેવી ભાવના રાખશે તેવો જ તે થશે.
અજ્ઞાન એ સર્વ પાપો અને દુઃખોનું મૂળ છે.
સાચો સંતોષ એ જ ખરો ત્યાગ છે.

**આરાધના** — નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

## સંતને ઓળખવાનાં પાંચ લક્ષણો સમજવાનો પ્રયત્ન કરીએ

વરસાદ વરસે અને પછી બે ચાર દિવસમાં જ જમીન ઉપર લીલુંછમ ઘાસ ઉગી નીકળે છે. આ લીલા ઘાસને જોઈને અનુભવીઓ કહે છે કે બે ચાર દિવસ પહેલાં જ અહી વરસાદ વરસી ગયો છે.

આ રીતે કોઈ સંતને જોઈને આપણા મનમાં જે સંવેદનાઓ જાગે તેના આધારે સંતની ઓળખ થાય છે. વૈદ્ય પાસે જઈએ તો નાડી તપાસે, પછી આંખ તપાસે, જીભ તપાસે અને તેના આધારે દર્દીની પ્રકૃતિ જાણી લે અને દર્દીને થયેલા રોગનું નિદાન કરીને દવા આપે છે તે રીતે સંતના દર્શન માત્રથી આપણી આંખો ઠરવી જોઈએ. એવા સંતની આંખો પણ નિર્મળ, સફેદ અને ચમકતી હોય છે. સંતનાં નેણ (નયન) અને વેણ (વાચા) હંમેશા પ્રેમ જ વરસાવતાં હોય છે. સંત જીવન જીવનારાઓને કોઈ ગણવેશ બદલવાની જરૂર રહેતી નથી. સંત ગણવેશથી નહીં પરંતુ ગુણવેશથી જ ઓળખાઈ જવા જોઈએ. પછી ભલે તેવા માણસો ભગવાં પહેરે કે ના પહેરે, સફેદ કપડાં પહેરે કે ના પહેરે, માથે જટા વધારે કે મુંડન કરાવે, આવાં બાહ્ય ઉપકરણો બદલવાને બદલે સફારી પહેરેલા, કે પેન્ટ શર્ટ પહેરેલા કે ગમે તેવા ધંધા રોજગાર કરતા હોય તો પણ તેમના વાણી અને વર્તન દ્વારા તે પરહિતનું વિચારતા અને આચરણ કરતા રહેતા હોય આવા સંત જેવું જીવન જીવનારામાં મુખ્ય પાંચ લક્ષણો હોવાં જોઈએ જેની અહીં ચર્ચા કરવી છે.

૧.સંતના જીવનમાં કોઈની સાથે સ્પર્ધા ન હોવી જોઈએ કોઈની પ્રગતી જોઈને તેની સાથે સ્પર્ધા કરીને સામેનાને નીચે પાડવાની વૃત્તિનો અભાવ.

૨.જલનવૃત્તિનો અભાવ : જેને અસુયાનો અભાવ કહમે છે, કોઈને જોઈને જલન, ઈર્ષ્યા, ભેદ ન થવો જોઈએ.

૩. તિરસ્કારનો અભાવ : સાચો સંત કોઈનો તિરસ્કાર કરતો નથી. તે તો બધાને સાથે લઈને ચાલવાવાળો હોય છે. પાપી કે પુણ્યશાળીનો ભેદ ભગવાન પણ રાખતા નથી. તે વરસાદ, ઠંડી, ગરમી, સૂર્ય પ્રકાશ કે ચાંદની શીતળતા બધાને એકસરખી આપે છે તો આપણે ભેદભાવ રાખવાવાળા કોણ ? ૪. અહંકારવૃત્તિનો ત્યાગ : કોઈપણ સાધક સંતે અહંકારનો ત્યાગ કરવો. ગમે તેવી ધનસંપત્તિ કે સાધના દ્વારા સિધ્ધિ મેળવી હોય તો પણ તેનું અભિમાન ન રાખવું. નમ્ર બનીને વર્તન કરનારને જ સંત કહેવાય છે.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## ન તદસ્તિ પૃથિવ્યાં વા દિવિ દેવેષુ વા પુનઃ ।
## સત્વં પ્રકૃતિજૈર્મુક્તં યદેભિઃ સ્યાત્રિભિર્ગુણૈ : ।।

પ્રકૃતિ પરમાત્માથી ઉત્પન્ન થયેલી છે એમ ભગવદ્ ગીતા માને છે. સત્વ, રજસ અને તમસ એ પ્રકૃતિના ગુણો છે. તેના ભેદને લીધે જગતમાં જુદા જુદા પ્રકારના પદાર્થો ઉત્પન્ન થાય છે. આ પૃથ્વી પર જે કંઈ છે જેટલું પણ જીવન જોવા મળે છે તે બધું જ ત્રિગુણાત્મક છે. સમસ્ત જગત ત્રીગુણાત્મક છે એમ કહી હવે પ્રકરણના વિષયનો ઉપસંહાર કરતાં ભગવાન કહે છે :

**ન તદસ્તિ પૃથિવ્યાં વા દિવિ દેવેષુ વા પુનઃ ।**
**સત્વં પ્રકૃતિજૈર્મુક્તં યદેભિઃ સ્યાત્રિભિર્ગુણૈ : ।। ૧૮-૪૦ ।।**

'વળી (પુનઃ) જે (યત્) પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા-પ્રકૃતિમાંથી જન્મેલા (પ્રકૃતિજૈ) આ (એભિ)ત્રણ (ત્રિભિ) ગુણોથી, ગુણો વડે, (ગુણૈ)મુક્ત (મુક્તમ્) હોય (સ્યાત્) તેવું (તત્) કોઈપણ પ્રાણી (સત્વમ્) પૃથ્વીમાં-પૃથ્વી પર (પૃથિવ્યામ્) અથવા (વા) સ્વર્ગમાં (દિવિ) કે વા દેવતાઓમાં, દેવોમાં (દેવેષુ) નથી. (ન અસ્તિ.'

આ શ્લોકમાં ભગવાના સકલ બ્રહ્માંડના જીવન પર પ્રકૃતિના ત્રણ ગુણોની વ્યાપક અસર વિશે સંક્ષેપમાં કહી રહ્યા છે. પૃથ્વી પર અથવા સ્વર્ગમાં કે દેવલોકમાં એવું કોઈપણ પ્રાણી નથી કે જે પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ત્રણ ગુણોથી રહીત હોય, વિશ્વમાં એક પણ એવી વસ્તુ, વ્યક્તિ, પ્રાણી કે પદાર્થ નથી કે જે સત્વ, રજસ અને તમસ આ ત્રણેય ગુણોનો ખેલ અને મેળ વિશ્વમાં જોવા જેવો છે. અનુભવવા જેવો છે. જે વ્યક્તિ આ ત્રણેય ગુણોને જાણી લે છે તે આ ત્રણેય ગુણોથી અતીત પાર જઈ શકે, ગુણાતીત થઈ શકે. આ ત્રણેય ગુણોને પાર કરનારી અવસ્થાને ગુણાતીત અવસ્થા કે તુરીય અવસ્થા કહે છે.વિશ્વ ત્રિગુણાત્મક છે. કેમ કે તે ત્રિગુણાત્મીકા માયાનું કાર્ય છે. શ્લોકમાંના 'પ્રકૃતિ જૈઃ ગુણૈઃનો અર્થ થાય છે : પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા જન્મેલા ગુણો. અર્થાત આ ત્રણેય ગુણો સત્વ, રજસ અને તમસ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા છે. આ ત્રણેય ગુણોની સામ્યાવસ્થા એટલે જ પ્રકૃતિ. ત્રણેય ભુવનોમાં દેવો કે માનવો કે અસુરો, આ સર્વે ત્રણેય ગુણોથી મુક્ત નથી. પૃથ્વીમાં, સ્વર્ગમાં કે દેવતાઓને વિશે પણ એવું કાંઈ નથી કે જે સત્વગુણ, રજોગુણ અને તમોગુણની સામ્ય અવસ્થારૂપ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા એટલે કે વૈષમ્ય અવસ્થાને પ્રાપ્ત થયેલા આ સત્વાદિગુણોથી રહિત હોય. આ સમસ્ત બ્રહ્માંડમાં આ સત્વાદિ ગુણોથી મુક્ત કોઈ પ્રાણી નથી. ત્રિગુણાત્મક માયાનું કાર્ય હોવાથી વિશ્વ ત્રિગુણાત્મક છે એવું તાત્પર્ય છે.શ્લોકમાં પ્રયોજાયેલ 'પૃથિવ્યામ્' પદથી મૃત્યુલોક અને પૃથ્વીની નીચેના અતલ, વિતલ વગેરે બધા લોક, 'દિવિ' પદથી સ્વર્ગ વગેરે લોક, દેવેષુ પદથી પ્રાણી માત્રના ઉપલક્ષણના રૂપમાં એ સ્થાનોમાં રહેવાવાળા, મનુષ્ય દેવતા, અસુર, નાગ, પશ, પક્ષી, કીટ, પતંગ, વૃક્ષ વગેરે બધાં ચર અચર પ્રાણીઓ તેમજ 'વા પુનઃ' પદોથી અનંત બ્રહ્માંડનો સંકેત છે આનું તાત્પર્ય એ થયું કે ત્રિલોકી અને અનંત બ્રહ્માંડ તથા એમાં રહેવાવાળી કોઈપણ વસ્તુ એવી નથી કે જે પ્રકૃતિમાંથી ઉત્પન્ન આ ત્રણેય ગુણોથી રહીત હોય. પ્રકૃતિ અને તેનું કાર્ય એ બધું જ ત્રિગુણાત્મક અને પરિવર્તનશીલ છે. એની સાથે સંબંધ જોડવાથી બંધન થાય છે અને સંબંધ વિચ્છેદ કરવાથી મુક્તિ મળે છે.પ્રકૃતિજન્ય ગુણોમાં રજોગુણ અને તમોગુણનો ત્યાગ કરીને સત્વગુણને વધારવાની આવશ્યકતા છે. સત્વગુણમાં પણ પ્રસન્નતા અને વિવેક તો આવશ્યક છે જ પરંતુ સાત્વિક સુખ અને જ્ઞાનની આસક્તિ રાખવી જોઈએ નહીં. કારણ કે સુખ અને જ્ઞાનની આસક્તિ માણસને બાંધે છે. એટલા માટે એની આસક્તિનો ત્યાગ કરી સત્વગુણથી ઉપર ઉઠવાનું છે. સાધકે તો સાત્વીક જ્ઞાન, કર્મ, કર્તા, બુધ્ધિ, ધૃતિ અને સુખ આ બધા ઉપર ધ્યાન આપી એને અનુરૂપ પોતાનું જીવન બનાવવું જોઈએ અને સાવધાનીપૂર્વક રાજસ, તામસનો ત્યાગ કરવો જોઈએ. પ્રકૃતિથી સંબંધ વિચ્છેદ કરવામાં સાત્વિકતા ખુબ જ જરૂરી છે. કારણ કે એમાં પ્રકાશ અર્થાત વિવેક જાગૃત થાય છે જેનાથી પ્રકૃતિથી મુકત થવામાં સહાયતા મળે છે.

**અધ્યાત્મ** — ૬૦૭ પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

**જીવન દર્શન** — ભગવાનદાસ બંધુ

## જીવદયા અને ગૌરક્ષાના પ્રેરણાદાયી કામ થકીઆગવી સેવા કરી અનેરી સુવાસ ફેલાવતી વારાહીની શ્રી ભીડભંજન હનુમાનજી ગૌશાળા



એક નાનકડા વિચારમાંથી વટવૃક્ષ બનેલ વારાહીની શ્રી ભીડભંજન હનુમાનજી ગૌશાળા એક જોવાલાયક દર્શનીય સ્થળ બની ચુકેલ છે. જાન્યુ.૨૦૦૫ માં આડેસર પાંજરાપોળની ગાયો મુકવા માટે ડીસા જતા હતા ત્યારે ગૌવાહકોને ઘાસચારાની જરૂર હોઈ વારાહી રોકાણ કરાવ્યું અને ત્યારબાદ રવાના થયા. રસ્તામાં ગાયોના ગ્રુપમાંથી બે નંદી અને ચાર ગાયો વિખુટા પડી ગયેલ જે વારાહીના ભરવાડોને મળતાં રજનીભાઈ ઝોટાને વાત કરી. આ વાતની જાણ રજનીભાઈએ વારાહીના યુવાનોને કરી અને યુવાનોએ સાથે મળીને આ વાત ચમનભાઈ હરગોવનભાઈ ઠક્કર (ભગત) ને કરતાં શ્રી ભીડભંજન હનુમાનજી મંદિરના વંડામાં આ ગાયોને રાખવાની શુભ શરૂઆત થઈ અને ૧૪ જાન્યુ. ૨૦૦૫ થી ભવિષ્યની એક ખુબ જ મોટી ગૌશાળાનાં મંડાણ થયાં. ગાયોની સેવા કરનાર યુવાનોની સંખ્યા પણ ધીરે ધીરે વધતી ગઈ. શરૂઆતમાં પંચ પરમેશ્વરની જેમ પાંચ યુવાનો કોઈપણ ભોગે ગાયોની સેવા કરવા માટે તન, મન અને ધનથી સમર્પિત ભાવથી તૈયાર થયા.હનુમાનજી મંદિરે જ ગૌશાળાનું બોર્ડ પણ લાગી ગયું. સેવાનો આ મહાયજ્ઞ દિવસે ને દિવસે વધુ ને વધુ પ્રજ્જવલીત થતો ગયો.

જયાં સુધી ગૌશાળામાં ૧૦૦ (એકસો) ગાયો હતી ત્યાં સુધી યુવાનોએ જાતે જ સેવા કરી પણ ગાયો વધતાં જાળવણી માટે એક માલધારી પરિવારને રાખવામાં આવ્યું. સમય જતાં ધીરે ધીરે નીરાધાર, બિમાર, અશક્ત ગાયો પણ ગૌશાળામાં આજુબાજુથી આવવા લાગી. પરમાત્માના કાર્યમાં પરમાત્મા જ મદદ કરે એમ વારાહી નિવાસી અને હાલે અમદાવાદ રહેતા શેઠ શ્રી વર્ધીભાઈ ત્રિભોવનદાસ ઠક્કર/ અખાણીને ગૌશાળાના વિકાસ અને વ્યવસ્થા માટે સ્થાનિક યુવાનોએ વાત કરી અને ૨૧ જેટલા સમર્પિત ટ્રસ્ટીઓને સાથે રાખી ગૌશાળાનું ટ્રસ્ટ બન્યું જે આજે જીવદયા ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ, વારાહી તરીકે ઓળખાય છે અને હાલે ૧૧ જેટલા ટ્રસ્ટીઓ ખુબ જ સક્રિય પણ છે. શ્રી ભીડભંજન હનુમાનજી ગૌશાળાની હાલના સમયે કુલ ત્રણ શાખા છે. પ્રથમ મંદિર પાસે જ શરૂ કરેલ ગૌશાળાની જગ્યા નાની પડતાં વર્ષ ૨૦૦૭ ની પૂજ્ય વંદનાબેન ગૌસ્વામીની કથા પૂર્ણ થયા બાદ માનપુરા ખાતે ખેતાભાઈ પંચાલના માર્ગદર્શનથી ૨૦૦૮ માં ૪ એકર જેટલી જગ્યા રાખવામાં આવી. જેમાં ૧૨૦૦ જેટલા નંદીઓને રાખવામાં આવેલ છે. હરિભાઈ હરગોવનભાઈ ઠક્કર/અખાણીએ ગૌશાળાનો વહીવટ સંભાળતાં તેમના વડપણ હેઠળ વારાહી હાઈવે ઉપર નવીન જગ્યા અંદાજે ૨૫ લાખના ખર્ચે લેવામાં આવી. જેમાં પુરાણ કામગીરીમાં રૂપિયા ૧૫ લાખ અને વંડાની કામગીરીમાં રૂા.૧૦ લાખ ખર્ચી ગાયોને સગવડતા મળી રહે તેવી ગૌભૂમિનું નિર્માણ કરાયું. જોકે આજ સ્થળે ટુકડે ટુકડે ત્રણથી ચાર વાર જમીન ખરીદાતાં આજે તો વારાહી હાઈવે ઉપર ગૌશાળા માટે અંદાજે ૧૭ એકર જેટલી જમીન ઉપલબ્ધ છે. ત્રણેય શાખાઓમાં કાર્યાલય, ચબુતરો, વરંડા, નાના મોટા શેડ, સ્ટાફ કવાર્ટર સહિતની તમામ સુવિધા છે. કેટલાક ખુબ જ સમર્પિત ગૌસેવકોએ ઘણી બધી સેવા કરી હોવા છતાં તેમનાં નામ લખવાની તેમણે જ ના પાડતાં મને ઈચ્છા હોવા છતાં કેટલાંક નામોનો અહીં ઉલ્લેખ કરેલ નથી તો ક્ષમા કરશો. ગૌશાળાના વિકાસ માટે પાંચથી છ વખત લોક ડાયરાઓ પણ થયા. માયાભાઈ આહીર, ઋષભ આહિર, રેખાબેન વાળા, કીર્તિદાન ગઢવી, યોગેશપુરી, ટીના છેડા, દેવ્યાની બાંદ્રે, દેવરાજ ગઢવી, લલીતા ઘોડાદ્રા, ઓસમાન મીર જેવા કલાકારો આ ડાયરાઓમાં આવી ચૂકયા છે. ગુજરાતી ફિલ્મી જગતના ખ્યાતનામ કલાકાર ઉપેન્દ્ર ત્રિવેદી પણ પાંચમા ડાયરા વખતે હાજર રહ્યા હતા. લગભગ ગુજરાતની એક માત્ર આ ગૌશાળા છે કે જ્યાં ઓછી જગ્યામાં વધારે ગાયોને સહી સલામત રીતે રાખવામાં આવે છે. ગૌશાળામાં ૬૦ વ્યક્તિઓનો સ્ટાફ છે.

શ્રી ભીડભંજન હનુમાન ગૌશાળા વારાહીને શકય તેટલું વધારે દાન આપવાથી પુણ્ય તો ચોક્કસ મળે જ છે પરંતુ આ ગૌશાળામાં રૂબરૂ આવી દર્શન કરવાથી પણ અનેકગણું પુણ્ય થાય છે. ૧૭૦ જેટલી ગાયો દુઝણી છે જેના દુધમાંથી રોજ અંદાજે ૬૦ લીટર દુધ, ૪૦૦ લીટર છાશનું વિતરણ થાય છે. સાથે સાથે દરરોજ અંદાજે ૭ થી ૧૦ લીટર ઘી પણ વેચાણમાં જાય છે. દુધ, છાશ કે ઘીના વેચાણમાંથી આવતી રકમ પણ ગૌશાળાના નિભાવ માટે વપરાય છે. અનેક સંતો આ ગૌશાળાની મુલાકાતે આવી ચૂકયા છે.ગત વર્ષે ગુજરાત સરકારના મંત્રી જયેશ રાદડીયાએ પણ પુર વખતે આ ગૌશાળાની મુલાકાત લઈ ૧૦ ગાડી લીલા ઘાસની મોકલાવી હતી તો તત્કાલીન ધારાસભ્ય નાગરજી ઠાકોરે પણ તેમની ગ્રાન્ટમાંથી બે હવાડા બનાવી આપેલ છે. સમગ્ર વાગડ વઢિયાર પંથકમાં ડાયરાઓ વખતે છુટે હાથે અગણિત રૂપિયાની ઘોર કરનાર ધનાશા શેઠે પણ આ ગૌશાળાને ખુલ્લા હૃદયે અને છુટા હાથે ભરપુર મદદ કરેલ છે. આ ગૌશાળાને શકય તેટલી વધુ મદદ કરવા માટે સંપર્ક સૂત્ર માટે મો.નં.૯૮૨૫૦૩૪૪૮૧, ૯૮૨૫૨૮૬૬૬૯, ૯૪૨૭૫૯૯૩૦૫, ૯૮૨૫૦૩૮૮૯૫, ૯૮૨૫૦૬૨૭૯૨ ૯૮૨૫૮૪૧૮૫૮, ૯૮૭૯૫૮૩૭૫૧, ૯૮૨૫૫૩૫૪૬૯, ૯૩૭૬૨૪૩૮૬૧ છે. વારાહી ગૌશાળા ખાતે મો.નં.૯૪૨૯૪૩૦૫૪૧ અને ૯૮૯૮૭૫૧૬૮૭ છે.

તા.૨૧-૪-૨૦૧૮ શનિવાર વૈશાખ સુદ ૬ થી તા.૨૮-૪-૧૮ શનિવાર વૈશાખ સુદ ૧૩ સુધી પરમ વંદનીય, પૂજનીય શ્રદ્ધેય મા મહામંડલેશ્વર, શ્રી શ્રી ૧૦૦૮ પૂજ્ય માં કનકેશ્વરી દેવીજી ખોખરા હનુમાન ધામ, મોરબીના વ્યાસાસને સાયન્સ સીટી સોલા રોડ, શુકન બંગલો ૧ પાસેના મેદાનમાં અમદાવાદ ખાતે ચાલનારી શ્રીમદ્ ભાગવત કથામાં હજારો ગૌપ્રેમીઓ અને કથાપ્રેમીઓ ખાસ ઉપસ્થિત રહીને વારાહીની ગૌશાળામાં ખોબલે ખોબલે દાન કરનાર છે. કળીયુગમાં ગૌસેવાનું આગવું મહત્વ છે. પોથીયાત્રા પિયુષભાઈ વલ્લભરામ ઠક્કરના નિવાસસ્થાનેથી શરૂ થયા બાદ આજે કથાનો ચોથો દિવસ છે. ફરશુભાઈ ગોકલાણી જેવા પ્રેરક યજમાન સહિત અનેક દાતાઓએ કથાને સફળ બનાવવા ગૌસેવામાં પોતાનો પૂર્ણ સહયોગ તન, મન અને ધનથી આપેલ છે. અનેક સંતો, મહંતો, સંસ્થાઓના હોદ્દેદારો આ કથામાં ઉપસ્થિત રહેનાર છે. અંદાજે ૧૮ જેટલી સંસ્થાઓ આ કથાના આયોજનમાં સામેલ થઈ છે. આ ગૌશાળાને લીધે હજારો ગાયો કતલખાને જતી બચી છે.માત્ર જીવદયા પ્રવૃત્તિને જ કેન્દ્રમાં રાખીને ચાલતી આ ગૌશાળા અને તેના સૌ ગૌભક્તો, ગૌસેવકો,ગૌપ્રેમીઓ, ગૌહિતચિંતકો ગૌપાલકો, ગૌરખેવાળોને કોટિ કોટિ વંદન સાથે અભિનંદન અને અઢળક શુભેચ્છાઓ.. આ ગૌશાળાની શરૂઆતથી લઈને આજ સુધી અનેક નામી અનામી સેવકોએ યથાશક્તિ તન, મન, ધન, શ્રમ અને સમયનું દાન કરેલ છે એવાં ઘણાં બધાં નામો મને મળ્યાં છે પરંતુ સ્થાન મર્યાદાને કારણે એમનો ઉલ્લેખ થઈ શકેલ નથી, તો ક્ષમાયાચના સાથે તેવા સૌ ગૌસેવકોને પણ આદર અને અદબપૂર્વક વંદન. ભાભર, વારાહી, થરા,ટેબી, ડીસા, ચાંગા, ટેટોડા, પથમેડા જેવી વિવિધ ગૌશાળાઓ સાથે સંકળાયેલા તમામ સેવકો ધીરે ધીરે ખુબ જ સુખી સંપન્ન થયા છે તે પણ ગૌમાતાના અસીમ આશીર્વાદની જ કૃપા છે.

**ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**

## અહંકાર અને મમકારની તુટે બધી દિવાલ ! ઉમટે મનમાં પ્રેમની, ધર્મ ગંગાની ધાર !!

**ચિંતન** — યશપાલસીહ ટી.વાઘેલા

જહાં ડાલ ડાલ પર સોને કી ચીડીયા કરતી હૈ બસેરા.. વો ભારત દેશ હૈ મેરા.. દુધ દહીંની નદીઓ વહેતી હતી. જંગલો, પહાડો, ઝરણાં, વન્ય જીવો, પશુ પક્ષીઓને માનવ સુખાકારની સમૃધ્ધિ ધરાવતો દેશ એટલે ભારત. સારે જહાં સે અચ્છા હિંદુસ્તાન હમારા.. આ બધું હવે સ્વપ્નોત્સવ જેવું થઈ ગયું છે. સવારનું છાપુ અખબાર હાથમાં પકડો એટલે એક નવું કૌભાંડ કે દુર્ઘટના વાંચવા મળે.હાથમાં રીમોટ લઈ ટીવી ચેનલ ચાલુ કરો તો બસ ભારતની આવી અવદશા. આપણા લોકસેવકો જલસા કરવા જ ચૂંટણી લડે છે. છેલ્લા ઘણા વર્ષોથી જોઈ અનુભવી રહ્યો છું કે આપણન ચૂંટેલા કહેવાતા આપણા લોકસેવકો આપણને જ નડે છે. પાંચ વર્ષ સુધી જેમને આપણી આપણા વિસ્તારના પ્રશ્નોની શાસકો સમક્ષ રજુઆત કરીને ઉકેલવા મોકલીએ છીએ એ તો પાંચ વર્ષ સન્માન સમારંભો, ઉત્સવો, મેળાવડાને મોજશોખમાં જ પસાર કરી ભથ્થાં, પેન્શન પાત્ર બની જાય છે. પછી તો પુછવું જ શું ? એક નેતા શાળા કોલેજના સમારંભોમાં જાય તો સ્ટેજ પર અધ્યક્ષ બનાવીને બેસાડયો હોય પછી જ્યારે બે શબ્દો વિદ્યાર્થીઓને આશીર્વાદ આપવાનું કહેવામાં આવે ત્યારે તે પોતાની ભાષામાં બહુ નિખાલસપુર્વક કહેતા, વિદ્યાર્થી મિત્રો, બહુ મહેનત કરી અભ્યાસ કરો સારા અધિકારી ચોક્કસ બનશો. જીવનમાં મહેનત બહુ જરૂરી છે. વિદ્યાર્થી જીવનમાં કરેલી મહેનત અધિકારી પદ પ્રાપ્ત કરાવશે. જો નહીં ભણો ને નાપાસ થયે રાખશો તે અમારા જેવા બની રહેશો. હું મારા અભ્યાસકાળ દરમ્યાન કયારેય એક પ્રયત્ને સફળ થયો નથી. જે ના ભણે તે નેતા થાય. વિદ્યાર્થીઓને સ્ટેજ પર બેઠેલા સૌ તાળીઓ પાડીને વાતને વધાવી લેતા અને તાળીઓ પાડવી એમાં આજે બહુ સામાન્ય વાત થઈ ગઈ. આપણી વિધાનસભા, લોકસભા કે રાજયસભાની ગરીમાને પણ આ લોકો ઠેસ પહોંચાડવામાં કંઈ કચાશ રાખતા નથી. છતાં શામ, દામ, દંડ, ભેદના જોરે ચૂંટાઈને દલા તલવાડી બની બધાં રીંગણાં ખાઈએ જાય છે. આપણે આ બધું જોઈ અનુભવી રહ્યા છીએ પણ કરીએ શું ? કારણ કે દેશમાં લોકશાહી છે ને ? એટલે લોકોનું ઝાઝું ચાલતું પણ નથી એ કમનસીબી ગણવી કે પછી ?? ખરેખર દેશની હાલત માટે જવાબદાર કોણ ? હું તમે કે પછી ? આજે ખાદ્ય ચીજવસ્તુઓ એમ જીવન જરૂરીયાતની ચીજોમાં બેફામ ભાવવધારો થઈ રહ્યો છે. તેની સાથોસાથ ભેળસેળ, નકલખોરી ખુબ વધી છે જેની સામે રક્ષક તરીકે રાજય, કેન્દ્ર સરકારે નીમેલા અધિકારીઓ, કર્મચારીઓ હપ્તાખોરીના કારણે લાચાર છે. તેઓને કંઈક પુછવા જાઓ તો ઉપરથી બધું સડી ગયું છે. હવે શું ? લોકસેવકોની તમામા ક્ષેત્રે ભાગીદારી પ્રજા કરેય શું આ ભારતની લોકશાહી, પ્રજાસત્તાક રાષ્ટ્રની વેદના.. ઘી, દુધ, દહીંની આપણે આગળ કહ્યું તેમ નદીઓ વહેતી હતી. આજે કેટલાક આંગળીના વેઢે ગણી શકાય તેવા ગામડાંને પરિવારો છે. જે દુધને પવિત્ર સમજી વેચાણ કરતા નથી ને ગામમાં જ પુરૂં પાડે છે. કેટલાક દેવ દેવીઓના મંદિરોમાં દુધ, દહીં, ઘી ચડાવવાનો આજે પરંપરા જોવા મળે છે. જેની સામે સ્વાર્તમાં અંધ બનેલા અમુક માનવ સમુદાય જન આરોગ્યની ઘોર ખોદી નકલખોરી કરી ધનાઢ્ય બનવામાં તલ્લીન બન્યો છે. અમારી બનાસ ડેરી તો કહે છે હજુ લોકો દુધને પવિત્ર સમજે છે. ને તેમાં ભેળસેળ કરતા નથી. મારા બૌધ્ધિક વાચક મિત્રો તમારી આજુબાજુ નજર કરો. દુધ હવે કેટલું પવિત્ર રહ્યું છે ? દુધ નહીં દુધની તમામ બનાવટો, ખાદ્યતેલોને કૃષિ ઉત્પાદનોમાં પણ નકલખોરી થવા માંડી છે. હમણાં જ વર્ષોની પરંપરા મુજબ ઉંઝામાંથી બનાવટી જીરૂ બનાવવાની આખી ફેકટરી પકડાઈ.અહીં મેં વર્ષોની પરંપરા હપ્તાખોરીના સામ્રાજય બાબતે વાપરી છે તે ખરેખર આવું ઘણા વર્ષોથી ચાલી રહ્યું છે. ડીસામાં ગાય, ભેંસનું ઘી તો હારીજ આજુબાજુમાં સીંગતેલને અન્ય ખાદ્યતેલોમાં નીચી ગુણવત્તાના તેલની ભેળસેળ તો અમારા કાંકરેજ તાલુકામાં સફેદ દુધનો કાળો કારોબાર ચાલે છે. દુધ વેચનાર ખાનારાને પુછી તો જુઓ. ઘાયલની ગતિ ઘાયલ જાણે અહીં તો બધાને ય જલસા જ દેખાતા હોય.. આજે દુધ દેવતાએ કેટલાય ચેરમેન, મંત્રીઓને લાખો કરોડોપતિ વગર પશુઓએ બનાવી દીધા છે. કયાં તપાસ કરવા જાઓ બધા દુધે ધોયેલા છે તેવું કહેવા જઈશું તો દુધ તો બાપડું પહેલાંથી જ ધોવાઈ ગયેલું છે. કોઈ જાતની સાચી તપાસ થતી જ નથી. પ્રજા ફરીયાદ કરે તો તેની હાલત ગુનેગાર કરતાં ય ખરાબ થાય છે. એટલે લગભગ પ્રજા મૌન બનીને તમાશો જુએ છે. ને એવી સમજી ગઈ છે કે જ્યાંથી થોડું ઘણું મળે તે લઈ લો. બાકી તો આ ભ્રષ્ટાચારના વાવાઝોડામાં આપણે ગોત્યા જડશું નહીં તો ખરેખર મેરા ભારત મહાન તેની પ્રજા મહાન છે.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## અધ્યાત્મનો આવાસ

**શ્રદ્ધા અને સંસ્કાર**

'ભાગ્યશાળી જીવનની ઉજ્જવળતા ભોગસુખોમાં નથી પણ યોગ સુખનાં છે. બ્રહ્મચર્ય એવો ઉત્તમ ગુણ છે કે જે બીજા અનેક ગુણોને ખેંચી લાવે છે. બસ તારે પુનમના દિવસે બ્રહ્મચર્ય પાળવું આટલો નિયમ લે.

આચાર્ય ભગવંતની સુચના થતાં કાન્હેડે હાથ જોડી દીધા. ગુરૂ આજ્ઞાની સામે કોઈપણ જાતની અપીલ કર્યા વિના નિયમનો સ્વીકાર કરી લીધો.

જ્યારે આજનો સમાજ નિયમને યમરાજ સમજી તેનાથી દુર ભાગે છે. બ્રહ્મચર્યના પાલનનો નિયમ કાન્હડ ખુબ જ સારી રીતે પાળવા લાગ્યાં. ઘણી વખત નિયમના પાલનમાં પરીક્ષા પણ થવા લાગી. પરીક્ષામાં ઉત્તિર્ણ થઈને તે ઉત્તમ પુણ્યનો સ્વામી બનવા લાગ્યો.

વર્ષાઋતુનું આગમન થયું. વર્ષારાણી મન મુકીને વરસવા લાગી. જંગલની ભુમિ ભીની ભીની થઈ જતાં સર્વત્ર વનરાજી છવાઈ ગઈ. વરસાદ વિરામ ન પામતાં નદીમાં ભારે તોફાન આવી ગયું. નગર અને જંગલની મધ્યમાં નદી બે કાંઠે વહેવા લાગી. ચાર દિવસ થઈ ગયા પણ કાન્હડ લાકડા માટે જંગલમાં જઈ શકતો નથી. ચાર ચાર દિવસથી ક્ષુધાતુર બનેલો એક દિવસ વહેલી સવારે નદી કીનારે બેસી ગયો છે. નિરાશ વદને અપાર જલરાશીને જોઈ રહ્યો છે.

ભુખને કારણે આંખો અંદર ઉતરી ગઈ છે. શરીરમાં હાલવાની તાકાત રહી નથી. આમેય શરીર પોષણના અભાવે થાકેલું હોવાથી સતત ચાર દિવસ આહાર ન મળવાથી મોત જાણે સામે મ્હોં ફાડીને બેસી ગયું.

અચાનક એક ચમત્કાર સર્જાયો. એક લાકડું તણાતું તણાતું નદીના પ્રવાહમાં વહી રહ્યું હતું. તેના જીવમાં જીવ આવ્યો. બરાબર હિંમત કરીને નદીના પ્રવાહમાં તેણે ઝંપલાવ્યું. ઘણી મહેનત કરીને તે લાકડાને કીનારે ખેંચી લાવ્યો. લાકડાના ટુકડા કરી, ભારી બાંધીને તેણે માથા ઉપર ઉપાડી લીધી. માથા ઉપર લેતાં તેને ચક્કર આવવા લાગ્યા. કેવી રીતે નગરમાં પહોંચાડશે તેની ચિંતા તેને દઝાડવા લાગી. એક ટુકડો મળવાનો ન હતો. આ ટુકડાની આશાએ મનને મારીને તે આગળ વધ્યો. શરીરના અંગેઅંગ ભયાનક વેદના થઈ રહી હતી. નગર ઘણું દુર હતું. નગરમાં ગયા પછી પણ ભારો કયારે વેચાશે તેની પણ કયાં ખબર હતી ?

ખરેખર ભુખ્યા ગરીબને જ ખબર હોય છે કે રોટલાનું મૂલ્ય શું હોય છે ?

જીંદગીમાં ન લાગ્યો હોય એવો થાક તેના શરીરે વર્તાતો હતો. અયોધ્યામાં મુખ્ય માર્ગ ઉપર તે આવી ગયો.

**.અનુસંધાન પાના નં.૬ ઉપર**

## સફળતા કોઈનો ઈજારો નથી

આ જગતના સામાન્યથી સામાન્ય માનવીથી લઈ મહામાનવ સુધી, મૂર્ખથી લઈ વિદ્વાન સુધી, ગરીબ અને ભિખારીથી લઈ ધનવાનો સુધી, અભણથી લઈ ડૉકટરેટ કરેલા વિદ્વાનો સુધી, રસ્તા ઉપરથી કચરો સાફ કરનાર સ્વીપરથી લઈ આખા દેશની ટીમના સ્કીપર સુધી, મજૂરથી લઈ મેનેજર સુધી, સામાન્ય કાર્યકરથી લઈ મોટા નેતા સુધી ટૂંકમાં ઝીરોથી હીરો સુધી બધાને એની તમન્ના છે, અને પામી લેવા માટેની લાયકાત હોય કે ન હોય, એને પામવા માટે જરૂરી પરીશ્રમ કરવાની ખેવના હોય કે ન હોય, તો પણ બધાને એ જોઈએ છે.

સફળતા વિશે ભૂતકાળમાં પણ ઘણુંબધું લખાયું હતું, હાલમાં ઘણું લખાય છે અને ભવિષ્યમાં પણ લખાવાનું કારણ સ્પષ્ટ છે જ્યાં સુધી માણસ આ ધરતી પર છે બીજા કરતા વધારે આગળ નીકળી જવાની, બીજા કરતા વાધારે શ્રેષ્ઠ બનવાની અને બીજા કરતાં વધુ સારૃ જીવન જીવવાની બેઝીક ઈન્સ્ટીકટ-જન્મજાત સહજવૃત્તિ એનામાં હંમેશા ધરબાયેલી રહેવાની પ્રેમ પામવાની ઉત્કટતા જેટલી જ, કદાચ એનાથી પણ વધારે સફળ થવાની ઝંખના કે ખેવના માણસની પ્રકૃતિમાં વણાયેલી છે. એટલે જ કદાચ માણસ કોઈનો પ્રેમ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જાય તો જેટલો નિરાશ થાય છે એનાથી વધારે નિરાશ નિષ્ફળતા મળે ત્યારે થઈ જાય છે.

માણવજાતની મોટાભાગની પ્રવૃત્તિઓ, ધમપછાડા, પરિશ્રમ કે મહેનતનું કારણ સફળ થવા માટે હોય છે. તો પણ આશ્ચર્યજનક રીતે ઘણા ઓછા લોકો સફળ થાય છે. એનું એક કારણ તો એ છે કે સફળતા માટે હકારાત્મક અભિગમ અને ખંતનો અભાવ હોય છે.

શેકસપિયરે સફળતા મેળવવા માટે માત્ર ત્રણ બાબતો આવશ્યક હોવાનું જણાવ્યું હતું કે બીજા કરતાં વધારે જ્ઞાન મેળવો, બીજા કરતાં વધારે કાર્ય કરો અને બીજા લોકો કરતા ઓછી અપેક્ષા રાખો તો તમે સફળ છો. પરંતુ આજે માનવજાતમાં આ ત્રણે લક્ષણો ૧૮૦ અંશના ખૂણે જોવા મળે છે. આજે કોઈને બીજા કરતાં વધારે જાણવું નથી કે

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

**સૌરભ** — બી.કે.નીતાબેન

**૨૨ કારણો...**

**પાના નં.૧ ચાલુ**

કાયદાઓના નિષ્ણાતો, બંધારણીય નિષ્ણાતો અને રાજ્યસભા તથા લોકસભાના પૂર્વ મહાસચિવો સાથે વાતચીત કરી હતી. પૂર્વ લો અધિકારીઓ, લો કમિશનના સભ્યો અને જાણિતા નિષ્ણાતો સાથે વાતચીત કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, બંધારણના પ્રસ્તાવો અને જજોને દૂર કરવાના અભ્યાસમાં ધ્યાન આપ્યું હતું. સમગ્ર તપાસ કરવામાં આવ્યા બાદ તેઓ આ બાબત ઉપર સહમત થયા છે કે, આ નોટિસ યોગ્ય દેખાતી નથી. સાંસદોએ પોતાના પ્રસ્તાવમાં કેટલીક વ્યાજબી બાબતો દેખાઈ છે પરંતુ આન સાથે પુરાવા જોડાયેલા નથી. નોટિસને ફગાવતા નાયડુએ પત્રકાર પરિષદમાં અનેક મુદ્દા પર કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, સંસદીય પરંપરાનો ભંગ કરવામાં આવ્યો છે. રાજ્યસભાના ધારાધોરણોનો ભંગ પણ કરવામાં આવ્યો છે. વેંકૈયાએ અન્ય તર્કદાર દલીલો પણ કરી હતી.

નાયડુના કહેવા મુજબ નિષ્ણાતો સાથે વાતચીત કર્યા બાદ તેઓ એવા તારણ ઉપર પહોંચ્યા છે કે, આ પ્રસ્તાવને કોઇ કિંમતે સ્વીકાર કરી શકાય નહીં. રોસ્ટર વહેંચણી પણ સુપ્રીમ કોર્ટને ચીફ જસ્ટિસના અધિકાર આપે છે અને તેઓ માસ્ટર ઓફ રોસ્ટર હોય છે. હાલમાં કામિની જયસ્વાલ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયાના મામલામાં ૧૪મી નવેમ્બર ૨૦૧૭ના દિવસે ૫ જજની પીઠે ટિપ્પણી કરી હતી કે, ચીફ જસ્ટિસ ફર્સ્ટ અમન ઈક્વલ છે. અત્રે નોંધનીય છે કે, શુક્રવારના દિવસે સાત રાજકીય પક્ષોની સાથે જોડાયેલા ૬૪ સંસદ સભ્યોએ દિપક મિશ્રાને દૂર કરવાને લઇને નોટિસ ઉપર હસ્તાક્ષર કર્યા હતા. ત્યારબાદથી આને લઈને વિખવાદની સ્થિતિ સર્જાઈ હતી. આજે વેંકૈયા નાયડુએ કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષની આ નોટિસને ફગાવી દીધી હતી.

**ડીસા નગરપાલિકા..**

**પાના નં.૧ ચાલુ**

પ્લાન બનાવી તેનો નકશો સોમવારે ખેડૂતો સમક્ષ ડીસા નગરપાલિકા દ્વારા જાહેર કરાયો હતો.

ટી.પી.સ્કીમમાં કુલ જમીનમાંથી ૩૦ ટકા જમીન કપાત કરવામાં આવશે. જેની સામે મોટા પ્રમાણમાં રસ્તા, બાગ બગીચા, કોમન પ્લોટો તેમજ ભવિષ્યમાં શાળા અને હોસ્પિટલ સહિતની જગ્યાઓ માટે જમીન રિઝર્વ રખાશે. જ્યારે કપાત જમીનમાંથી પાલિકાને કોમર્શિયલ અને રેસિડેન્સિયલ હેતુ માટે પણ વેચાણ કરવા જગ્યા મળશે. જેના પૈસા એ જ વિસ્તારના વિકાસ કામોમાં અપાશે.

સોમવારે પાલિકામાં ખેડૂતો અને બિલ્ડરો સાથે બેઠક યોજી નકશો જાહેર કરાયો હતો.આ અંગે પાલિકા પ્રમુખે પ્રવીણ માળી એ જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લાની પ્રથમ ટીપી સ્કીમ છે. ટીપી સ્કીમમાં મોટા પ્રમાણમાં રસ્તાઓ, પાર્કિંગ સ્પેસ તેમજ તમામ પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થશે. ટીપી સ્કીમ લાગુ થતાં ખેડૂતોને જમીનોના ભાવ પણ ઊંચકાશે.

જયારે પાલિકાના ચીફ ઓફિસર જિગર પટેલે જણાવ્યું હતું કે, ૭૫૦ વિઘા જમીનમાં પાલિકાએ ટીપી સ્કીમ નંબર ૧ રજૂ કરી છે. જે અંતર્ગત કોઈપણ ખેડૂતોને વાંધા રજૂ કરવા હોય તે એક માસની અંદર તેમના વાંધા રજૂ કરશે અને તેમને યોગ્ય રીતે સાંભળવામાં આવશે ત્યાર બાદ ફાઇનલ રિપોર્ટ સરકારમાં રજૂ કરાશે.

**ડીસા સહિત..**

**પાના નં.૧ ચાલુ**

જેથી આમ પ્રજા સહિત ખેતીના પાકને પણ વ્યાપક અસર થઈ રહી છે. જેમાં છેલ્લા એક સપ્તાહમાં પાંચથી છ ડીગ્રી જેટલો તાપમાનમાં વધારો - ઘટાડો થતાં લોકોના આરોગ્ય પર પણ અસર પડી છે. છેલ્લા અઠવાડિયામાં મહત્મ તાપમાન ૩૭ ડીગ્રી થી ૪૨ ડીગ્રી સુધી જોવા મળ્યું છે. જેમાં શનિવારના મહત્તમ તાપમાન ૩૭ ડીગ્રી નોંધાયું હતું જે રવિવાર બાદ સોમવારે ૪૦ ડીગ્રીએ પહોંચી જતા એક જ દિવસમાં ૩ ડીગ્રી તાપમાનમાં વધારો થતાં લોકો પણ અકળાઈ ઉઠયા છે ત્યારે છેલ્લા એક સપ્તાહમાં નોંધાયેલ મહત્તમ અને લઘુત્તમ તાપમાનના આંકડા આ પ્રામાણે રહેલા છે. રાત્રીના લઘુત્તમ તાપમાન ઘટતા લોકોને રજાઈ ઓઢવાની નોબત આવી છે.

**આગથળા ગામની..**

**પાના નં.૧ ચાલુ**

અમીરગઢ પો.સ્ટે.ના પો.સ.ઈ. બી.આર.પટેલ તથા અમીરગઢ પો.સ્ટે.ના બાબુદાન, ઈલ્યાસભાઈ, મહેશદાન, રોહિતભાઈ, ઈન્દ્રદાન, રમેશભાઈ વિગેરે તેમજ આગથળા પો.સ્ટે.ના પો.સ.ઈ. વી.જી.પ્રજાપતિ તથા આગથળા પો.સ્ટે.ના હસમુખભાઈ પરષોત્તમભાઈ, વાલાભાઈ અગજીભાઈ વિગેરેએ પરીણામલક્ષી જહેમત ઉઠાવી હતી. અપહ્યત મહિલાને આરોપીઓની ચુંગાલમાંથી સહીસલામત રીતે ગણતરીના કલાકોમાં છોડાવી બનાસકાંઠા પોલીસે ટિમવર્કથી ઉત્તમ કામગીરી કરી વાહવાહી મેળવી.

**મોદી સરકારના...**

**પાના નં.૧ ચાલુ**

બાકી ૬૦ ટકા હિસ્સાને આ સ્કીમ માટે પોતાના ખિસ્સામાંથી સંપૂર્ણ અથવા તો કેટલીક રકમ આપવી પડશે. એક સિનિયર અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે તાજેતરમાં જ યોજાયેલી એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં પીએમઓ દ્વારા લેબર મંત્રાલય સમક્ષ સોશિયલ સિક્યોરિટી કવર પર પગલા લેવા માટે કહ્યુ હતુ. આ બેઠકમાં મંત્રાલયના અધિકારીઓએ યુનિવર્સલ સોશિયલ સિક્યોરિટી કોડના સંબંધમાં વાત કરી હતી. સાથે સાથે રજૂઆત પણ કરી હતી. નાણાં મંત્રાલય પણ આ વિચાર સાથે સહમત છે. અધિકારીઓના કહેવા મુજ શ્રમ મંત્રાલય દ્વારા નાણાં મંત્રાલયને ભલામણ કરવામાં આવી છે કે સરકાર આ સ્કીમને ધીમે ધીમે લાગુ કરે અને સૌથી ગરીબ લોકો સુધી સૌથી પહેલા કવર લાભ આપવામાં આવે. જાણકાર લોકોનુ કહેવુ છે કે આવુ થવાની સ્થિતીમાં શરૂઆતમાં ખુબ ઓછી રકમની જરૂર પડશે. આને યુનિવર્સલ બનાવવા માટે આગામી ૫-૧૦ વર્ષોમાં ફંડ ફાળવણીને વધારી શકાય છે. શ્રમ મંત્રાલય દ્વારા પ્રસ્તાવ આપવામાં આવ્યો છે કે સોશિયલ સિક્યોરિટી સ્કીમની જાળ મોટી રાખવામાં આવે. જેથી ૫૦ કરોડ વર્કર્સને રિટાયરમેન્ટ, હેલ્થ, ઓલ્ડ એજ, ડિસેબિલિટી , અનએમ્પ્લોયમેન્ટ અને મેટરનિટી લાભ આપવામાં આવી શકે છે. આ પહેલા પણ એક મોટી સ્કીમની જાહેરાત કરવામાં આવી હતી. જે નેશનલ હેલ્થ પ્રોટેક્શન સ્કીમ હતી. જેમાં ૧૦ કરોડ ગરીબ પરિવારોને પાંચ પાંચ લાખ રૂપિયાના હેલ્થ કવર આપવામાં આવી રહ્યા છે. યોજના એ છે કે યુનિવર્સલ સોશિયલ સિક્યુરિટી સ્કીમને ૧૦ વર્ષમાં ત્રણ તબક્કામાં લાગુ કરવામાં આવનાર છે. સરકારને આશા છે કે ત્યારબાદ તેને યુનિવર્સલ કરવામાં આવનાર છે. પહેલા તબક્કામાં તમામ વર્કરને નજીવા કવરેજ આપવામાં આવનાર છે. જેમાં હેલ્થ સિક્યોરિટી અને રિટાયરમેન્ટ લાભનો સમાવેશ થાય છે. બીજા તબક્કામાં બેરોજગારી લાભ જોડવામાં આવનાર છે. ત્રીજા તબક્કામાં બીજી કલ્યાણકારી યોજનાઓને શરૂ કરવામાં આવી શકે છે. ૫૦ કરોડ લાભાર્થીઓને ચાર સ્તરમાં વિભાજિત કરવામાં આવનાર છે. પહેલા સ્તરમાં ગરીબી રેખા નીચે રહેલા લોકોને લાભ આપવામાં આવશે. જે સિક્યોરિટી પેમેન્ટ કરી શકતા નથી. આવા લોકો સાથે જોડાયેલા ખર્ચને સરકાર આ લોકોની ભલાઇ માટે વસુલ કરવામાં આવતા ટેક્સ મારફતે કરશે. મોદી સરકારની આ સ્કીમથી કરોડો લોકોને સીધો લાભ થનાર છે.

**રોજગાર કચેરી...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આ તાલીમ વર્ગમાં જોડાવા માંગતા બનાસકાંઠા જિલ્લાના તમામ પુરૂષ ઉમેદવારોએ તેમની શૈક્ષણિક લાયકાતના તમામ અસલ પ્રમાણપત્રો તથા તમામની ઝેરોક્ષ નકલ તથા રોજગાર કચેરીના નામ નોંધણી કાર્ડની ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઇઝના બે ફોટોગ્રાફ્સ તથા બેંક પાસબુકની ઝેરોક્ષ અને આધાર કાર્ડ સાથે વહીવંચા બારોટ સમાજની વાડી, સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) ની બાજુમાં સદરપુર ચોકડી, પાલનપુર ખાતે તા.૨૬/૦૪/૨૦૧૮ના રોજ સવારે-૭.૦૦ કલાકે સ્વખર્ચે પ્રિ-સ્કુટીનીમા હાજર રહેવા જણાવવામાં આવે છે.

નિવાસી તાલીમ માટે પસંદગી પામેલ ઉમેદવારોને ૩૦ દિવસ સુધી વિનામૂલ્યે શારીરિક, માનસિક તાલીમ તથા રહેવા જમવાની સગવડ પુરી પાડવામાં આવશે. અગાઉ બિન નિવાસી/ નિવાસી તાલીમ માટે ફોર્મ ભરેલ ઉમેદવારો તેમજ તે સિવાયના ઉમેદવારો પણ પ્રિ-સ્કુટીનીમાં હાજર રહી શકશે. તેમ જિલ્લા રોજગાર અધિકારી (જનરલ) દ્વારા જણાવાયું છે.

**નકશા અને સીમાડાઓથી...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

અમેરિકાના નાગરિક થયા પછી હવે શા માટે કંઈ દુઃખ થવું જોઈએ ? છતાં ભારત માટે એને કશુંક ખટકે છે. એના હૃદયને દુઃખ પહોંચે છે., કારણ કે માત્ર અમેરિકન પાસપોર્ટ ધરાવતા માત્રથી એનો ભારત સાથેનો ભાવનો, લાગણીનો નાતો પુરો નથી થઈ જતો.

એમણે બીજા પણ અનેક દાખલાઓ, તર્ક રજુ કરી પોતાની વાતને ખુબ પ્રભાવક રીતે રજુ કરી હતી. આ અવસરે ગણપત યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ પ્રો.ડો. મહેન્દ્ર શર્માએ ડો.અગ્નિહોત્રીનું સ્વાગત કર્યુ હતું. અને ગણપત યુનિવર્સિટી દ્વારા જ યુવાનોને સશક્ત કરવા માટે હાથ ધરાયેલા મારૂતિ સાથેના સહિયારા ઉપક્રમ જીમનો તેમજ યુનિ.ની આસપાસના નવ ગામોના બાળકોને સ્વૈચ્છિક રીતે શનિ - રવિમાં ભણાવવા જતાં યુનિ.ના વિદ્યાર્થીઓ - પ્રાધ્યાપકોના “ગણપત વોલન ટીચર મુવમેન્ટ”ની વાત કરી હતી.

ગણપત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પ્રો.ડો.અમિત પટેલ, અનેક આચાર્યો, વિભાગીય વડાઓ, અધ્યાપકો તેમજ મરિન એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ સહિત સેંકડો શ્રોતાઓ આ અવસરે ખાસ ઉપસ્થિત રહી. ડો.કુલદીપચંદ અગ્નિહોત્રીના મનનીય પ્રવચનને ભારે રસપૂર્વક માણ્યું હતું.

**સુરતમાં ૪૦૦...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આ કાળમાં પૂજ્યશ્રીના વરદ હસ્તે ૪૦૦ મી દીક્ષા થઈ રહી છે. આચાર્ય રવિરત્નસૂરી મ.સા. કહ્યું કે પૂજ્યશ્રી ૪૦૦ મો રજોહરણ અર્પણ કરે એ દ્રશ્ય નિહાળવું એ એક જીવનમાં મોટો લ્હાવો છે.

આચાર્ય રશ્મિરત્નસૂરી મ.સા. જણાવ્યું કે આ કલિયુગમાં કોઈ વ્યક્તિને માત્ર પાન મસાલા છોડાવા હોય તો પસીનો છૂટી જાય છે. રાત્રે ભોજનનું ત્યાગ કરાવવું હોય તો મુશ્કેલ પડે છે. ત્યારે આ હાઈ-ફાઈ મોર્ડન જમાનામાં, વ્યસન અને ફેશનના યુગમાં વોટ્સઅપ, ઈન્ટરનેટ, યુ- ટ્યુબ, ફેસબુક, વાઈ-ફાઈ, ઈન્સ્ટ્રાગ્રામ, હાઈક જેવા યુગમાં દીક્ષા દાનેશ્વરી આચાર્ય શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા. જેઓએ જડમુળથી ફેમિલીઓના ફેમીલીને આખો સંસાર છોડાવી દીધો છે. ૨૪ એમબીબીએસ પતિપત્ની બાળકો સાથે ૨૪ પરિવારોને સંસાર છોડાવનાર તથા ૩૯૪ રજોહરણને પ્રદાન કરી, હવે માત્ર ૬૮ કલાકમાં જ ૪ થી સદી પૂર્ણ કરશે અને ૪૦૦ મું રજોહરણ અર્પણ કરશે.

યાહ તો ઝાંખી હૈ ૫ મી સદી અને ૫૦૦ મું રજોહરણ બાકી છે. ૪૦૧, ૨, ૩, ૪, ૫, ૬,૭ મું રજોહરણ લેવા માટે ભાગ્યશાળી એવા મુમુક્ષુઓ વેઈટીંગમાં છે. લાઈન લાગી છે. પછી ઘણા મુમુક્ષુઓ જીરાવલા મહાતીર્થમાં પૂજ્યશ્રીના હસ્તે રજોહરણ લેવાની તૈયારીમાં છે. પાલ- રાજહંસ એલીટા એરીયાથી પ્રારંભ થયુ સામૈયુ દીક્ષાદાનેશ્વરી આ.ગુણરત્નસૂરીશ્વરજી, શ્રી પુણ્યરત્નસૂરિજી, શ્રી યશોરત્નસુરિજી, શ્રી રવિ રશ્મિસુરિજી નિશ્રામાં જે મુમુક્ષુઓએ અરિંહત પરમાત્માનો સંગીતમય શક્રસ્તવાભિષેક કર્યો. બપોરે પૂજ્ય પ્રવર્તિની સા.શ્રી પુણ્યપરેખાશ્રીજીની નિશ્રામાં મુમુક્ષુઓના સંયમોપકરણોની છાબ ભરવાનો કાર્યક્રમ અને બેનોની ગીત- સાંજીનો કાર્યક્રમ યોજાયો. રાત્રે ૮ કલાકે ‘ગુડબાય સંસાર વેલકમ સંયમ’ કાર્યક્રમમાં મુમુક્ષુઓએ પ્રભાવી વ્યક્તવ્ય આપ્યું.

મંગળવારે સવારે ૮ કલાકે ભવ્યાતિભવ્ય વર્ષીદાન તથા બુધવારે સવારે ૪ કલાકે ઐતિહાસિક ૬ દીક્ષા સાથે ૪૦૦ મી દીક્ષા થશે. આ પ્રસંગે અનેક રાજકીય અતિથિઓ, સંઘના ટ્રસ્ટીઓ, શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહેશે. ઈન્ડિયા બુક રેકોર્ડ, એશિયા બુક રેકોર્ડ અને ગુજરાત બુકરેકોર્ડની ટીમ રેકોર્ડ જાહેર કરશે.

**ભુજ ખાતે...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

સમગ્ર બેઠક ની વ્યવસ્થા જિલ્લા અધ્યક્ષ ખેતશી ગજરા,મંત્રી રમેશ ગાગલ,સંગઠન મંત્રી નારણભાઇ ગઢવી, ઉપાધ્યક્ષ પરેશભાઇ ગુજરાતી , ભુજ તાલુકા અધ્યક્ષ કિશોરભાઈ કેશવાણી, પ્રવીણભાઈ ચમાર ,તેજસભાઈ પાઠક ,અજિતભાઈ ભાનુશાલી અને જગદીશભાઈ ત્રિવેદીએ સાંભળી હતી.

**ધાનેરા તાલુકામાં...**

**પાના નં.૮ ચાલુ**

લેવાની ના પાડે છે. બેંકોના વહીવટથી ત્રાસી ગયા છે. બનાસડેરી દ્વારા - ૧૩ મી તારીખે દુધની રકમ જમા થાય છે મોટા ભાગના ગામોનાં દૂધના પૈસા હજુ સુધી લોકોને મળ્યા જ નથી ગામમાં દર ૧૫ દિવસે અઢી કરોડનું પેમેન્ટ જમા થાય છે. તે પ્રમાણે ધાનેરા તાલુકા ના ૫૦ થી ૬૦ ગામોનું પેમેન્ટ ગણો તો કેટલું થાય ?

ધાનેરા એસ.બી.આઈ., દેના બેંક તથા તાલુકાના ૬૦ જેટલા એ.ટી.એમ. બંધ હાલતમાં છે. ખેડૂતો ચેક ના કાગળીયા લઈ આમથી તેમ ભટકી રહ્યા છે. બનાસ બેંકમાં ૧૫ કરોડનું દૂધ પેમેન્ટ આવેલ છે. ૮૦ ટકા લોકોને પેમેન્ટના પૈસા મળ્યા નથી. એચ.ડી. એફ.સી., અર્બન, આઈ.સી.આઈ.સી.આઈ., યુનિયનબેંક, દેના બેંકના બધાજ એ.ટી.એમ. બંધ છે.

આ વિસ્તારનો સરહદી તાલુકો તેમજ અંતરીયાળ ગણી તંત્ર કાયમી ઉપેક્ષા કરે છે. ધાનેરાની નેતાગીરી, આ બાબતે કંઈજ કરી શકતી નથી તેમને તો જાતીવાદ કોમવાદની રમતો રમી સત્તા કબજે કરવામાં જ રસ છે. હાલ લગ્ન ગાળાની તેમજ બેંકોમાં લોન પરત કરવાની તેમજ લોન લેવાનો સમય છે. બેંકો પણ લોનના નાણાં રોકડેથી જ સ્વીકારે છે. આર.ટી.જી.એસ. ચેકોથી સ્વીકારતી નથી. રોકડ આપવાની બીજા દિવસે લોનના ૫૦ ટકા રકમ જ રોકડમાં મળે છે.

ખેડૂતોને લોન ખાતામાં જમા પડી રહે છે. ઉપાડી શકતા નથી. વેપારીઓ ખેડૂતોના ખાતે આર.ટી.જી.એસ. કરે છે. ખાતામાં જમા પડી રહે છે. લગ્નના પ્રસંગે નાણાં મળી શકતા નથી.

ધાનેરા તાલુકાની તમામ બેંકોએ દુધ ઉત્પાદકો તેમજ ખેડૂતોને નાણાં આપવાનો ધરાર ઈન્કાર કરી દીધેલ છે. રોકડ ભરણું ક્યારે આવે તે અધિકારીઓ કંઈપણ કહેવા માગતા નથી.

**વાવ તાલુકામાં ...**

**પાના નં.૮ ચાલુ**

નર્મદા જળ સંપત્તિ વિતરણ દ્વારા પાઈપલાઈન અને આર.સી.સી. ટાંકીઓનું કામ થઈ રહ્યું છે. જેમાં ગેરરીતિઓની બૂમરાડ ઉઠવા પામી છે. જેમાં નર્મદા વિભાગના સુપરવાઈઝર, ના.કા. ઈજનેર અને કોન્ટ્રાક્ટરો તેમજ વચેટીયાઓની ભૂમિકા મહત્વની રહી છે. આ બાબતે જીલ્લા કલેક્ટર આ વિસ્તારમાં થતાં કામો ઉપર મોનીટરીંગ કરે તો ચોંકાવનારી વિગતો બહાર આવી શકે તેમ છે.

**વડગામ બસ સ્ટેન્ડ...**

**પાના નં.૮ ચાલુ**

બીજી કોન્ટ્રાકટર દ્વારા આ રોડના કામના મટેરિયલમાં પણ મોટા પાયે ગેરરીતિ આચરી હોય તેવું લોકોના મુખે રહ્યું છે. અને આ મટેરિયલનું રાત્રીના સમયે કોન્ટ્રાકટર અને સરકારી અધિકારીઓની મિલીભગતથી બારોબારીયું કરવામાં આવી રહ્યું છે તેવું લોકોના મુખે ચર્ચાઈ રહ્યું છે.

**સૌરભ...**

**અનુસંધાન ૫ નું ચાલું**

જ્ઞાન મેળવવું નથી, બીજા કરતા ઓછું કાર્ય કરવું છે, ઓછી મહેનત કરવી છે અને બીજા કરતાં વધારે ધન,દૌલત, ઈજ્જત અને સફળતા જોઇએ છે! યે મુશ્કિલ હી નહીં, નામુમકિન હૈ.સફળતા મેળવવા માટે સારો સ્વભાવ હોવો પણ જરૂરી છે. એક ચાઈનીઝ કહેવત છે કે જો તમને સ્મિત કરતાં ન આવડતું હોય તો તમે સફળ સેલ્સમેન ન બની શકો. તમારો સ્વભાવ ચીડીયો હોય, ઉગ્ર હોય, જઘડાળુ હોય તો તમારી સાથે કામ કરતાં લોકો જ તમને ગાળો આપશે, તમારાથી દૂર ભાગશે, પછી બીજા લોકોની તો વાત જ શું કરવી ! ફેસબુક ઉપર અમે વાંચ્યું હતું કે કડવી જીભ વાળાનું મધ પણ વેચાતુ નથી ને મીઠી જીભ વાળાના મરચાં પણ વેચાઇ જાય છે. સાચી વાત.

અભ્યાસ કે અધ્યયન કરવું એ સફળતાને ટકાવી રાખવા માટે આવશ્યક હોય છે. ખાસ કરીને જે લોકો ટેકનિકલ ક્ષેત્રમાં હોય એમને નવી નવી ટેકનોલોજી વિશે જાણતા રહેવું કે એનું અધ્યયન કરતા રહેવું ખૂબ જરૂરી છે. ડૉક્ટરો, એન્જિનીયરો, વૈજ્ઞાનિકો, અધ્યાપકો જેવા ટેકનીકલ નિષ્ણાંતો ઉપરાંત વકીલો અને ન્યાયધીશોને પણ નવા નવા ચુકાદાઓ વિશે વાંચવું આવશ્યક હોય છે. જે લોકો સમય અને જમાના સાથે તાલ નથી મેળવી શકતા તેઓ પાછળ રહી જાય છે. નવા નવા વિચારો માટે, નવીનતા માટે લેખકો, કવિઓ કે સર્જનાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને પણ ખૂબ વાંચવું આવશ્યક હોય છે. જે લોકો સમય અને જમાના સાથે તાલ નથી મેળવી શકતા તેઓ પાછળ રહી જાય છે. નવા નવા વિચારો માટે, નવીનતા માટે લેખકો કવિઓ કે સર્જનાત્મકતા ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને પણ ખૂબ વાંચવું પડે છે.

એવી જ રીતે નવી શોધો કરનારા ‘ઈનોવેટર્સ’ને નવા નવા વિચારો, નવી શોધો માટે ખૂબ વાંચવું, નિરિક્ષણ કરવું લોકોની સુવિધા માટે એમના વિચારો, આદતો વગેરે વિશે અધ્યયન કરવું પડે છે.

માત્ર અધ્યયન કરવાથી જ સફળતા મળતી નથી કે ટકતી નથી એના પછીનો મહત્વનો તબક્કો આવે છે પ્રેકટીસ. પ્રેક્ટીસ મેક્સ મેન પરફેક્ટ એવી અંગ્રેજીમાં કહેવત છે. ખેલાડી ગમે તેટલો મહાન બની જાય એને સતત પ્રેકટીસ કરતા રહેવી પડે છે. વિરાટ કોહલી, મહેન્દ્રસિંહ ધોની કે યુવરાજસિંહ – બધાને પ્રેકટીસ કરતા રહેવી પડે છે. લેખકોને સતત લખવાની પ્રેકટીસ કરવી પડે છે. માઇકલ ફેલ્પસ નામના અમેરિકન તરવૈયાએ બેઇજીંગ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ મેળવીને કુલ ૨૦ ગોલ્ડ મેડલ અને ૨ સિલ્વર મેડલ મેળવીને જીવનમાં અનોખો વિશ્વવિક્રમ સર્જયો છે. એની સફળતાનું કારણ શું હતું ? સતત પ્રેકટીસ એ સ્વીમીંગ પુલમાં રોજના સતત ૧૦ કલાક પ્રેકટીસ કરતો હતો.માણસ જે ક્ષેત્રમાં હોય એમાં એણે સતત પ્રેકટીસ કરવી પડે છે. જેઓ સતત પ્રેકટીસ કરતા રહે છે તેઓ જ સફળતા પ્રાપ્ત કરે છે અને એને ટકાવી રાખે છે. પ્રેકટીસ છૂટી તો સફળતા પણ છૂટી સમજો.જીવનમાં સફળતા મેળવવી હોય તો ખંતને તારો મિત્ર, અનુભવને ડાહ્યો સલાહકાર, સાવધાનીને મોટાભાઇ અને આશાને મેઘાવી વાલી બનાવ – એવી સોનેરી સલાહ એડીસન નામના વિદ્વાને આપી છે.

સફળ માણસોમાં ઘણીબધી બાબતો અસમાન્ય હશે પરંતુ બધામાં એક સામાન્ય બાબત જરૂરી હતી – ખંતપૂર્વક સખત પરિશ્રમ. જે લોકો સફળ થયા તેમણે ભુખ્યા તરસ્યા રહી, આરામ, મનોરંજન છોડી કાર્યમાં વ્યસ્ત રહ્યા. વહેલા ઉઠતા, મોડે સુધી જાગીને કામ કરતા કોઇ કવિએ સરસ મજાની કવિતા લખી છે,Life is what you make it. It depends upon the foundation that you lay. It is on the sound basis that you can build. On the trend of your mind -And on the determination to uphold what you think – and know – is right. Remebering Life's limits, and opprotunities which be.If you start your course with all your froce.

Every source of naturewill turn toward and help youTo achive your true success.

જેનો ભાવાર્થ એવો છે કે જીવનને તમે જેવું બનાવો તેવું બને છે. તમે કેવો પાયો નાખ્યો છે એના ઉપર એનો આધાર છે. તમે જ વિચારો અને જાણો છો અને જે સાચું છે એ તમારા મગજના મજબૂત પાયા ઉપર એવું ઘડતર કરી શકો છો. જીવનની મર્યાદાઓ અને તકો ને યાદ રાખો. તમે ધગશપૂર્વક જીવન સફળ આરંભો તો કુદરતી બળો તમને સફળતા અપાવવામાં મદદે લાગી જાય છે.જેઓ સફળ થવા માગે છે એમણે દિમાગની બારી ખુલ્લી રાખવી જોઇએ. નવા વિચારો માટે. નવી શક્યતાઓ માટે – લવચીક અને સર્વોતા મુખી વર્સેટાઇલ બનવું જોઇએ. માત્ર ગધા વૈતરૂં કરવાથી સફળતા મળતી નથી. ‘સ્માર્ટ વર્ક’ કે હોશિયારી પૂર્વક કાર્ય કરવાથી સફળતા મળે છે. સામાન્ય બુદ્ધિ અને ભૌલિક વિચારોની પણ આવશ્યક્તા હોય છે.સફળતાની આડે સો વિઘ્નો હોય છે. જેઓ ધીરજપૂર્વક આ વિઘ્નોને દૂર કરી પાર નીકળી જાય છે તેઓ જ મંઝિલે પહોંચે છે. આવું કરનારા વિશ્વના ઘણા મહાપૂરૂષો થઇ ગયા. જેમણે મુશ્કેલીઓ અને સખત હાડમારીઓનો સામનો કર્યો. જો તમારી ઉપર મુશ્કેલીઓ નથી આવી કે તમે હાડમારીવાળું જીવન નથી જીવ્યા તો તમે તમારા ચારિત્ર્યને સુદૃઢ બનાવવાનું ચુકી ગયા છો એ જાણી લેજો. જીવનમાં બધું જ સરળતાથી મળતું હોય. કોઇ મુશ્કેલીઓ ન હોય અને બધે સુખ જ સુખ હોય તો એનો અર્થ એ છે કે તમે ક્યાંય પણ કોઇ બાબત પાછળ લાગેલા નથી. તમે ક્યાંય જઇ નથી રહ્યા, તેથી તમે કંઇ પણ પ્રાપ્ત કરી શકશો નહીં, કેમકે સખત પરિશ્રમ જ સફળતા અપાવે છે. બીજી બાબત એ છે કે તમારો વિરોધ કરનારા જેટલા વધુ હશે તેમ તમારૂં ચારિત્ર્ય વધુ મજબૂત બનશે. સફળતા કોઇ એક બાબત કે ક્ષેત્ર પૂરતી મર્યાદિત હોઇ શકે નહીં. સાચી સફળતા જીવનના બધા જ ક્ષેત્રોને આવરી લે છે. સફળ માણસ મા બાપ તરીકે, પતિ તરીકે પુત્ર તરીકે, પાડોશી તરીકે, કાર્યકર કે દેશના નાગરિક તરીકે બધી જ રીતે સફળ હોય છે.

સફળતા એ પર્વતની ટોચનું આખરી મુકામ નથી એ તો છે સતત વિકાસ પામવાની પ્રક્રિયા અર્થાત્ સફળતા કોઇ મંઝિલનું નામ નથી સતત પ્રવાસનું કામ છે. **બી.કે. નીતાબેન**

## આરાધના

**અનુસંધાન ૫ નું ચાલુ**

પ. ભગવાન કહે છેજે સમદર્શ છે જે બધામાં મને જુએ છે અને મારામાં બધાને સમભાવે જુએ છે તે સાચો ભકત મને પ્રિય છે. જે કોઈની ક્ષતિ (ભુલ)ને ક્ષમતા (કુશળતા) માં ફેરવી જાણે, બીજાને પ્રેમ અને હુંફ આપીને તેને જીવનમાં આનંદ, ઉલ્લાસ પ્રગટાવવામાં મદદરૂપ થાય તેવા માણસોને સંતની વ્યાખ્યામાં મુકી શકાય. આવા સંતોને ભકત પણ કહી શકાય.

આવા ભકતોમાં કામ ભલે સુકાઈ ગયો હોય પરંતુ જીવન રસ તો ઝરતો જ રહે છે. ક્રોધ, મોહ, મદ, મત્સર, લોભ, માન, રાગ, દ્વેષ જેવા દુષણો શાંત થઈ ગયા છે. અથવા પરમાત્મામય બની ગયા છે, તેવા સંતો ભકતો અવારનવાર અવતાર ધારણ કરીને આ પૃથ્વી ઉપર વિચરે છે અને ભક્તિ માર્ગ આપણને બતાવીને ધન્ય કરે છે. **નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

## ચિંતન...

**અનુસંધાન ૫ નું ચાલું**

એટલે છે બાકી તો મોદી, માલ્યાને દાઉદ તો ડોળા કાઢીને બેઠા છે કે કયાંથી કેટલું ભારત બહાર લઈ જલસા કરાય. ભારતીય પ્રજા મોંઘવારી, ભ્રષ્ટાચાર, ભેળસેળ, ભુખમરાથી રીબાઈ રહી છેને હવે નોટબંધી બાદ તો થોડી ઘણી કમાણી કરી, બચત કરતી હતી તે પણ ડરાવી રહ્યો છે. એટલે જે કંઈ આવે તે ખર્ચી નાખી જીંદગીના દિવસો પુરા કર્યા. બાકી આ ભ્રષ્ટાચારીઓ કંઈ ખાવા નહીં દે, હમણાં ભ્રષ્ટાચારીઓના ટોળાં અવનવા અખતરા કરે છે. શાસક પક્ષ વિરોધ પક્ષ સામે ઉપવાસ કરી ધરણાં કરે અલ્યા ભારતની પ્રજા સાવ ડફોળને આવી મૂર્ખ છે. અઠવાડીયામાં એક નવો મુદો શોધી લાવીને પ્રજાનું ધ્યાન મોંઘવારી, ભ્રષ્ટાચાર, ભેળસેળ, ખોટી ખરીદીથી હટાવીને અન્ય દિશામાં દોરી જાઓ છો ને ખરેખર આ ભ્રષ્ટાચારીઓના ટોળાં સફળ પણ થાય છે. વર્ષોથી મહાપુરૂષોની જન્મજયંતિ કોઈ જાતના વાદવિવાદ વગર ઉજવાતી હતી હવે તેમાંય ભય અને દહેશતની લાગણી ગત શનિવારે તમે જોયું હશે કે દલીતોના મસીહા બંધારણના ઘડવૈયા ભારત રત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૭ મી જન્મજયંતિ ઉજવાઈ. અજંપાનો માહોલ જ આવું કેમ ? આવા મહાનુભાવોએ કયારેય વાદવિવાદને મહત્વ આપ્યું નહોતું. બૌધ્ધિક જ્ઞાનમાં તેમને કયાંક અન્યાય થયો હોય તો પણ ન્યાયીક રીતે શાંતિથી ઉકેલ લાવવા મથામણ કરતા જાહેર સરકારી સંપત્તિને નુકશાન પહોંચાડવાથી છેવટે તેની અસર સીધી કે આડકતરી રીતે આપણને જ થવાની.એટલે અન્યાય સામે ચોક્કસ લડવું જોઈએ પણ જાહેર સંપત્તિને નુકશાન ન થાય ને કોઈ વ્યક્તિ સમુદાય જુથના હાથ ન બનાય તેની વિશેષ કાળજી રાખવી જોઈએ. આવતીકાલે બ્રહ્મસમાજ શ્રી પરશુરામ ભગવાનની જન્મજયંતિ ઉજવાશે. દરેક સમાજના કોઈને કોઈ સ્વરૂપે મસીહા પેદા થયા જ છે જે સમાજને સાચો માર્ગ ચીંધે ને શાંતિથી જીવન વ્યતીત કરવા સમજાવે છે. તેમના જીવન ચરીત્રો પણ આજે તેમના જીવંત હોવાની અનુભૂતિ એટલા માટે ચોક્કસ કરાવે છે કે તેઓ શ્રેષ્ઠ માર્ગ તરફ ચાલ્યા છે. ભગવાન મહાવીર, બુધ્ધ જે કોઈ હોય તે પોતાના પર કષ્ટ સહન કરીને સમાજને કંઈક એવું આપ્યું કે સામાન્ય બાબતમાંય વિચલીત ન થાય. અમે સમાજ વચ્ચે રહ્યા સમાજે કાનમાં અનેક જાતના ખીલા ખોસ્યા છતાં પરવા કર્યા વગર સમાજને તે વિવાદના વંટોળમાં ખેંચ્યા સિવાય શાંતિ, એકતા, અખંડીતતાનો જ માર્ગ બતાવ્યો છે. હું ભલે દુઃખી થાઉં જેમાં સમાજના કેટલાક તત્વોની કુદ્રષ્ટી હશે પણ બધા ખરાબ નથી. જેમાંથી સારા લોકો આગળ આવશે તોય તેની પાછળ ચાલનારની સંખ્યા વધશે. નાનકડી ચિંતન ચિનગારી દિવ્ય જયોત પ્રગટાવીને શ્રેષ્ઠ પ્રકાશ પાથરી શકે છે. મહાપુરૂષોની આવી દિવ્ય દ્રષ્ટી ભાવના આજે વર્ષોના વર્ષો વીતવા છતાં તરોતાજા બની માનવીને સુમાર્ગે ચાલવાની પ્રેરણા આપે છે. વાચક મિત્રો આજે આટલું જ સફેદ દુધનો કાળો કારોબાર ને ઘી, ખાદ્યતેલમાં ભેળસેળનો વ્યાપ બેફામ વધી રહ્યો છે. કાળઝાળ ગરમી વધશે તેમ દુધનું ઉત્પાદન ઘટશે. તેની સામે માંગ તો વધવાની છે ને તેને પુરી કરવા ભેળસેળીયા, નકલખોરો સક્રીય બન્યા છે. જાગો ગ્રાહક જાગો તેવાં પેમ્ફલેટ ફરશે પણ સાચી તપાસ કરનાર કોઈ નથી. એટલે જ ભ્રષ્ટાચારીઓ બેફામ છે ???

**યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

**શ્રધ્ધા અને સંસ્કાર...**

**અનુસંધાન ૫ નું ચાલુ**

તેનો ભારો લેવા માટે વિનવણી કરી રહ્યો છે પણ કોઈ જ મળતું નથી. નગરના ધનાઢય એક શ્રીપતિ શેઠ માર્ગમાંથી પસાર થઈ રહ્યા છે.

ઓ શેઠજી ! આ ભારો લઈલોને..જે આપવું હોય તે આપજો ને ! હવે ભાર ઉપડતો નથી. ભુખનું દુઃખ પણ મને પીડી રહ્યું છે.' કઠીયારાના કરૂણા ઉપજાવે તેવા કરૂણ શબ્દો સાંભળીને શેઠે તેના પર નજર નાંખી.

‘ઓહ ! આ કઠીયારાના મસ્તક ઉપર તો બાવના ચંદનનું લાકડું છે સોના કરતાં મૂલ્યવાન કાષ્ઠ તેના મસ્તક ઉપર હોવા છતાં તે દીન-હીન બનીને બોલી રહ્યો છે. ધનવાન હોવા છતાં પોતાની જાતને નિર્ધન માનતો આ બિચારો બની રહ્યો છે...’ શેઠ મનમાં જ બોલ્યા..

માનવ જાતની આ જ મોટી કમનસીબીઓ છે કે પોતાની પાસે જે સંપત્તિ છે તેનું મૂલ્યાંકન તે નથી કરી શકતો.

‘અરે ! ઓ કઠિયારા ! તને ખબર છે કે તારા માથા ઉપર તેં શું ઉપાડયું છે ?

હા શેઠ ! એટલી તો મને ખબર છે કે મારા માથે મેં લાકડું ઉપાડયું છે પણ એ મને ખબર નથી કે આ લાકડું કયારે વેચાશે ? કઠીયારાએ લાકડું શું છેએની કોઈ જ વિચારણા ન હતી.

‘ભાઈ આ તો બાવના ચંદન છે..’ શેઠે તેને લાકડાની ઓળખ આપી.

‘શેઠ! મને બાવના ફાવનાની કાંઈ જ ખબર નથી. હમણાં હું તો બાવો છું.. એટલી જ મને ખબર છે..’

‘ભાઈ ! આ તો બહુ મૂલ્યવાન કાષ્ઠ છે. સુવર્ણ કરતાં પણ આની કિંમત વધારે છે..’

શેઠ ! જે આપવું હોય તે આપોને.. હવે ભુખ મને ખુબ જ સતાવે છે.. ગ્રાહક મળી ગયો છે એમ સમજીને બાવના ચંદનનો ભારો ધબ દઈને નીચે નાખ્યો..

બદ્ધ લક્ષ્યવાળા જીવો કયારેય ઉંચા આદર્શો તરફ નજર પણ નથી નાખતા. કાન્હડ ક્ષુધાતુર બન્યો હતો. એટલે ભોજન સિવાય બીજી કોઈ જ વાત તેના મનમાં આવતી ન હતી..

શ્રીપતિ શેઠે વિચાર્યું કે, આ કઠિયારો ભોળો છે કોઈક ઠગ તેને ઠગીને મફતમાં લાકડા લઈ લેશે. એની પહેલા જ હું આ લાકડાનું મૂલ્ય તેને આપી દઉં.. લાકડાનું વજન કરીને તેના જ વજન પ્રમાણે સોનું કઠીયારાને આપી દીધું. કાન્હડ આટલું સોનું મળતાં ખુબ ખુશ થઈ ગયો. ચાર દિવસથી ભોજન કર્યું ન હતું. શરીર અશકત પણ હતું તો પણ સોનું મળતાં શરીરનો થાક ચાલ્યો ગયો. હવે ચાલવામાં પણ જોશ આવી ગયું.

**પં.રાજપદ્મ વિજયજી**

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૦૦૦-૪૦૫૦૦**
રૂપુ કાચું ૪૦૦૦૦-૪૦૫૦૦
સોનુ તોલો ૩૨૦૦૦-૩૨૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૧૯૦**
પામોલીન ૧૧૭૦
સોયા રીફાઈન ૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૫૦
**સીંગતેલ૧૫ કી. ૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૯૦
**સીગતેલ ૫ લી. ૪૭૦**
તિરૂપતી કપા. ૧૩૬૦
૫ લીટર ૪૩૨
વનસ્પતિ ઘી ૯૦૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ ૧૧૫૦
પલી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૩૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૪૦
૫ લી. ૩૪૫
૨ લી. ૧૬૦
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૧૦૦-૩૩૦૦**
**ખાંડ એમ. ૩૪૦૦-૩૬૦૦**
ખાંડએલ. ૩૨૫૦-૩૩૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગઠ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૬૮૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૬૦૦-૧૦૦૦
લીંબુ ૧૪૦૦-૧૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૪૦-૧૦૦૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૧૨૦
**ભીંડા ૫૦૦-૬૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૧૧૦૦-૧૯૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૫૦૦-૭૦૦
બાદશાહ બટાકા ૩૦૦-૩૨૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**
તુવેર ૮૦૦-૧૨૦૦

## રોજગાર કચેરી નિવાસી તાલીમ વર્ગના કો-ઓર્ડીનેટરની નિમણુંક કરવા બાબત

પાટણ

જિલ્લા રોજગાર કચેરી,પાટણ દ્વારા આર્મી/એરફોર્સ/નેવી/અર્ધ લશકરી દળો/પેરા મીલીટ્રી ફોર્સ તથા પોલીસ ફોર્સ વિગેરે માં જોડાવવા ઈચ્છુક ઉમેદવારો માટે ભરતી પુર્વેની એક માસનો વિના મૂલ્યે નિવાસી તાલીમ વર્ગ આગામી ૦૧/૦૫/૨૦૧૮ થી ૩૦/૦૫/૨૦૧૮ સુધી કરવામાં આવનાર છે. ૩૦ દિવસ ચાલતા આ નિવાસી તાલીમવર્ગના સંચાલન માટે કો-ઓર્ડીનેટર નિમણુંક કરવાની થાય છે.જેમાં કો-ઓર્ડીનેટરની નિમણુંક કરવા માટે કોઈ પણ પ્રવાહમાં ગ્રેજ્યુએટની લાયકાત ધરાવતા પુરૂષ ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. અરજીપત્રકનો નમૂનો જિલ્લા રોજગાર કચેરી, પાટણ પાસેથી મેળવી અત્રેની કચેરીને તા.૨૭/૦૪/૨૦૧૮ સુધીમાં પોસ્ટ દ્વારા/રૂબરૂમાં અરજી આપવાની રહેશે તેમ રોજગાર અધિકારીશ્રી-પાટણની યાદીમાં જણાવાયું છે.

## હારિજ ટાઉનમાંથી બે જુગારિયા ઝડપાયા

હારિજ

હારિજ શહેરમાં તમામ પ્રકારની ગુન્હાખોરી વધવા લાગી છે, દારૂ-જુગારની બદી ઠેરઠેર જોવા મળે છે,ત્યારે કેટલાક ઈસમો પોતાના અંગત ફાયદા સારૂ હાર-જીતનો જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળતાં હારિજ પોલીસે હકીકતના આધારે રેડ કરી જુગારનું સાહિત્ય અને રોકડ મળી કુલ રૂા.૩૪૫૦ નો મુદામાલ જપ્ત કરેલ. તેમજ પોલીસે જુગાર રમતા વિનોદ અમૃતલાલ રાવળ, અને યાસીનભાઈ કલુભાઈ (રહે.હારિજ) ને ઝડપી લઈને બંનેની વિરૂધ્ધ જુગારધારા મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## પાટણના મુખ્ય બજારમાં પાલિકાએ કરેલા પાઈપ લાઈનના ખાડા પુર્યા બાદ રસ્તો ઉબડ ખાબડ બન્યો

પાટણ

પાટણમાં પીવાના પાણીની નવી પાઈપ લાઈન નાંખવા મુખ્ય બજાર એવા ગાંધીરોડ પર હિંગળાચાચરથી દેશીવટ બજારના નાકા સુધી રોડની બંને સાઈડોનું ખોદકામ નગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમ્યાન વેપારીઓનો ૭૦ ટકા ધંધો ઠપ થઈ ગયેલ. કેમ કે દુકાન પર આવતા ગ્રાહકો ઉભા ક્યાં રહે? ખાડાઓના કારણે અનેક વહાન ચાલકોને અકસ્માતે ઈજાઓ થઈ હતી. પાઈપ લાઈનનું કામ પતી ગયા બાદ ખાડાઓ પુરવાની જે કામગીરી કરવામાં આવી તે ઉપરથી એવું ચોક્કસ માની શકાય. પાલિકાનો વહીવટ તદન ખાડે ગયેલ છે. કેમ કે ખાડાઓનું પુરાણ જેવું જોઈએ તેવું થયું નથી. બહાર ઉપસી આવેલી કોંકરેટ લોકોના પગમાં ખુંચાય છે કેટલાક ચાલીને જતા બાળકોના પગે લોહી નિકળ્યું હોવાના બનાવો પણ બન્યા છે. વર્તમાન સંજોગોમાં રોડની એક પણ સાઈડમાં ચાલી શકાય નહિં તેવી સ્થિતિ નજરે પડે છે. બને તેમાં વૃધ્ધ વ્યક્તિ ઠોકરો ખાઈને રોડ પર પડી જતાં હોવાના બનાવો હવે રોજીંદા બની ગયા છે. પુરાણ બરાબર દબાવીને થયું નથી જેથી સમગ્ર રોડ પુનઃપેવર બનાવવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

## પાટણઃ સગા દીકરાએ અંધારામાં માતા પર દુષ્કર્મ આચર્યું

પાટણ

ઉનાવ અને કઠુઆ ગેંગરેપ જેવી ઘટનાઓના લીધે દેશભરમાં આક્રોશ ફાટી નીકળ્યો છે ત્યારે ફરી એક એવી ઘટના સામે આવી છે જેના અંગે જાણીને તમે ધુંઆપુંઆ થઈ જશો. માતાને કૂખને લજવે તેવી ચકચારી ઘટના પાટણ જિલ્લામાં બની છે. આ કિસ્સામાં સગી જનેતાને જ નરાધમ દીકરાએ પીંખી નાંખતા આખા પંથકમાં આક્રોશ ફાટી નીકળ્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર, પાટણના જળચોક વિસ્તારના વાડીયાવાસમાં રહેતા ચંપાબેન (નામ બદલાવેલું છે)ને તેના સગા અપરણિત દીકરાએ ઘરમાં તેમના પર દુષ્કર્મ આચર્યું હતું.

ચંપાબેનનો કપાતર દીકરો મોબાઈલની દુકાનમાં કામ કરતો હતો. જે રાત્રે ઘરે આવ્યો હતો અને જ્યારે માતા રાત્રીનાં અંધારામાં પાણી પીવા માટે ઉભી થઈ હતી ત્યારે કપાતર દીકરાએ ઘર બંધ કરીને માતાનું ધાવણ લજવ્યું હતું. આ ઘટનાની બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધીને આરોપી કપાતર પુત્રને ગણતરીના કલાકોમાં જ પોલીસે ઝડપી પાડ્યો હતો. હાલમાં પાટણમાં જનેતા સાથે દુષ્કર્મનો આ મામલો ચર્ચામાં છે અને ન્યાય માટે માતા પોલીસ સ્ટેશન પહોંચી છે.

## રાધનપુર તાલુકાના મહેમદાવાદમાં શ્વાન માટે લાડુનું ભોજન


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના મહેમદાવાદ ગામે ગુરુમંદિર આશ્રમ ખાતે અનેક સેવાકીય પ્રવૃત્તિઓ ચાલે છે,જેમાં દર મહિનાની સુદ સાતમના દિવસે શ્વાન માટે લાડુનું ભોજન દાતાઓના સહયોગથી બનાવવામાં આવે છે,અને ગામના દરેક વિસ્તારના શ્વાનોને પીરસવામાં આવે છે.શ્વાન માટે લાડુ બનાવવાનું મશીન પણ દાતાઓના સહયોગથી વસાવવામાં આવ્યું છે.જેના દ્વારા ગામની મહિલાઓ અને સેવાભાવી પુરુષો દ્વારા શ્વાન માટે લાડુ બનાવવામાં આવે છે.ગુરુમંદિરના મહંત સેવાકીય કાર્યોમાં રસ લઈને કાર્યોને આગળ ધપાવે છે.

## સાંતલપુર તાલુકાના ચારણકામાં ૨૩૦ ચુલાનું વિતરણ કરાયું


કમલ ચક્રવર્તી

રાધનપુર

પાટણ જિલ્લાના છેવાડાના ચારણકા નજીક એશિયાનો સૌથી મોટો સોલાર પાર્ક બનેલો છે,આ સોલાર પ્લાન્ટમાં કાર્યરત એવી મહિન્દ્રા સસ્ટેન કંપની દ્વારા ચારણકા ગામના ગ્રામ્યજનોને કંપનીના સાઈટ મેનેજર ગૌરવ જોશીની અધ્યક્ષતામાં અને કંપનીના સી.એસ.આર.મેનેજરો જશપાલસિંહ અને સુરમયી કૌશિકની ઉપસ્થિતિમાં કેન્દ્ર સરકારના નીરી વિભાગ દ્વારા વિકસિત વિશેષ પ્રકારના તૈયાર કરવામાં આવેલા ૨૩૦ ચુલાનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ ચૂલામાં લાકડા અને છાણાનો ઉપયોગ કરી શકાય છે.ગ્રામજનોએ આ ચૂલા આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## વડાલી તાલુકાના ખેડૂતો દ્વારા ઈડર અંબાજી હાઈવે જામ કરાયો





પ્રતિ. વડાલી

વડાલી તાલુકાનાં ખેડૂતો દ્વારા વડાલી માર્કેટયાર્ડ તથા મામલતદાર ઓફિસ આગળ ટ્રેકટરો રોડ વચ્ચો વચ્ચે મુકી દઈ રોડ જામ કરવામાં આવ્યો હતો વડાલી તાલુકાના ૧૫૦ ટ્રેકટરો ભરી ઘઉં સરકારી ગોડાઉનમાં સરકાર દ્વારા ખરીદી કરી ઘઉં લેવાના હતા પરંતુ કોઈ અધિકારી ઘઉંનુ વજન કરવા કે પાવતી બનાવા હાજર નહોવાથી બપોરના ૩ વાગે ખેડૂતો દ્વારા (હંગામી) કરવામાં આવ્યો હતો અને બધા જ ટ્રેકટરો રોડ ઉપર પાર્ક કરી દઈ ૧ કલાક સુધી હાઈવે જામ કરી દેવામાં આવ્યાં હતો વડાલી પી.એસ.આઈ ચૌધરીને આ અંગે જાણ થતાં સ્ટાફ સાથે દોડી ગયેલ અને ખેડુતોને સમજાવતા આખરે રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો.

## મંત્રીના અધ્યક્ષ સ્થાને પાટણ ખાતે સુજલામ સુફલામ જળ અભિયાનની સમીક્ષા બેઠક યોજાઈ



પાટણ

ગુજરાત સરકારશ્રી દ્વારા કેબિનેટની મિટિંગમાં નક્કી કર્યા મુજબ વિવિધ સરકારી વિભાગો, એન.જી. ઓ., ધાર્મિક સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ અને ગામલોકોના સહયોગથી તારીખ ૦૧/૦૫/૨૦૧૮થી તારીખ ૩૧/૦૫/ ૨૦૧૮ દરમિયાન જળસંચય અભિયાન હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે.

જે અંતર્ગત પાટણ જિલ્લામાં જળસંચયના તમામ સ્ત્રોતો જેવા કે તળાવો, ચેકડેમ, નદી, કેનાલ,વનતલાવડી વગેરેને મોટા કરવા કે ડિસોલ્ટીગ દ્વારા પાણીનો બગાડ રોકવા અને મહત્તમ પાણીનો સંગ્રહ થઈ શકે તે પ્રકારના કામો હાથ ધરવામાં આવનાર છે. જેથી આગામી ચોમાસા પહેલા જિલ્લામાં પાણીની મુશ્કેલી નિવારી શકાય અને વરસાદી પાણીના સંચય કામગીરી મહત્તમ પ્રમાણમાં થઈ શકે. આ સમીક્ષા બેઠકમાં શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે પાટણ જિલ્લામાં જળ સંચયના કામો ચોમાસા પહેલાં અને સમયસર પુર્ણ થાય તે માટે માસ્ટર પ્લાન બનાવી ઝડપી કામગીરી કરવા અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

સમીક્ષા બેઠકનું પાટણ જિલ્લાના પ્રભારી સચિવશ્રી મનીષ ભારદ્વાજે જળ સંચયના કામોનું પ્રેઝન્ટેશન નિહાળી કામગીરીની સમીક્ષા કરી હતી. સબંધિત અધિકારીઓને માર્ગ દર્શન આપ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરૂ, નિવાસી અધિક કલેકટર બી.જી.પ્રજાપતિ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક દિનેશભાઈ પરમાર, સબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

## કારની ખોટી નંબર પ્લેટ લગાવી દારૂ લેવા નીકળેલો શખસ ઝબ્બે

હિંમતનગર

હિંમતનગરના મોતીપુરા સર્કલ આગળ શુક્રવાર. ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતું. દરમિયાન સ્વીફ્ટ કાર (જી.જે-૧-એચ.આર.-૨૩૭૫)ના ચાલક પાસે ડ્રાયવીંગ લાયસન્સ ન મળી આવતા પીએસઆઈ મીનાબા ઝાલાએ ચાલક વીકીસ/ઓ શશીલક્ષ્મણ ઝા (અમદાવાદ)ની પૂછપરછ કરતાં ૧.૪૫ લાખ લઈને દારૂ લેવા નીકળ્યો હોવાનું તથા (જી.જે-૧-આર.એલ-૩૬૬૨)ની જગ્યાએ ખોટી નંબર પ્લેટ લગાવીને હોવાની કબૂલાત કરતાં રોકડા અને કાર કબ્જે લઈ અટકાયત કરી એડીવીઝનમાં ફરિયાદ નોંધાવી હતી.

જયારે અન્ય બનાવમાં છાપરીયા વિસ્તારમાંથી બાઈક (જી.જે-૯-ડી.બી-૪૩૮૦) લઈને પસાર થઈ રહેલ ઝાલા દીલીપસિંહ રેવુસિંહ (મનોરપુર) અને દશરથકુમાર કરશનભાઈ પરમાર(બાવસર) ને અટકાવીને તપાસ કરતાં તેમાંથી રૂ.૭૫૦૦ નો દારૂ મળી આવ્યો હતો. બંનેની અટકાયત કરી એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી દારૂના જથ્થા અને બાઈક સાથે સોંપવામાં આવ્યા હતા.

## પાટણમાં પાણીની પાઈપ લાઈનો લીકેજ થતાં વેડફાતું હજારો ગેલન પાણી

પાટણ

પાટણ શહેર સહિત જિલ્લામાં ગરમીનો પારો ઉંચકાતાં લોકો ત્રાસી ઉઠ્યા છે, બીજી તરફ પીવાના પાણીની જિલ્લાના છેવાડાના વિસ્તારોમાં ભારે અછત હોઈ લોકોને પાણી મેળવવા રઝળપાટ કરવાનો વારો આવ્યો છે, પરંતુ પાટણ નગરમાં ઠેર ઠેર પીવાના પાણીની પાઈપ લાઈનોમાં ભંગાણ પડતાં હજારો લીટર પાણી માર્ગો પર વેડફાઈ રહ્યું છે. આ અંગે પાલિકાના સત્તાધિશોને અનેક વખત રજૂઆતો કરવા છતાં પણ કોઈ એટીએમ કામ હાથ ન ધરતાં સત્તાધિશોની અણ આવડત છતી થવાનું લોક મુખે ચર્ચાય છે.

જિલ્લામાં છેલ્લા કેટલાય દિવસથી ગરમીનું પ્રમાણ વધતાં લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે છેવાડાના વિસ્તારોમાં ગરમીને લઈને લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. ઉનાળાની કાળઝાળ ગરમી તેમાં પણ પીવાના પાણીની અછત સમયે છેવાડાના ગામોમાં પાણી મેળવવા લોકોને ભારે રઝળપાટ કરવાનો વારો આવ્યો છે. તો કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીનો વેપલો પણ મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે, ત્યારે પાટણમાં જાહેર માર્ગ પર પર તેમજ અંતરિયાળ પર ઠેરઠેર પીવાના પાણીની પાઈપ લાઈનોમાં ભંગાણ સર્જાતા હજારો ગેલન પાણી વેડફાઈ રહ્યું છે. પાણીની પાઈપમાં ગંદુ પાણી પણ આવે છે.

પાલિકા દ્વારા મેઈન માર્ગ પર નાંખવામાં આવેલી પીવાના પાણીની પાઈપ લાઈન હલકી ગુણવત્તાવાળી નાંખી હોવાથી પાઈપ લાઈનમાં લીકેજ થતાં પાણી વેડફાઈ રહ્યું છે અને માર્ગો પર ખાબોચીયા ભરાય છે. પાઈપ લાઈન નાંખવાની કામગીરીમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાની બૂમરાડ ઉઠી છે. કોંગ્રેસના સત્તાધિશો પ્રજાની સમસ્યાઓ હલ ન કરી શકતા હોય તો સત્તાપરથી રાજીનામું આપી દેવું જોઈએ તેવું ચર્ચાય છે.

## જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને ફરિયાદ અને સંકલનની બેઠક યોજાઈ



પાટણ

પાટણ કલેકટર કચેરી વિડીયો કોન્ફરન્સ હોલ ખાતે જિલ્લા કલેકટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને ફરિયાદ અને સંકલનની બેઠક યોજાઈ હતી જેમાં પાટણ વિધાનસભાના ધારાસભ્ય ડૉ.કિરીટભાઈ પટેલ, સિધ્ધપુર વિધાન સભાના ધારાસભ્ય ચંદનજી ઠાકોર અને જિલ્લા વિકાસ અધિકારીરાજેશ રાજયગુરૂ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં પાટણ અને સિધ્ધપુર વિધાન સભાના ધારાસભ્યોએતળાવ, જમીનના સર્વે એસટી બસ, રેતી, જમીનના દબાણ અંગેના ખેતીવાડીને લગતા પ્રશ્નો ચોમાસાના પાણીના નિકાલ અંગેના પ્રશ્નો તેમના તરફથી રજુ કરવામાં આવ્યા હતા. કલેકટરશ્રીએ જણાવ્યું કેધારાસભ્યશ્રીએ રજુ કરેલ પ્રશ્નો ઝડપથી નિકાલ થાય અને થયેલ કામગીરીનો અહેવાલ ઝડપથી ધારાસભ્યશ્રીઓને મોકલી આપવા અધિકારીઓને જણાવ્યું હતું. મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના હેઠળ પાટણ જિલ્લામાં આશરે ૧૦૦૦ લાભાર્થીઓ રોજગારી આપવાનો લક્ષાંક છે. તે પૂર્ણ કરવા માટેનું આઈ.ટી.આઈ. દ્વારા પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું. અને સરકારી વકીલ દ્વારા સરકારના કેસો ઝડપથી નિકાલ થાય તે માટે ઓરીજનલ ડોકયુમેન્ટ રજુ કરવા. કેસોનું ઝડપથી નિરાકરણ થાય તે માટેના જરૂરી સૂચનો અધિકારીઓ સમક્ષ રજુ કર્યા હતા. જેથી કેસોનો ઝડપથી નિકાલ થાય. સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં જણાવ્યું હતું કે, ગત અરસા દરમિયાન ફરિયાદ સમિતિએ લગતો પડતર કેસો નથી. બેઠકમાં પડતર અરજીઓ, સરકારી કર્મીઓનાં પડતર પેન્શન કેસો, બે વર્ષમાં નિવૃત્ત થનાર કર્મચારી-અધિકારીઓના કેસો, ખાતાકીય તપાસની બાકીના કેસો સહિત સરકારી નાણાંની વસૂલાત અંગે પરામર્શ કરાયો હતો. બાકી વસુલાત ખૂબ ઝડપથી પૂરી કરવાનો કલેકટરશ્રીએ અનુરોધ કર્યો હતો.આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી બી.જી.પ્રજાપતિ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી દિનેશ પરમાર,પ્રાંત અધિકારીશ્રીતેમજ જુદી જુદી કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બહુચરાજીના બરિયફ ગામે વેરાઈ માતાના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન



ચાણસ્મા

બહુચરાજી તાલુકાના બરિયફ ગામે અંદાજે ૬૦ થી ૭૦ લાખના ખર્ચે તૈયાર થયેલા વારાહી માતાજીના મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ગતરોજ રવિવારે ભારે ઉમંગ અને ઉલ્લાસભર્યા માહોલમાં પૂર્ણાહુતિ થઈ હતી. આ ત્રિ-દિવસીય મહોત્સવમાં ગામના વતની અને દેશ- દેશાવરમાં રહેતા તમામ લોકો તેમજ સમગ્ર પંથકમાંથી હજારો શ્રદ્ધાળુઓએ ઉમટી પડી દર્શનનો લાભ લીધો હતો.બરિયફ ગામે સમસ્ત બરિયા પરિવાર દ્વારા નવનિર્મિત વેરાઈ માતાજીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના અંતિમ દિવસે ગતરોજ રવિવારે નવચંડી યજ્ઞની પૂર્ણાહુતિ થઈ હતી. બપોરે ૧૧-૩૯ કલાકે ભૂદેવોના પવિત્ર મંત્રોચ્ચારણ સાથે મંદિરમાં માતાજીની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રસંગે સમગ્ર માહોલ વેરાઈ માતાજીના જયજયકારથી ગૂંજી ઉઠ્યો હતો. મહોત્સવ દરમિયાન અનેક સંતો-મહંતોએ હાજર રહી આશીર્વચન પાઠવ્યા હતા. યજ્ઞના આચાર્ય પદે અમરીશકુમાર શાસ્ત્રી હતા. રવિવારે બપોરે પ્રતિષ્ઠા હોમની પૂર્ણાહુતિ બાદ મહાઆરતી કરાઈ હતી. બાદમાં સમસ્ત ગ્રામજનોએ સમૂહપ્રસાદનો લાભ લીધો હતો. ગામની એકતાના દર્શન કરાવતા આ પ્રતિષ્ઠા મહોત્સવમાં નામી-અનામી દાતાઓએ દાનનો પ્રવાહ વહેવડાવ્યો હતો. મહોત્સવને સફળ બનાવવા ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## સાબરકાંઠા જિલ્લામાં જળ અભિયાન યોજાશે



હિંમતનગર

સાબરકાંઠા જિલ્લામાં ૧૮૪ તળાવો ઉંડા કરવા, ૩૦૯ ચેકડમ ડીસિલ્ટીગ કરવા તથા ૧૧ નહેરોના ડીસિલ્ટીગનું કામ કરવામાં આવશે. જેમાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત જળસંપત્તિ વિભાગ દ્વારા ૨૯ તળાવ ઉંડા કરવા, ૧૩૩ ચેકડેમ ડીસીલ્ટીગ અને ૧ નહેરની સફાઈ મળી કુલ ૧૬૬ કામ કરવમાં આવશે. જયારે સિંચાઈ પંચાયત વિભાગ દ્વારા ૧૬૨, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૧૪૯, જિલ્લા વોટર શેડ દ્વારા ૧૧૬ કામો હાથ ધરવામાં આવશે. જીલ્લામાં આવેલ નગરપાલિકા વિસ્તાંરોમાં પણ જળસંચયના કામો હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લાની ૧૩ પાણી પુરવઠા યોજનાની ૮૦૫ કિ.મી પાઈપ લાઈનના કુલ ૮૩૯ એરવાલ્વ તપાસ કરી મરામત હાથ ધરવામાં આવશે અને પાણીના વ્યયને અટકાવવામાં આવશે. જયારે ખેડબ્રહ્માની મંગોલ વાડી નદીનું ૧૩ કિ.મી લાંબી નદી કિનારે વુક્ષારોપણ, ચેકડેમ નિર્માણ અને સફાઈ હાથ ધરી કાયાકલ્પ કરવામાં આવશે. જિલ્લામાં વન વિભાગ દ્વારા ૧૦,૫૭,૦૦૦ રોપાઓનું વાવેતર કરી જિલ્લાને હરીયાળો બનાવવાની દિશામાં કામગીરી કરવામાં આવશે. સિંચાઈ અને પાણી પુરવઠા રાજય મંત્રી પરબતભાઈ પટેલે જળ અભિયાનને સફળ બનાવવા ઉપયોગી માર્ગદર્શન અને સુચના આપી હતી. તેમણે કહ્યું કે પાણી અમૂલ્યા છે તેનો કરકસર અને વિવેકથી ઉપયોગ કરી જળસંગ્રહના આ અભિયાનમાં પ્રજા પણ જાગૃતિપૂર્વક જોડાય એ બહુ જરૂરી છે. તેમણે કહ્યું કે ભૂગર્ભ જળસ્તણર ઉંચા આવવાથી વિશેષ કરીને ખેડૂતોને બહુ જ ફાયદો થાય છે.

બેઠકમાં જિલ્લા પ્રભારી સચિવ શ્રીમતી ડૉ. જયંતિ રવિએ શાળા અને કોલેજના એન.એસ.એસ-એન.-સી.સી તથા મેડિકલ કોલેજના વિધાર્થીઓને જોડીને જળસંગ્રહનું નમૂનારૂપ કામ કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.સાબર ડેરી, માર્કેટયાર્ડ, બી.એ.પી.એસ. પરખ સહિતની સ્વૈચ્છિક સંસ્થાઓને જળ અભિયાનના આ કાર્યમાં જોડાઈને સહભાગી થવા સહમતિ દર્શાવી હતી.

કલેકટર પ્રવિણા ડી.કેએ જીલ્લાવના આયોજનની વિગતો આપતાં જણાવ્યું કે જળ અભિયાનમાં જીલ્લા અને તાલુકા કક્ષાએ સમિતિઓ બનાવવામાં આવશે.બેઠકમાં અધિક કલેકટર વી.એલ.પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ડામોર, સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર ચૌધરી સહિત જિલ્લાના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મહેસાણામાં વિદેશ જતા છાત્રો માટે સેમિનાર યોજાયો

મહેસાણા

વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટી દ્વારા પીરામીડ ઓવરસીઝ એજ્યુકેશન ખાતે સેમિનાર યોજાયો હતો. જેમાં વિદેશ ખાતે અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીની ઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઓસ્ટ્રેલિયાની સાઉથન કોસ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે માહિતી આપીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ચાણસ્મા ખાતે કરિયાણાની દુકાનમાંથી માલ-સામાનની ચોરી

'ચાણસ્મા

ચાણસ્મા ઉગમણા દરવાજા પાસે રહેતા ઠક્કર કોકીલાબેન રસીકલાલ કરિયાણાની દુકાન ચલાવે છે, જે દુકાનને ગત શુક્રવારે રાત્રે કોઈ અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવી લોખંડની જાળી અને લાકડાની બારી તોડીને અંદર પ્રવેશ કરી તેલના ડબ્બા નંગ-૬ કિં.રૂા. ૭૫૭૫, રોકડ રૂા.૨૫૦૦, બ્રિસ્ટોલ પેકેટ નંગ-૨૫ કિં.રૂા.૧૧૦૦, મળી કુલ રૂા.૧૧,૧૭૫ નો મુદામાલ ચોરી કરી પલાયન થઈ ગયેલ. આ ચોરી સંદર્ભે કોકીલાબેન ઠક્કરે ચાણસ્મા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જેની પોલીસે તપાસ ચલાવેલ છે

લોકો દ્વાર રાત્રી પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ ઉઠી છે.